

ધારી (કાઠિયાવાડ)નો વન્યકુમાર • શિલ્પકાર : શ્રી વિનાયકરાવ કરમારકર
જે શિલ્પકૃતિ જોવા પોતે જીવ્યા નહિ તે સ્વ. ગાયકવાડ સરકારની છેલ્લી કલાઊર્મિ

કુમાર

આવતીકાલનાં નાગરિકોનું માસિક માર્ચ • ૧૯૩૯

તંત્રી • રવિશંકર રાવળ ★ સંપાદક • બચુભાઈ રાવત

अस्माकम्

મહાભારતના સૌથી યશોધવલ પાત્ર કર્ણ પરનું સુન્દરમ્‌નું કાવ્ય એમની સિદ્ધહસ્ત કલમ સાથે એવી જ સિદ્ધહસ્ત પીંછીની સંહતિથી કુમારના આ અંકનું પ્રથમ આકર્ષણ બની રહે છે. 'એવું કશું કર્ણ હતું જ તત્ત્વ કે' એ આખરી પ્રશ્નાર્થ કંડિકાઓમાં જ એના ઉત્તરનું સુરેખ સંગોપન સાધી લેખકે નિઃશંક આપણા અમર કાવ્યફાલમાં વરવા સ્થાનની અધિકારી એવી અમૂલ્ય કૃતિ આપી છે.

'ચિત્તાનો સામનો'ની શિકારકથા કુમારજીવનમાં જવાબદારી કરતાં વધુ માત્રામાં રહેલી જિદ્દ સાથે જોશનું આબેહૂબ નિરૂપણ કરતી લાગશે.

પોતાના કાર્યમાં નિઃસ્વાર્થ તન્મના સેવી ગએલા કર્મયોગીઓનાં ચરિતો આપણા માનસ પર હમેશાં પહેલું પરિબળ જમાવે છે; આ અંકમાં કેળવણીના ભેખધારી એવા જ એક કર્મયોગીનું ચરિત્ર આલેખાયું છે. કશી આડખીલીથી ઉદાસ ન થતાં પત્નીના દાગીના સુદ્ધાં વેચી કેળવણીનો યજ્ઞ આદરનાર એ શ્રી ચુનીલાલ શાહનું ચરિત્ર નિર્વ્યાજ સેવાનું અનુકરણીય ઉદાહરણ બની રહે છે.

શ્રી હરિકૃષ્ણ વ્યાસના 'નવી નજરે'માં જેટલું નાવીન્ય છે એટલો જ નજરનો વિસ્તાર છે. તમારી નજરની ક્ષિતિજ વિસ્તારવામાં પણ એ કદાચ સહાયભૂત નીવડે તો નવાઇ નહિ.

ખગોળ જેવો રસ, કુતૂહલ ને ગાંભીર્યભર્યો વિષય પણ આ અંકમાં આવી જાય છે અને તે ઇતિહાસકાળમાં માણસે છેલ્લા જ શોધેલા ત્રણ નવા ગ્રહ પરનો લેખ.

'વનવગડાનાં વાસી'ના શોખીનો તો આપમેળે 'લક્કડફોડા ને કંસારા' શોધી લેશે, અને 'મારી સફર'ના શોખીનો યે લેખક સાથે 'માયાવતી આશ્રમ તરફ' ધપ્યા સિવાય નહિ રહે.

ગાંધીજીના વિભૂતિમત્તાનો સુશ્લિષ્ટ વિકાસ આલેખતી 'જીવનનું પરોઢ'ની લેખમાળા તો તમને હવે અતિપરિચિત થઈ ચૂકી છે, છતાં આ અંકમાં નિરૂપિત મૃત્યુભય તરી જવાના તેમના કીમિયાનો નિર્દેશ કર્યા વિના નથી રહી શકાતું.

અને હવે અહીંથી અટકીએ તો? બાકી કહેવાનું તો કુમારનાં પાનાં તમને નહિ કહે?

કુમાર

માર્ચ ૧૯૩૯

અંક ૧૮૩

ચિત્રો

કાવ્ય


ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

મુદ્રક · બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂ. ૬ બ્રહ્મદેશના રૂા. ૬ાા. પરદેશના ૧૨ શિ.: મુંબાઇના ખાસ કૅન્વાસિંગ એજન્ટ અને જાહેરખબરના સોલ એજન્ટ શિષ્ટ સાહિત્ય ભંડાર પ્રિન્સેસ સ્ટ્રીટ; બીજા એજન્ટો: આર. આર શેઠની કં, સી. જમનાદાસની કં. રાવળ બ્રધર્સ પ્રિન્સેસસ્ટ્રીટ.



ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

ઉપરઃ 'સંધ્યાટાણું'–ભાઇ જયંત મધવાણી(મુંબાઇ), બીજું ઈનામ; વચ્ચેઃ 'સ્ટિલલાઇફ' –ભાઈ ચીમનલાલ ત્રિવેદી (નડીઆદ), નોંધપાત્ર; નીચેઃ 'ઓજસના ઓવારે'–ભાઈ હાજી આહમદ (રાજકોટ), ત્રીજું ઈનામ.



કર્ણ

ચિત્રકાર • રવિશંકર રાવળ

કુમાર
માર્ચ • ૧૯૩૯

દ્રૌપદી (કુમાર અંક ૧૪૭) પછી મહાભારતના એવા જ
પ્રાણવાન બીજા પાત્રનું એ જ કવિને હાથે કાવ્યાલેખન

કર્ણ

કવિ • સુન્દરમ્
સુશોભનકાર • રસિકલાલ પરીખ

અનુષ્ટુપ

સરિતા ઝલકાતી વ્હે ઝીલતી ભાનુભર્ગને
ઝૂલે છે નીરમાં એનાં અનેરું મનુપદ્મ કો.

રથોદ્ધતા

વિશ્વનાં સકલ પદ્મનો પિતા
વૃન્તથી ચ્યુત બનેલ એક કો
પદ્મને— વિકસિયા નિજાંશુથી,
ત્યાં તણાતું અસહાય જોઈ રૃહે.

વંશસ્થ

જગત્પિતાના કમનીય સૂનુને
અંકે ધરી, એ શિશુની ય માતથી
સુભાગી ઝાઝી નિજને ગણી નદી
લજાઈ આછું મરકી વહી રહી.



રથોદ્ધતા

તાતના વિપુલ તેજવૈભવો
તો ય કાષ્ઠપુટમાં પુરાઈને
પામી અંધ તમનો શું વારસો
બાળ જીવનપ્રવાહમાં રમરે?

દ્રુતવિલંબિત

અસુત સૂતતણા કરને વિષે
સરિત લેઈ ગઈ નવ બાળને,
પદમ શાં દગ ખોલી નિહાળતો
શિશુ શિશૂત્સુક બે દગપદ્મને.

વંશસ્થ

ન ભેર વાગી, નહિ બંદીઓ સ્તવ્યા,
પુરોહિતો મંત્ર લઈ ન ઊમટ્યા
વધાવવા એ શિશુજન્મ, માત્ર ત્યાં
હર્ષાશ્રુ રાધા નયનોથકી ખર્યાં.

અંધારે આરભી એવું જીવવું સુત સૂર્યનો
પ્રકાશી પૌરુષે ઊઠ્યો ઝાઝેરો શત સૂર્યથી.

(૨)

ભારોભાર ભર્યો વીર્યે સૂર્ય દેવાધિદેવના
કૌન્તેયો મહીં તે શ્રેષ્ઠ જન્મેલા ઈન્દ્ર આદિથી.


વૈતાલીય

વિધિએ તુજ કાજ નિર્મિયું,
થઇ પ્યાદું જીવવું ભવાહવે,
પણ તેં વિધિથી વધી જઇ
રચી ગાથા અભિજાત ગૌરવે.

રથોદ્ધતા

દૈવપ્રાપ્ત અકુલીનતા તણા
શ્યામ તાર મહીં ભાત પૂરીને
પૌરુષે ઝળકતાં સુકાર્યની
શો અપૂર્વ કિનખાબ તેં વણ્યો!

રાજ્ય? રાજપદ તેં ક્ષણેકમાં
પક્વ આમ્રફલ શું ચૂંટી લીધું,
કૌરવોની અસહાયતા તણા
ચાપમાં પણછ થૈ ચડી ગયો.



અંગના અધિપ! ઉચ્ચ વિક્રમે
રાજમંડળ મહીં વિરાજતો,
રાજલક્ષ્મી વરી, કીર્તિલક્ષ્મી યે,
એક ના વરી તને જ દ્રૌપદી.

દ્રૌપદી સમ કૃપા ગુરુની યે
ના તને વરી પ્રચણ્ડ ક્ષત્રને,
દ્રૌપદી ડરી જ સૂતપુત્રથી
ગુરુકૃપા ય ડરી ક્ષત્રપુત્રથી.

કે અધન્ય રહ્યું એ અલગ્નથી
જાણું ના, પણ સુધન્ય સૃષ્ટિ થૈ
જાણી કે, જગતમાંહિ બેજમાં
ક્ષાત્રતેજ વસ્યું કર્ણ–અર્જુને.



દ્રૌપદી દૃગ મીંચી વરી ’ર્જુન,
વીર્યશ્રી પણ સમાન બેઉમાં
એકનું વરણ ના કરી શકી
કર્ણમૃત્યુ લગી સંશયે ઝુલી.

(૩)

કૌરવી કુલકાન્તારે તું યે માતંગ વન્ય શો
વસ્યો, દૌર્જન્યની છાંયે ઢંકાતો મદઝૂલતો.

દ્રુતવિલંબિત

તિમિરને કદી ના સહનારનો
સુત ઘડી તિમિરે જ રહ્યો ડુબી,
વસનહીન થતી સતી દ્રૌપદી
નિરખતાં નહિ આંખ તને ડસી.

વળી સુદીન સુયોધન સંગમાં
વન વિષે વિજયી ન શક્યો થઈ,
કુટિલ કૌરવનીતિની નીકમાં
પ્રગળ પૌરુષ તારું ગયું વહી.

કુરુસુતોતણી દુર્ગુણતા તણાં
જલથી સિંચિત જીવન તાહરે
વિમલ પક્ષપિતાતણું બીજ હા
વિકસી કોચ બની ક્ષણ રે રહ્યું.

સકળ એ લઘુતા કુરુચિત્તની
લઘુક ભૂમિ પરે વધી ગંજ થૈ,
લઘુક એ તણખો ઇરિખા તણો
થઈ દવાનલ ભૂમિ દહી વળ્યો.



(૪)

કૃષ્ણના મુખથી તારા કુલની તેં કથા સુણી,
અગ્નિમાં ઓગળેલાને વ્યર્થ વારિકણી સમી.

રથોદ્ધતા

કર્ણ! કેશ શિરથી જ પીંખતાં
કૃષ્ણનાં વચન તું સુણી રહ્યો.
'આજ એહ ઘટના કહો જ કાં,
જાણકાર ધરથી તમે જ જો?
સંભવે કથન સત્ય આપનું,
તો ય કૌરવશું ભાગ્ય માહરું
જન્મથી જ જકડી દીધું તમે.
જાવ, ના ડગ લીધું હવે ફરે.'
કૃષ્ણ ચૂપ થઈ, રાશ અશ્વની
ખેંચીને શિબિર પાંડવો તણે
પ્હોંચિયા, અક્રૂર યુદ્ધની સ્થિતિ
જાણી વ્યૂહરચના વિષે મચ્યા.
કિન્તુ એ વિજયના વિમર્શમાં
કર્ણ એક દુરજેય ટૂંક શો
તાતદત્ત કવચે ય કુંડલે
રાજતો નજરમાં રમી રહ્યો.

એ અવધ્ય અવિજેય યોધને
વધ્ય-જેય કરનાર વિશ્વમાં
આત્મઘાત વિણ અન્ય કૈં ન'તું,
ચિત્ત કૃષ્ણતણું એમ ચિંતતું.



તાત તત્પર થયો જ પાર્થનો
યાચવા સ્વસુત કેરું રક્ષણ.
સ્વર્ગનો અધિપ દીન ભિક્ષુ થૈ
ટેકના અધિપ પાસમાં પળ્યો.

(૫)

દાનની જાહ્નવી તીરે વિરાજ્યો વસુષેણ ત્યાં
પૃથ્વીમાં યાચકોકેરું યાચનાતીર્થ પુણ્ય થૈ.

શાલિની

કાને આવેઃ 'દેહિ ભિક્ષાં, વરેણ્ય!'
ધ્યાને ડૂબ્યાં કર્ણ નેત્રે ખુલે છે.
'શું ઇચ્છો છો?' પ્રશ્ન ત્યાં ઉત્તરાતોઃ
'તારાં યાચું કુંડળો ને તનુત્ર.'

'ના ના દેતો.' ભાનુની દિવ્ય વાણી
વારે છે ત્યાંઃ 'ઇન્દ્ર એ છદ્મ રૂપ
યાચે તારું મૃત્યુ ને પાણ્ડવોની
આ સંગ્રામે જીત; ના મૂઢ થાતો.'

'હો એ ઇન્દ્ર, મૃત્યુ હો વા સ્વયં હિ,
યાચ્યું એનું પામશે એ ધ્રુવં હિ.'
'તો યાચી લે શક્તિ એની અમોઘ.
બેટા, યુદ્ધે જીતવા શું સ્પૃહા ના?'

'યુદ્ધે? જીતું જીવને તો ઘણું યે.'
બોલી તેણે અંગથી એ ઉખેડી
તાતે દીધાં રક્ષણો, આપી દીધાં
દૈન્યે ડૂબ્યા ઇન્દ્રના હસ્ત માંહે.



રથોદ્ધતા

એમ કર્ણ કરી વધ્ય એ ગયો
તો ય એહ કરમાં અમોઘ તે
શક્તિને અક્રૂર દેઈ, પાર્થથી
કર્ણને અતિબલી કરી ગયો.

(૬)

અને ત્યાં યાચવા રક્ષા કુન્તા પુત્રોતણી પળી,
વદને ધારીને ઘેરી દીનતાકેરી વાદળી.

રથોદ્ધતા

'કર્ણ!' 'કોણ? જનની સુપુત્ર તે
પાંચ પાંડવતણી?' 'હું તે જ હા!'
'ધન્ય હું, કયમ કૃપા લહું જ આ?'
'પાંડવો છ કરવા હું આવી છું,'

'એ શું?' કર્ણ ચમકી વદે અને
કુન્તીના મુખથકી સુણી રહે
જન્મની નિજ કથા પુનઃ, તથા
કૈં પ્રલોભન સુરમ્ય રાજ્યનાં.

'પાટવીપદ ચ પાંચ ભાઈની
ભક્તિ, દ્રૌપદીતણો જ પ્રેમ ને
રાજ્યનું તિલક પામતાં જય,
કીર્તિ જીવન અલભ્ય અક્ષય.'

કુત્કૃતિ વદનથી સરી જતી
રોકી કર્ણ ધરી ધૈર્ય ઉચ્ચર્યો:
'વાત આજ, અતિ મોડી તોય તે
આપના મુખથી જાણી ધન્ય છું.

જાણું છું કંઈક કાલથી કથા
આ મનુષ્ય–ઉર–ભીરૂતા તણી.
કિન્તુ માત થઇ ધર્મનાં તમે
કાં અધર્મ જ કરાવવા પળ્યાં?

હું હવે શું થઉં પુત્ર પાણ્ડુનો?
હું અમિત્ર શઉં કૌરવો તણો?
વૃક્ષ પૌરુષનું મારું જ્યાં ખીલ્યું,
માહરાં ફળ જશે જ ત્યાં ખરી.

તો ય જાવ નહિ મારું અન્યને:
પાંચ પાણ્ડુસુતમાંથી માત્ર છે
પાર્થ એક બસ લક્ષ્ય માહરું,
એહને હણીશ કે હણાઈશ.

ને તમે જનની પાંચ પુત્રની
ના કદાપિ મટશો જ; અર્જુન
જો મરે, હું તમ પુત્ર થૈશ; વા
હું મરું, તમ અખંડ પાંચ છે.

જાવ માત, અહીં ધર્મક્ષેત્રમાં
ધર્મ કેવળ ન પાણ્ડવો કને.
આ અધર્મ પણ ધર્મની રીતે
આદરી અહીં રહ્યા અમે ગણું.'

ને કઠોર નિજ ધર્મ પાળતો
તો ય માત ઉર–વ્યગ્રતા–વ્યથા
જાણી અંતરવલોણું સંયમી
કર્ણ તત્પર કરી રહ્યો જ જવા.

(૭)

ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે મંડાયું ત્યાં અપૂર્વ કો
ધર્મને રક્ષવા દુષ્ટો હણવા યુદ્ધ ભારત.

રથોદ્ધતા

ધર્મને બહુ પિછાણતા છતાં
કૌરવો ન ગ્રહી ધર્મને શક્યા,
માનવીહૃદયમાં વસેલ એ
વૃત્તિઓ જ ઉતરી શું યુદ્ધમાં!

એકએક થકી ઉચ્ચ વિક્રમી
વીર પક્ષ ઉભયે ઝુઝી રહ્યા,
એક વૃક્ષ જ તણી શું ડાળી એ
સ્પર્ધતી વિજય જાતી પામવા!

કિન્તુ એ ફળી ફુલેલ ડાળનાં
સૌ ગ્રસી ફળ ગયો કૃતાન્ત ત્યાં,
ને રહ્યું જ અવશેષ માત્ર ત્યાં
ઠૂંઠું એક નૃપવંશવૃક્ષનું.

એ મહાહવ મહીં દિને દિને
ભીષ્મદ્રોણ થકી પૂર્ણ રક્ષિત,
સૈન્ય કૌરવ તણું થતું ગયું
ક્ષીણ જેમ જલ અબ્ધિ-ઓટનાં.

તે પિતામહ સુવૃદ્ધ ભીષ્મને
ભક્તિપૂર્વક રચેલ બાણના
તીક્ષ્ણ વીર શયને સુવાડીને
પૌત્રકર્મ કર્યું યોગ્ય અર્જુને.

ને પછી સુગુરુ દ્રોણની મહા
અસ્ત્રવૃષ્ટિ સમરે અનન્ય થૈ
માત્ર ધર્મછળથી જ એમનું
ધૃષ્ટદ્યુમ્ન શિર છેદી હા શક્યો.



એ સુઘોર દિન પૂર્વરાત્રિએ
કર્ણનું અતુલ શસ્ત્ર—ઇન્દ્રની
શક્તિ કૌશલ થકી ખપાવી ગ્યો
પ્રાણને ખપવીને ઘટોત્કચ.

(૮)

યુદ્ધની ઘોર ભૂમિમાં સોળમો દિન ઊગિયો,
સારથ્યે શલ્યના કર્ણ વિજિગીષુ રણે ચડ્યો.

રથોદ્ધતા

કુંડળો કવચ પાસ ના હવે,
ઇન્દ્રશક્તિ પણ હા હરાઈ'તી;
ને શિરે ભમત શાપ બાજ શા
બે હતા દ્વિજ અને ગુરુ તણા.

સંમુખે વળી રથે જ શલ્યના
મોંથી શલ્ય સમી વૃષ્ટિ શબ્દની
ક્યારની ય રહી વીંધી મર્મને,
શત્રુના શર થકી ય કારમી.

ત્રાણ-અસ્ત્ર-સુસહાયહીન એ
શાપદગ્ધ, અતિત્રસ્ત સાર્થથી.
સારથી-કવચહીનતા સ્વયં
નોતરી અજય નોતર્યો હતો.

તો ય વિક્રમ ઉપાસ્યું જન્મથી
કેમ તે રગરગેથી ઓસરે?
મારું અર્જુન મરાઉં વા સ્વયં,
એક માત્ર સ્વર કર્ણ ત્યાં રટે.

ધર્મભીમસહદેવ આદિ પે
શસ્ત્રપાત તણી વ્યર્થ કાં કૃપા?
ટાળી માર્ગ થકી એ સહુયને
કર્ણ અર્જુન ભણી રહ્યો ધપી.

શ્વેત અશ્વ રથ પાર્થના તહીં
કૃષ્ણ-કૌશલ થકી સુચારિત,
કર્ણના હય સમક્ષ યુદ્ધમાં
ઘેરૂં ઘોર હહણી તહીં ખડા.

શલ્યના મુખથી શલ્ય: 'લે અલ્યા
સૂતપુત્ર! અહીં પાણ્ડુપુત્ર આ
તારી આગળ ખડો સુદર્શન
દુઃખજેય તવ શક્તિ દાખવ!'



તીવ્ર એક કરી પાત દૃષ્ટિનો
શલ્ય પે, વચનથી ન, બાણથી
કર્ણ ઉત્તર દિયે જ કારમો,
દિગ્ધરા નિજ શરોથી ઢાંકતો.

(૯)

યુદ્ધમાં પુત્રનાં કર્મ આકરાં ઝળશે હજી,
ચિતી પોઢેલ ભાનુનાં ચક્ષુ પાછાં ખુલે ત્યહીં.

રથોદ્ધતા

કર્ણ ક્રુદ્ધ થઈને કૃતાન્ત શો
કૈં અમોઘ શર સાંધતો ગયો.
પાર્થ ત્યાં ય શર વીર શત્રુના
કૃષ્ણ સ્હાય થકી વારતો ગયો.

મિશ્ર વંશસ્થ

અંતે, સુગોપ્યું બહુ પાર્થ મારવા
ને પૂજી સોનારજમાં સુવાડીને
અમોઘ જેને કીધ તેહ કાઢીને
આકર્ણ જ્યા કર્ષી બલાઢ્ય કર્ણ
વ્હેતું મૂકયું શર યમકર શું પાર્થકેરી દિશામાં.

દિશા અને ત્યાં નભ થ્યાં ઝળાંઝળાં
ઉલ્કા ખરી ઘોર અનેક આભથી;
તે પાર્થના કાતિલ શત્રુ નાગને
કંઠે ધરી અર્જુન મેર હા ધસ્યું.

અશ્વો ઝુકાવી જ અતીવ કૌશલે
સર્વજ્ઞ કૃષ્ણે શર વ્યર્થ એ કર્યું.
અર્જુનનું શીશ ચહંત બાણ એ
કિરીટ લૈ માત્ર ગયું કિરીટીનો



ને નાગ ભોંઠો પડી, કર્ણ પાસ જૈ
છતો થઈ, પાર્થ વધેરવાને
સહાય દેવા તલસ્યો, પરંતુ

કર્ણે કહ્યું 'રે મર, તારી સ્હાયથી
શું પાર્થને કર્ણ રણે જ મારશે?'

ને ઉગ્ર આંખે ગુરુ 'રામથી મળ્યાં
શસ્ત્રો સ્મર્યાં—જે ઘણું યે મથ્યાં હતાં
નક્ષત્રી પૃથ્વી કરવા અનેકશઃ,
સંહારવા આ નર ક્ષત્રિયોત્તમ.

ચડાવિયું જ્યા પર બાણને જ્યાં
વિદ્યા સરી સર્વ સ્મૃતિથી બાણની,
ને રે હતૌજસ્ થઇ વીર કર્ણ
સુરિક્ત કો ભાણ્ડ મહાન શો ખડો.

ને શાપ બીજો દ્વિજનો ય ત્યાં ચડયો,
અશક્તને જેમ ચડે જ પ્રજ્વર,
ધરા ગ્રસી ત્યાં રથચક્રને રહી
વ્યાલી સમી કો અતિકાય પક્ષીને.

આધાર એ જીવનનો—ધરિત્રી
ગ્રસંત તેનું રથચક્ર-તેહને
આરાધવા કર્ણ અધીર ઊતર્યો
ત્યાં પાર્થ-ચાપે શર ઉગ્ર રે ચડયું!



'રે રાખ! આ ધર્મ્ય નથી જ યુદ્ધ!
પોકારતો કર્ણ, ધરાથી ચક્ર
ખેંચી રહે છે બલથી, અને ધરા
ગ્રસ્યે જતી, કૃષ્ણની વાણ એનું
રહ્યુંસહ્યું ધૈર્ય ગ્રસી જ રે ગઇ!

'રે ધર્મભક્ત! કયહીં ભક્તિ ધર્મની
એકાંતિકા તેં કરી છે કદી ય કે?
કહે, કૌરવોને સહુ કૂટ કર્મમાં
તું યે હતો શું નહિ પ્રેરનાર?'

બે શત્રુ સામે ત્યહીં કર્ણ ઝૂઝતો
ધરા અને પાર્થની અસ્ત્રવૃષ્ટિ શું
ધરા ગ્રસંતી હતી ચક્ર, કર્ણની
વિદ્યા ગ્રસી ગૈ શર સર્વ પાર્થના,
કરંતી તેને ક્ષણ સંશયાકુલ.

'હવે વિલંબાવ ન મૃત્યુ કર્ણનું.'
કૃષ્ણે કહ્યું, અર્જુનના નિષંગથી
છૂટેલ અસ્ત્રે શિર કર્ણનું ત્યાં
ઉતારી લીધું, જયમ પુષ્પ વૃન્તથી.

એવી રીતે પાણ્ડવશત્રુ ઊર્જિત
ધરા ઢળ્યો, સત્તરમા દિને, ને
હજી ય આશા જયની કરંતા
તે કૌરવો કાજ બન્યો જ દુર્દિન!



રવિની અરુણા આભા તે દિને અસ્ત પામતાં
પૂર્વે સૌ દિનથી ઝાઝાં રડી રક્તાશ્રુના ઝરા,
કર્ણના વધકારુણ્યે પીગળ્યું વ્યોમ, ના ધરા.

[૧૦]

અજાણ્યો જન્મ, ને મૃત્યુ એવું યે અસહાય હા,
શસ્ત્રહીન ગતિહીન દશામાં ધરણી ઢળ્યો.

શ્યામળાં બિન્દુ બે વચ્ચે લીટી શું તીવ્ર તેજની
તારી આયુઃકથા કર્ણ દિવ્ય કૈં ભર્ગથી ભરી.

પ્રભાના વ્યોમસંચારે અભ્રો કાળાં ય આથડી
વચમાં આવરે તેની નિર્મળી પાવક દ્યુતિ,
તેમ કૈં તાહરાં કર્મો કૃષ્ણ જે કૃષ્ણ ઉચ્ચર્યાં
હશે, એ કૂટ કાલે ત્યાં કોને મેશ નથી અડી?

ધર્મને રક્ષવા કૃષ્ણે અધર્મો યે ન છોડિયા;
કર્ણ, ત ધર્મને કાજે અધર્મ ન તજ્યો ગ્રહ્યો.

મિશ્ર વંશસ્થ

એવું કશું કર્ણ, હતું જ તત્ત્વ કે
જે અર્થ તેં કૃષ્ણની કાકલૂદી
ઉવેખીને પાણ્ડવ થૈ જવાની,
ધારી રહ્યો નામ જ સૂતપુત્રનું?

એવું કશું કર્ણ, હતું જ તત્ત્વ કે
તું જાણતો ઇન્દ્ર છતાં ય તેં દીધાં
ઉતારીને કુંડળ દાનમાં કવચ
અવધ્યતાને તજી વધ્યતા ગ્રહી?

એવું કશું કર્ણ, હતું જ તત્ત્વ કે
કુન્તી તણી આર્જવવંત આરઝૂ
નકારી તેં પાણ્ડવપૂજ્ય થૈ રહી
નૃપાલના યે બનવા નૃપાલની?

એવું કશું કર્ણ, હતું જ તત્ત્વ કે
બે શાપ માથે ભમતા હતા છતાં
ને જીતવા પાર્થ સ્પૃહા ઘણી છતાં
તે નાગને તેં તરછોડી કાઢ્યો
આવ્યો સ્વયં જે તવ સ્હાય અર્થે?

એ તત્ત્વ તારો જય છે ચિરંતન,
મૃત્યુ રણે તે નહિ મૃત્યુ, જીત ત્યાં
મળેલ તે જીત નથી કદાપી,
જે જીતતો જીવનજંગ તે જયી.

તે જન્મથી રે અપમાનની ઝડી,
વિદ્યાગુરુ પાસ કસોટીની ઘડી!
તે દ્રૌપદીબોલ શું મર્મ દાહતા!
ને પાંડવોની પડછંદ ધિક્કૃતિ!

ને ત્યાંથી ઊંચા શિખરોનું દર્શન,
નૃપત્વનું ઉજ્જવલ ભાલઅર્ચન.
ને જ્ઞાન તો યે નિજ શત્રુતાતને
અર્પી સ્વરક્ષા, યમને નિમંત્રણ.

આ ઉચ્ચતા, આ કપરી જ-તાવણી,
હૈયાતણાં આ ઘમસાણ ઘોર,
કોણે ઝીલ્યાં વજ્જર છાતીએ હા?
કો અર્જુને? ભીમ યુધિષ્ઠિરે કો?

અધર્મ ગર્તે પણ ધર્મભાવથી
એવો ટકી કોણ જ અન્ય ત્યાં રહ્યો?
આવો પ્રચણ્ડોજ્જવલ મૈત્રીભાવ
વિના તું બીજે કયહીંથી કદી વહ્યો?

વૈતાલીય

વિધિની જગધારણાર્થ એ
પ્રકટેલા કુરુપાણ્ડુ યુદ્ધમાં
લઘુ તો યે અતિ ઘટ્ટ વજ્રનું
ચણિયારું અનિવાર્ય તું થયો.

અનુષ્ટુપ

તોળાયાં તું પરે મોટાં દ્વારો તોતીંગ યુદ્ધનાં
મૂકીને છેવટે તેં એ તોડ્યો સંગ્રામ સર્વથા
જય, હે જયના સ્રષ્ટા! પૂજ્ય હે પાણ્ડવોતણા!
અંજલિ શ્રાદ્ધની છેલ્લે તને છે ધર્મથી મળી!
જય હે ભાનુના ભર્ગતણા વર્ચસ્વી વારસ,
તારી યશઃકથા તીણા ત્યાગના ટાંકણા થકી
કોરેલી અંતરે ધારી રહેશે કાલ-આરસ!



(૧) વૃન્ત-દાંડલી; સૂનુ-પુત્ર; કર્ણ-સૂર્યથી કુન્તીનો પુત્ર, તેને નદીમાં વહેતો મૂકી દીધેલો તે અપુત્ર સારથીને હાથ આવતાં તેની સ્ત્રી રાધાએ ઉછેર્યો; (૨) કૌંતેયો-અર્જુન વગેરે કુન્તીના બીજા પુત્રો; અભિજાત-ઉચ્ચ; અકુલીનતાના આવા દૈવયોજિત શ્યામ તારમાં પુરુષાર્થનાં ઝળકતાં કાર્યો ગૂંથી તેણે અપૂર્વ જીવનકિનખાબ વણ્યો; કાન્તાર-મહાવન (૩) મહાભારતનો દાવાનળ સળગ્યો; (૪) કૃષ્ણે જઈ કર્ણને એની કુલકથા કહી પાંડવપક્ષે ભળવા સમજાવ્યો, પણ વ્યર્થ: વિમર્શ-વિચારચક્ર; પાર્થ (અર્જુન)નો તાત ઇન્દ્ર સૂર્યે દીધેલાં કર્ણનાં રક્ષણકારી કવચ અને કુંડલ દાનમાં માગવા ભિક્ષુક રૂપે આવ્યો; (૫) વસુષેણ-કર્ણ; છન્દ-છૂપું; સૂર્યે તેને ચેતવ્યો; પણ કર્ણે ન માનતાં ઇન્દ્રને ભીક્ષા દીધી; બદલામાં ઇન્દ્ર તેને અમોઘ શક્તિનું વરદાન આપી ગયો; (૬) હવે કુન્તા પોતાના અર્જુનાદિ પુત્રોનું અભય યાચવા કર્ણ પાસે આવી: પાંડવો પાંચ છે તેના છ કરવા આવી છું; કર્ણ અડગ જ રહ્યો; જ્યા-પણછ; (૭) યુદ્ધ શરૂ થયું; જાણે માનવહૃદયમાં વસેલી બે વૃત્તિઓનું જ એ યુદ્ધ હતું, કૃતાન્ત-કાળ; મહાહવ-મહાયજ્ઞ; ભીષ્મ બાણશય્યા પર પોઢયા; ધૃષ્ટદ્યુમ્ને છળથી દ્રોણને હણ્યા; ઇન્દ્રની દીધેલી કર્ણની અમોઘ શક્તિ ઘટોત્કચને મારવામાં ખપી ગઈ; (૮) યુદ્ધનો સોળમો દિવસ: ત્રાણ-રક્ષણ; સુચારિત-સારી રીતે દોરેલા; (૯) હજી પોતાનો પુત્ર ઝાઝાં પરાક્રમ કરશે એમ વિચારી પોઢેલા સૂર્યદેવે ફરી ચક્ષુ ખોલ્યાં-યુદ્ધનો સત્તરમો દિવસ ઊગ્યો; અંતે કર્ણે છેલ્લું નાગાસ્ત્ર અજમાવ્યું; સુગોપ્યું-સારી રીતે રાખેલું; આકર્ણ જ્યા કર્ષી-કાન લગી પણછ ખેંચીને; ઉલ્કા-તારા; પણ કૃષ્ણે કુશળતાથી ઘોડો ઝુકાવી નાગાસ્ત્ર ચુકાવ્યું અને તે અર્જુનનો કિરિટ (મુકુટ) માત્ર લઇને ગયું; નાગે કર્ણ પાસે જઈ છતા થઈ સહાય કરવા કહ્યું; પણ કોઇની સહાયથી અર્જુનને મારવાનું કર્ણે નકાર્યું; અને પરશુરામે પૃથ્વી નક્ષત્રી કરવા વાપરેલાં શર જે પોતાને મળ્યાં હતાં તે કાઢ્યાં; 'રામથી-પરશુરામથી; પણ જેવું બાણ પણછ પર ચડાવ્યું તેવી પરશુરામના શાપની અસરથી વિદ્યા બધી ભૂલી ગયો; તરત બીજો શાપ પણ ઘેરો વળ્યો અને તેના રથનું ચક્ર પૃથ્વીમાં ખુંચી ગયું; તે કાઢવા કર્ણ રથથી નીચે ઊતર્યો તેવું જ અર્જુને ચાપ પર બાણ ચડાવ્યું; આ અધર્મ સામે કર્ણ સંશયાકુલ થઇ રહ્યો ને લડયો; અંતે અર્જુનના બાણે કર્ણનું માથું ઉતારી લીધું; નિષંગ-ભાથું; ઊર્જિત-મહાબલિ; (૧૦) 'એવું કશુ કર્ણ હતું જ તત્વતે' એ આખરી પ્રશ્નાર્થ કંડિકાઓમાં જ એના ઉત્તરનું સુરેખ સંગોપન સાધી લેખકે મહાભારતના એ પ્રતાપવાન પાત્રનું કરેલું આલેખન નિઃશંક આપણા અમર કાવ્યકાલમાં વસવા સ્થાનની અધિકારી એવી અમૂલ્ય કૃતિ આપે છે.



'ચિત્તો બેઠેલો જોયો ને બાબુસાહેબ પૂતળું બની ગયા!'

ચિત્તાનો સામનો

ચિત્રકાર • રવિશંકર પંડિત

બાબુ વિશ્વેશ્વરપ્રસાદ સિંહ પટનાના શ્રીમંત જમીનદાર હતા. ઉનાળામાં એક બે મહિના નૈનિતાલની હવા ખાવા આવતા. નૈનિતાલમાં મકાનની વ્યવસ્થા ન થઇ શકી અને ભીમતાલમાં રહેવા આવ્યા. એ જ મકાનમાં હું અને પંડિત હરપ્રસાદ ઊતર્યાં હતા.

રાતે સ્થાનિક મિત્ર મોતીરામ આવે. ગપ્પાં લડાવીએ અને ઊંઘ ઘેરાય ત્યારે સૂઈ જઇએ. આંખમાં ઊંઘનો પડછાયો પણ ન રહે ત્યારે જ ઊઠીએ. હાથે રાંધીને પરવારતાં એક વાગે. ખાઇ પીને બેસીએ કે અન્નનો નિશો ચડે. હિમરાજની ઠંડી ફૂંકો તબિયત તર કરી દે. પછી ઊંઘ્યા વિના ચાલે જ કેમ? ઊંઘીએ તે ઠેઠ સૂરજ ઢળતાં સુધી. ઊઠીને બેસીએ કે મોતીરામ આવે અને ચાલે ગપ્પાં. સાંજ થાય ને રાંધવાનું ચાલે. આમ મકાનમાં જ દિવસ પૂરો થતો. અમારી આ મસ્તી જોઇને બાબુ સાહેબે તો અમને પૂરા એદી જ સમજી લીધા.

આઠમે દિવસે બાબુ સાહેબ સવારમાં ફરવા ગયા અને લોહીવાળે કપડે પાછા આવ્યા.

'બાબુ સાહેબ, આ શો ખેલ ખેલી આવ્યા?' પંડિતજીએ પોતાના વિનોદી સ્વભાવે પૂછ્યું.

'જીવતો આવ્યો એ કહોને?' બાબુ સાહેબે કહ્યું.

વાત બની એમ, કે બાબુ સાહેબ ત્રણેક માઇલ દૂર ચાલ્યા ગયા હતા. માર્ગ છોડીને કેડીએ ચાલતા હતા. લઘુશંકા કરવા બાજુ પર ગયા. ઝાંખરાની ઘીચ ઝાડી જેવું હતું. અંદર ઘૂસીને બાબુ સાહેબ માથું ઊંચું કરે ત્યાં સત્યાનાશ! દસ ડગલાં દૂર જ ચિત્તો બેઠો જોયો. આ વખતે એમની શી સ્થિતિ થઇ હશે, એ તો પોતે જ વર્ણવી શકે.

બાબુ સાહેબ પૂતળું બની ગયા. મસ્તિષ્ક શૂન્ય બની ગયું. ન પાછો પગ પડે કે ન આગળ. કિંકર્તવ્યવિમૂઢ થઇ ઊભા.

ચિત્તાને આશ્ચર્ય તો થયું જ હશે કે આ બે માથાનો માનવી કેવો? કોઇ મૃત્યુંજય હશે, કે મરણિયો વીર હશે! નહિ તો આમ બેધડક સામે આવીને ઊભા રહેવાની હિમ્મત કોણ કરે! હજી સુધી તો પોતાનાથી ડરીને નાસતા માણસો જ એણે જોયા હતા. આ કોઇ અજબ માનવી! આવાં સામટાં આશ્ચર્યે ચિત્તાજી થાકી ગયા. ધારી ધારીને એ મરણિયાને જોતા હોય તેમ બેઠાબેઠા જ તાકી રહ્યા.

બાબુ સાહેબ ભયના ઘેનમાંથી જાગૃત થયા, કે

'અરે! હું ઊભો કેમ! ચિત્તા સામે!' સાવધાન થતાં ઉપાય સૂઝે જ. બાબુ સાહેબ પાસે બીજો કોઇ ઉપાય હતો જ નહિ. સીધો, સાદો અને ઝટ થાય એવો 'નાસવા'નો ઉપાય અજમાવ્યો. આ સર્વવ્યાપી ઉપાયમાં ઘણી વખત સફળતા મળે છે. બાબુ સાહેબ એક જ વળાંકે ઝાંખરામાંથી બહાર નીકળી ગયા. ચિત્તો પાછળ આવે છે કે કેમ એ જોવા જેટલી ધીરજ નહોતી. સીધી કેડીએ નાઠા. એમનું વજનદાર શરીર ભયના આવેશથી હળવું ફૂલ થઇ ગયું. જમીન ઉપર રબ્બરનો દડો ઉછળતો જાય એમ કૂદતા નાઠા. પગના સ્નાયુઓ તો તંબૂરાના તાર પેઠે કાંપતા હશે એથી પગ ઊંચોનીચો પડે છે એ કંઇ ખ્યાલમાં જ નહિ હોય. પગ એક પત્થર ઉપર પડ્યો, પત્થર ગબડ્યો. બાબુ સાહેબે દંડવત્ કર્યાં. કપાળમાં અથડાયો પત્થર. માથું ફૂટ્યું ને લોહી નીકળ્યું.

બાબુ સાહેબે ચિત્તાની વાતની શરૂઆત કરી ત્યારે અમે ધારેલું કે ચિત્તા સાથે ઝપાઝપી થઇ હશે. ચિત્તાએ ઘાયલ કર્યાં હશે અને લોહી નીકળ્યું હશે.

સાંજે મોતીરામ આવ્યો. તેને વાત કહી.

'એક ગાય મરાયાના ખબર ત્રણ ચાર દિવસ પહેલાં મળ્યા હતા ખરા. કદાચ એ જ ચિત્તો હોય.' તેણે કહ્યું.

'તપાસ તો કરાવો. પત્તો લાગે તો શિકાર કરીએ.'

'એની મેળે મળી રહેશે' મોતીરામે કહ્યું.

આજુબાજુ વાઘ કે ચિત્તાની રંજાડ વધતી ત્યારે મોતીરામને ખબર મળતા જ. શિકાર ખેલવા આવનારાઓને મોતીરામ જ ખબર પૂરા પાડતો. પણ અમને એક ભય હતો. ઉનાળાની ઋતુ હોવાથી ઘણા સરકારી અમલદારો નૈનિતાલમાં હતા. અંગ્રેજ અમલદારોમાં શિકારનો શોખ ઘણાને હોય છે. તેમને ભાળ મળી ગઇ તો પછી અમારે ચૂપ જ રહેવાનું. શિકાર ખેલવા માટે ખાસ પરવાનો લેવો પડે છે. એ સગવડ તો અમને ભાગ્યે જ મળી શકે. એટલે એ બધી પંચાત બાજુ પર રાખીને અમારે શિકાર ખેલવો હતો.

મોતીરામ ચોક્કસ ખબર મેળવી શક્યો નહિ.

'તો ચાલો શોધવા નીકળીએ. સફર પણ થશે અને આનંદ પણ મળશે.' પંડિતજી બોલ્યા.

'એમ જ; ક્યારે પાકા ખબર મળે અને ક્યારે શિકાર ખેલી શકાય એ નક્કી નહિ.' મેં કહ્યું.

'તો પછી ચાલો.' મોતીરામ પણ સંમત થયો.

બીજે દિવસે સવારમાં ખાઇ પીને તૈયાર થઇ ગયા. બાબુ સાહેબને વાત કહી. એમણે તો ચોકખી ના સુણાવી. હું આગ્રહ કરવા લાગ્યો. ખાસ આગ્રહ તો બંદૂક ખાતર હતો. એ પોતે તો બોજારૂપ હતા.

'જવા દોને, એમને નકામા તકલિફમાં ઉતારવા! બંદૂક જોઇશે તો આપશે જ.' પંડિતજીએ બંદૂકની આડકતરી માગણી કરી.

'જોઇએ તો લઇ જાઓ' બાબુ સાહેબ બોલી ગયા.

અમારે પણ બીજું શું જોઇતું 'તું? પચીસ કારતૂસ સાથે બંદૂક લઇ લીધી. મોતીરામ પાસે બંદૂક હતી જ. પંડિતજી પાસે તમંચો હતો. ત્રણે ય પાસે હથિયાર આવી ગયાં. મેં બાબુ સાહેબનો તમંચો જ માગી લીધો. બંદૂકનો ભાર વહન કરવો અને કૂંદો છાતીએ ભીડવવો પસંદ નહોતું.

પાંઉં, ચણા અને એક જાતનાં ફૂલોના રસનો ગોળ થેલીમાં ભરીને મોતીરામે લઇ લીધાં. એક ગામડામાં જ રાત વિતાવવાનો વિચાર હતો.

પંડિતજી સાથે હોય એટલે શારીરિક શ્રમને સ્થાન મળે જ નહિ. તેમના વિનોદી વાર્તાલાપે જગા રોકી લીધી જ હોય.

બાબુ સાહેબને જ્યાં ચિત્તાનાં દર્શન થયાં હતાં એ સ્થાને પહોંચ્યા. સંભાળપૂર્વક બધે જોયું. પાંચ કે સાત દિવસ પહેલાંની સૂકાએલી હગાર જોઇ. હાડકાંના ટુકડા ભળેલી હગાર એની જ હોય એમાં શંકા ન રહી.

'આઠ દિવસમાં જ એણે તૃપ્તિકર શિકાર મેળવ્યો હશે.' પંડિતજી બોલ્યા.

'એમ કરીએ, પાસેના ગામડામાં જ જઇએ. કંઇક ખબર મળશે. આમ તો આપણે ક્યાં ભટકીશું?' મેં કહ્યું,

'એમ જ કરવાનું છે.' મોતીરામે કહ્યું.

ચાલતી પકડી. જંગલનો ખોળો ખૂંદતા બપોર થતાં થતાં એક નાના ગામ નજીક પહોંચી ગયા. ગાયો અને એક બે ઘોડાં ચરતાં જોયાં. કોઇ માણસ દેખાયું નહિ. પત્થરની આડમાં હશે એમ ધારીને બૂમ મારી. એક ડોસો નીકળી આવ્યો.

'દાદા ! આટલામાં ક્યાંય ચિત્તાના વાવડ ?' મોતીરામે પહાડી ભાષામાં પૂછ્યું.

'ખાસ તો કંઈ ખબર નથી. પણ સામેની ટેકરીઓમાં આવ્યો છે, એવું સાંભળ્યું'તું.' ડોસાએ જવાબ દીધો.

'કોઇની ગાય માર્યાના ખબર હતા ને ?'

'એ તો કાંઇ ખબર નથી. પણ આવ્યો છે ખરો.' ડોસાએ કહ્યું

અમે ગામમાં ગયા. બેત્રણ જણને પૂછ્યું. ડોસાએ આપેલા જવાબની પૂર્તિ જેવા જ સમાચાર મળ્યા.

'ચાલોજી, ટેકરીઓ ઊથલાવ્યા વિના કંઇ વળશે નહિ. નાસ્તોપાણી કરી લઇએ.' પંડિતજી બોલ્યા.

'ભલા માણસ, હમણાં તો ખાઇને આવીએ છીએ. ઘડીકમાં ભૂખ ?' મેં કહ્યું.

'આંતેં કાટ રહી હૈ' પંડિતજીએ પોતાનું સુરક્ષિત વાક્ય ઉચ્ચાર્યું.

ગામ બહાર ઝરાસમું જળાશય હતું. ખૂબ ઠંડું પાણી. પંડિતજી જઇને આંગળી બોળી આવ્યા. 'યાર નહાનેકે કાબિલ પાની હૈ' કહીને તેમણે કપડાં કાઢી નાખ્યાં. સૌએ ડૂબકી મારી લીધી. ચણાગોળ ચાવીને ચાલતા થયા.

સામે જ ટેકરીઓ દેખાતી હતી. અરધા માઇલથી દૂર નહિ જ હોય એમ કલ્પી શકાય. પણ પહોંચતાં તો ડૂચા કાઢી નાખ્યા. પહાડી પ્રદેશનો માર્ગ જ એવો. ટેકરીના પેટાળમાં જઇ ઊભા. ઝાડી આછી હતી. મોટામોટા પથરો સર્વત્ર પડ્યા હતા. સૂર્ય ઉતાવળો થતો લાગ્યો. એ તો યુગો થયાં એક જ ગતિમાં હશે. અમારી ભાવનાની આંખોએ એને વધારે ગતિમાન બનાવી દીધો.

થોડે દૂર એક ઘોડેસવાર દેખાયો. મોતીરામે બૂમ મારી. અજાણ્યાની બૂમે આ પહાડી પ્રદેશમાં ઊભા રહેવામાં ભય જેવું નથી. લૂંટાવાનો ડર હોતો જ નથી. પહાડી જાતિની નીતિમત્તાનું એ પ્રમાણ છે.

ઘોડેસવાર નજીક આવ્યો. ચિત્તાના ખબર પૂછ્યા.

'આ ટેકરીની પેલી બાજુ ઝાડીમાં છે. કાલે જ સામેના ગામનું એક બકરું માર્યું છે' સવારે કહ્યું.

વધારે વિગત પૂછવાની હવે કંઇ જરૂર ન રહી. ટેકરીના પેટાળમાં થઇને પેલી તરફ જવા ચાલ્યા. બકરું કાલે જ માર્યું હોય તો આજ એને શાંતિ હોય જ. ખાઇને તરત જ ચાલવામાં હાનિ છે, એ આયુર્વેદનો સિદ્ધાંત એણે જાણી લીધો હોય છે.

ટેકરીને પ્રદક્ષિણા કરી ઝાડીને શેઢે આવીને ઊભા. ઝાડી ગીચ તો નહોતી જ. અંદર પ્રવેશ કર્યો. સાવધાનીથી આગળ ચાલ્યા. શિકારીની સાવધાનીનો પ્રકાર જુદો જ હોય છે. એની નજરમાંથી એક પણ સ્થાન ખસી જવું ન જોઇએ. કેમકે જાનવર ક્યાં લપાયું હોય એ કહી ન શકાય.

પાંચ વાગી ગયા. પરસેવે નીતરીને અમારી હિમ્મત ધોઇ નાખી. ચિત્તાની હાજરી બતાવતું એક પણ ચિહ્ન જોયું નહિ. પંડિતજીના વિનોદ-દૂધમાં નિરાશાનું ખાટું બુન્દ ટપકી પડ્યું.

'આ તાપમાં તો એ કોઇ ઠંડી બખોલમાં શાંતિ લેતો હશે.' મેં કહ્યું.

'હજી તો બે કલાક દિવસ છે. ગમે ત્યાંથી શોધી કાઢશું.' પંડિતજી બોલ્યા.

'કોતર પકડીએ' મોતીરામે કહ્યું.

'વાત સાચી.' મેં કહ્યું.

દૂર નીકળી ગયા હતા. રસ્તાની મુશ્કેલી નહોતી. ટેકરીઓની ચડઉતરથી થાક ચઢ્યો હતો. ઝાડી છોડીને બે ટેકરી વચ્ચેના કોતરમાં આવ્યા.

ડાબા હાથ તરફ કોતર વળી જતું હતું. સૂરજ ટેકરીની આડમાં આવી ગયો હતો. ટેકરીની છાંય ખૂબ મીઠી લાગતી હતી. ચારે કોર નીરવતા પ્રસરી હતી. ચણા ફાકતા પંડિતજી પાછળ આવતા હતા. હું અને મોતીરામ પગ તરફ દૃષ્ટિ રાખીને ચાલતા હતા.


કોતરનો વળાંક આવ્યો. પંડિતજીને સાથે કરી લેવા અમે ઊભા રહ્યા. એવામાં ખડડડ કરતો અવાજ થયો: જાણે પથ્થર ગબડ્યો કે કોઇએ સૂકી ડાળીઓ ખંખેરી એવું લાગ્યું. અમે આજુબાજુ લૂખી નજર ફેરવી. કંઇ ધ્યાનમાં આવ્યું નહિ.

પંડિતજી સાથે થઇ ગયા.

'બૈઠો યાર, દુશ્મનકી તો મોજસે કાટની હોગી. હમેં પરેશાન ક્યોં હોના ચાહીએ?' પંડિતજી બોલ્યા.

હું બેસી જ ગયો. મોતીરામ કંઇક વિચારતો બંદૂકને ટેકે ઊભો રહ્યો.

'દેર હો જાયગી.' કહેતો તે પણ બેઠો.



ચિત્તાથી ઝટ ઊંચે ચડી શકાય તેમ નહોતું. કૂદીને ટેકરીના ઢોળાવ સાથે તે બાઝી પડયો

પાંચેક મિનિટ પછી પંડિતજી ઊઠયા. લઘુશંકા કરવા કોતરના વળાંકમાં ગયા. તરત જ પાછા આવ્યા.

'બાઘ ખોજ લાયા.' સામાન્ય શાંતિથી પંડિતજીએ આવીને કહ્યું. ચિત્તાને એ લોકો વાઘ કહે છે.

'વાઘ' શોધી લાવનારની વાતમાં એવી શાંતિ હોય નહિ. અમે કંઈ લક્ષ ન આપ્યું.

'રકખે રહિયે' કહીને મોતીરામ હસ્યો.

પંડિતજીએ આવીને તરત જ બંદૂક ઉઠાવી. 'ખડે હો, મઝાક નહીં, મોડકે સામને હી બાઘ ચલા આ રહા હૈ.'

'સચ ?'

'સચ.'

ચિત્તાના આવવાની વાત માની શકાય એવા સ્વરમાં પંડિતજી બોલ્યા કે અમારી શારીરિક દશા બદલાઇ ગઇ. મોતીરામનો ઝોળો નીચે જ પડી રહ્યો ને એ ઝટ બંદૂક લઇને ઊભો થઇ ગયો. આખો દિવસ ભટકયા છીએ, થાકનું ઝેર હાડકાંમાં પસરી ગયુ છે, એ બધું ભૂલાઇ ગયું.

ત્રણે ય દબાતે પગલે વળાંકને ખૂણે જઇને ઊભા રહ્યા. પચીસ ગજ લાંબી ખીણ હતી. વન્ય ફૂલોના છોડ, દાડમડી અને ઝાંખરાંની આછી ઝાડીમાં ઝીણી નજરે જોયું. પણ દર્શન થયાં નહિ.

'વાહ યાર, ખૂબ મઝાક જાનતે હો !' મોતીરામનું ધૈર્ય ખૂટયું અને કહ્યું.

મોતીરામ બોલ્યો, કે તરત દસેક ગજ દૂર ટેકરીના ચઢાવ ઉપર ઘુરઘુરાટ સાંભળ્યો. ચમકીને અમે જોયું.

ઘુરાંટી એની જ હતી. સાવધ થઇને જોયું પણ દેખાયો નહિ. ફરી ધીમો ઘુરઘુરાટ સંભળાયો.

'કર દું આવાઝ ?' પંડિતજી બોલી ઊઠયા.

'રહને દો.' મોતીરામે કહ્યું.

ફરી ઘુરઘુરાટ થયો. ધ્યાનથી જોયું તો પત્થરની આડમાં ઉપલા ભાગ ઉપર ચિત્તાનું મોં દેખાયું.

અમારા અવાજથી એ પણ ચમક્યો હશે. પત્થરની આડમાંથી નીકળીને જરા ઉપર ખસી આવ્યો. તેના પગ અને પાછલો ભાગ દેખાયાં નહિ. કેવળ મોં અને ગરદન જોઇ શકાયાં. એનું મોં જોતાં જ રોમાંચની વીજળીએ ઝટકો માર્યો કાળમંદિર સમા એના મોંને જોઇ મૃત્યુની યાદ આવે જ.

મોતીરામ ઊભો જ હતો. પંડિતજી છાતીએ કુંદો દાબીને બેસી ગયા હતા. મારા હાથમાંનો તમંચો સ્તબ્ધ હતો.

હડુડુડુમ પહાડમાં પડઘા ગાજ્યા. પંડિતજીએ ગોળી છોડી દીધી. ચિત્તો ઝડપથી મોં ફેરવીને તરાપ મારી કૂદ્યો. ઊંચે ઝટ ચઢી શકાય એવું નહોતું. કૂદીને ટેકરીના ઢોળાવ સાથે બાઝી પડ્યો. આગલા અને પાછલા પગ સીધા થઇ ગયા. મોં ફેરવીને અમારી સામે ડાચિયાં કરતો જોઇ રહ્યો. અત્યારે આ દૃશ્ય ઘણું જ મોહક લાગે છે. કૅમેરામાં ઝડપી લેવા જેવું જ. પણ એ સમયની સ્થિતિમાં સૌંદર્યકળા વિચારવા જેટલી વૃત્તિ પણ વેવલાપણું જ ગણાય.

મોતીરામે ગોળી છોડી. પાછલા થાપા ઉપર ચિત્તાએ ઝીલી લીધી. ભયંકર ત્રાડ સાથે આડે કૂદીને નાઠો. સીધું દોડી જવાય એવું નહોતું અમારા માથા પર જ પત્થર ગબડાવતો પેલી બાજુએ કોતર તરફ ગયો.

હું તો તમંચો લઇને ઊભો ઊભો જોઇ જ રહ્યો. નાહક ગોળી છોડીને જનાવર સાથે દુશ્મની બાંધવામાં શો લાભ? આમ વિચારીને હું અટકી ગયો હોઉં એવી સ્થિતિ થઇ ગઇ. કોણ જાણે કેમ, પણ ગોળી છોડવાની પ્રવૃત્તિ જ ન થઇ. માનસિક આંદોલનોનું ભવિષ્ય નથી કળી શકાતું. મારી સ્થિતિ આવી થશે એવું મેં કલ્પ્યું જ નહોતું.

નાસતો કાળ જોઇને મુડદામાં પણ ચેતન વ્યાપે. આપણાથી દુશ્મન ડર્યો છે, એવો વિશ્વાસ આવતાં જ આપણે શૂર બની જઇએ છીએ. અમે જાણે ચિત્તાને નસાડ્યો હોય એવા ભાવે દોડી નીકળ્યા. વાંક વળોટ્યા અને ખીણ કૂદીને ચિત્તો બીજી ટેકરી ઉપર ચડતો દેખાયો. મને શૂરાતન આવ્યું. નેમ લઇને ધડુમ કરતો તમંચો ફોડ્યો.

'વાહજી! માર દિયા બાઘ!' પંડિતજીએ હસીને કહ્યું

'હવે ગયો.' મોતીરામ બોલ્યો.

'ઉસકે નામકી ગોલી રહ જાય વો અચ્છા નહિ યાર!' મેં કહ્યું.

'અચ્છા, આપ ભી મના લેં, કિ બાઘ પર ગોલી છોડી થી.' પંડિતજીએ કહ્યું.

ચિત્તો નજરના પડદાની પેલે પાર જતો રહ્યો. સૂરજ ભગવાન છેલ્લી સલામ ભરતા હતા. હવે કંઇ જ નહિ બને સમજીને અમે ચાલતા થયા.

નવ વાગતાં લગભગ ગામ આવ્યું. લથડતે પગે ગામમાં ગયા. મુખીનું ઘર શોધી કાઢ્યું. ભાખરી મેં પકાવી. દૂધ સાથે જમી ગયા. ઊંઘ તો ક્યારની રાહ જોતી બેઠી હતી. દબાવ્યા તે સૂર્યોદય પછી જ છોડ્યા.

બીજે દિવસે સવારે એ જ માર્ગે અમે ટેકરી ચડ્યા. ચિત્તો ઘાયલ થયો હતો એ સ્થાન જોયું. લોહીને ટપકે પતો લાગવાની ધારણા ખોટી નીકળી. લોહીનાં ટીપાં દેખાયાં નહિ. ખીણ ઓળંગીને ચિત્તો ગયો હતો એ ટેકરી ઉપર ગયા. ટેકરીનું માથું સપાટ બનતું ઢોળાવ લઇને બીજી ટેકરી સાથે મળી જતું હતું.

ભટકતાં ભટકતાં બપોર થયા. બપોર એટલે બે વાગ્યાનો વખત. આજના નાસ્તામાં દૂધે બાંધી દળદાર ભાખરી અને ગોળ હતાં. પાણીને અભાવે નાસ્તો થઇ શક્યો નહિ. પંડિતજીની 'આંતેં કાટતી રહી.'

ઘાયલ જનાવરનો પત્તો મેળવવો મુશ્કેલ તો ખરો જ. ઘાયલ થઇને નાસે તો એ ક્યાં અટકશે તે કહી ન શકાય. ન જાણે ક્યાં છૂપાયો હશે! ભટકી ભટકીને દસથી બાર માઇલનું વર્તુળ પૂરું કર્યું. લગભગ ચાર વાગે વિશ્રાંતિ લેવા બેઠા. તાજા થઇને વળી ચાલતા થયા.

શિકારનો છંદ એ અજબ નશો છે. હિંસક પ્રાણી સામે જવામાં મોત માથે બાંધી લેવું પડે છે. શિકારી મોતથી એટલો જ ડરતો હોય છે જેટલા બીજા બધા. છતાં શિકારના નશામાં એ ભૂલી જાય છે. મોતને ભૂલનારો મરણિયો બને છે. એ જ સ્થિતિમાં એ શિકાર ખેલી શકે. સૂર્યોદયથી તે સૂર્યાસ્ત સુધી ભૂખ્યો ને તરસ્યો શિકારી વગડામાં ભટકતો હશે. પંદર પંદર દિવસ સુધી એ થાકનો ઓતાર નહિ ઉતરતો હોય છતાં શિકારનો એને અણગમો નહિ થાય. એ જ શિકારનો નશો. શિકારી શિકારે ચડે છે ત્યારે જગતને ભૂલી જાય છે.

સૂર્ય દૂરદૂર જતો ગયો. અમારૂં જગત વધારે નજીક આવતું ગયું. 'હવે કાલે' ભણીને ગામ તરફ પગલાં ભર્યાં. અંધારાના કાળા પછેડામાં જગત લપેટાયું અને અમે ગામમાં ઘૂસ્યા.

પહાડી લોકો આતિથ્ય-પ્રેમી હોય છે. અમે આવીશું કે નહિ તેનો નિશ્ચય નહિ હોવા છતાં ભલા મુખીએ દૂધ દોહીને રાખી મૂક્યું હતું. અહીં દૂધ મોંઘું ગણાતું નથી. પશુઓને ચારો બારે માસ ભરપેટ મળે છે. વેચાતો લાવવાની કે વધારે એકઠો કરી રાખવાની જરૂર નથી.

રાંધ્યું, ખાધું, ઊંઘ્યા અને સવાર થયું. વહેલા પરવારીને વગડાનો માર્ગ પકડ્યો.

'એક કામ કરીએ. ત્રણે ય જણ ભિન્ન ભિન્ન દિશામાં જઇને મધ્ય સ્થાને એકઠા થઇએ. ત્યાંથી આગળ જઇએ' મોતીરામે કહ્યું.

'સબસે અચ્છી.' હું બોલ્યો.

'ત્યારે નક્કી કરીએ.' મોતીરામે કહ્યું.

'અને જનાવર મળે તો શું કરવું?' હું બોલ્યો.

'અક્કલ હોશિયારીથી, વંશવારસોને કબૂલ રહે તેમ, કોઇ પણ જાતના નશા વગર, માથે પ્રભુ રાખીને કામ કરવું.' દસ્તાવેજી ભાષામાં પંડિતજીએ જવાબ દીધો.

'સામેની ઊંચી ટેકરી ઉપર એકઠા થવાનું.' મોતીરામે કહ્યું.

'મંજૂર.' પંડિતજીએ કહ્યું.

પંડિતજી અને મોતીરામે પૂર્વ અને પશ્ચિમમાં થઇને ઉત્તરમાં વળી આવવાનું રાખ્યું; મારે વચ્ચે થઇને સીધા ટેકરી પર પહોંચવાનું હતું.

ચાલ્યા. બંદૂકોને અવાજે જનાવરની સૂચના સમજવાનું ઠરાવ્યું હતું. પંડિતજી અને મોતીરામ ટેકરીઓની આડે દેખાતા બંધ થયા. તમંચાનું ઘર ડોકમાં લટકાવીને હું મનમાં ઘોડા ઘડતો સીધો ચાલવા માંડ્યો. સૌ પ્રથમ ટેકરીએ પહોંચી જવાની જ મને લાગી પડી હતી.

બે કલાક વીતાવીને હું ટેકરી ઉપર પહોંચી ગયો. ચિત્તાનો ભેટો થયો હતો એ સ્થાન એક જ ફર્લાંગ દૂર હતું. શાંતિથી એક ઊંચા પત્થર પર બેસી ગયો. વધારે વખત સૂર્યનો તાપ સહી શકયો નહિ. પત્થરની આડ લીધી. ધૂળભરણાં હિમરાજનાં શિખરો ધ્યાનસ્થ થઇને સૂર્યવ્રત ઉજવતાં હતાં. સ્તબ્ધ ચિત્તે એ દૃશ્ય નિહાળતો હું બેસી રહ્યો.

એક કલાક વીતી ગયો. પંડિતજી કે મોતીરામ આવ્યા નહિ. લાંબી નજરે બધે જોઇ વળ્યો. દૂરદૂર સુધી કોઇ દેખાયું નહિ. મને તરસ લાગી. ખીણમાં ઊતરી ઝરણાંને કાંઠે ગયો. પાણી પી ને ત્યાં જ બેઠો.

લગભગ અરધા કલાક પછી 'કોઇ કિસીકા નહિ યાર ખુદગર્જ ઝમાના હૈ'નો ધ્વનિ સંભળાયો. પંડિતજી વિના વૈરાગ્યનાં ગાન બીજું કોણ ગાય? હું તરત જ દોડતો ટેકરી ચડી ગયો.

'કયોં જી, કયા માજરા હૈ?' મને જોતાં વેંત જ પંડિતજી બોલ્યા.

'માજરા કયા, ઇતની દેર કૈસે?' મેં પૂછ્યું.

'બાદ, તુમ તો અભી ચલે આતે હો!'

'બાબા રે, મૈં તો બૈઠે બૈઠે ઉબ ગયા થા.'

'મોતી નહિ આયા?'

'નહિ.'

'અચ્છા, બૈઠો, બાત સુનાએં.'

'કયા, હય કુછ પતા?'

'પતા હૈ, મગર લાપતા. યહાં સે કરીબ દો મૈલ દૂર મૈને ચિડીયોં કા શોર સુના હૈ. અપને રામ કી હિમ્મત એન મોકે પર કભી કભી ધોખા દેતી હૈ. કોશિશ તો જુરૂર કી, કિ ભાગ ખડી હુઇ હિમ્મત કો પકડ લૂં, લેકિન પિછા કરને કી ભી ઇચ્છા તબ હી હો સકતી હૈ, જબ હિમ્મત મોજુદ હો.' કહીને પંડિતજીએ પગ લાંબા કર્યા.

એવામાં મોતીરામ પણ પરસેવાના બુન્દ લૂછતો આવી પહોંચ્યો.

'દોડતા આવ્યા લાગો છો.' મોતીરામ બોલ્યો.

'રસ્તામાં તું કયાંક સુઇ રહ્યો હોઇશ.' પંડિતજીએ વળતો જવાબ આપ્યો.

'શા સમાચાર?'

'તમે કહો તે.'

પંડિતજીની શોધ મેં કહી સંભળાવી.

'તો પછી બેસી રહેવું ઠીક નહિ. ચાલો ઊઠો.' મોતીરામે કહ્યું.

'જરા આરામ તો લો!' પંડિતજી બોલ્યા.

મોતીરામ ધીમે ધીમે જાનવરને સ્પષ્ટ જોવા ખસવા માંડ્યો. અમે પાછળ પગલાં દાબતા ગયા. દસેક ગજ ગોળાકાર ચાલ્યા, કે જાનવરની પીઠ દેખાઇ. હવે કંઈ જ શંકા રહી નહિ. એનું પૂછડું સર્પગતિએ આમતેમ હાલતું જોયું.

'ખાલી ગોળીબાર કરો.' મોતીરામે કહ્યું.

'એ તો ચિત્તો છે. ઉપર ધસી પડ્યો તો રામરામ.' પંડિતજી બોલ્યા.

'ત્રણ ત્રણ ગોળાં છે તે એને રોકશે નહિ?' મોતીરામે કહ્યું.

અમારી ધીમી વાત પણ જનાવરે સાંભળી લીધી હશે. ઝબકીને ઊભો થઇ ગયો. ઘુરકતો પીઠ ફેરવીને ખડો રહ્યો. મોં અમારી સામે આવી ગયું.

અમે કંઇ પણ વિચારીએ તે પહેલાં જ એ મોં ફાડીને ધસ્યો. પણ તેનો પાછલો પગ ધરબાઇ ગયો. બે જ ડગલાં આગળ આવીને એક તરફ નમી ગયો. અમે તો જાણ્યું કે ઉપર જ આવશે. વિચાર કરીને કામ કરવાનો વખત નહોતો. વિચાર કરવા કોઇ રોકાય પણ નહિ. મેં ગોળી છોડી દીધી નિશાન માથાનું જ બાંધ્યું હતું. નામી જરા નીચા નમી ગઇ અને ગોળાં ચિત્તાના પગ પાસે જમીનમાં ઊતરી ગઇ.

ચિત્તો ભયંકર ગુસ્સો કરીને નાઠ્યો. કૂદકો મારીને અમારી ઉપર ધસી પડવા તૈયાર થયો હોય એમ લાગ્યું. તેણે મહેનત કરી, પણ કૂદી શક્યો નહિ. આ જ વખતે પંડિતજીએ ગોળી મારી. પગ ઉપર ગળાનો સાંધો તેણે વીંધી નાખ્યો.

ચિત્તાએ ત્રાડ નાખી. આગલા પગનો એક પંજો વીંઝીને આંગળિયાં કરી દીધાં. બે જ હાથને છેટે એક ઝાડના થડે એની ગતિ રોકી લીધી. અથડાઇ-પડતાં પડતાં તે સાવધ થાય તે પહેલાં જ મેં ગોળી છોડી. ક્યાં વાગી તે જોઇ શકાયું નહિ, પણ નિશાન ખાલી નહોતું ગયું.

પંડિતજી ધામેથી એક ઝાડની આડમાં સરકી ગયા. મોતીરામ બંદૂક લાંબી કરીને ઊભો હતો. ઝાડ સાથે અથડાયા પછી ચિત્તાને મારી ગોળીની કળ વળે એની રાહ તેણે ન જોઇ. ગોળી મારી. બરાબર કાનની સાંધમાં ઊતરી ગઇ. ઘણી જ ધીરજથી તેણે નિશાન તાક્યું હતું. લથડી પડતા ચિત્તાને એ ઘાએ વધારે ગતિ આપી. જમીન પર ઢળી પડતાં વાર ન લાગી. તેનું પેટ મારા તમંચાને ઠીક ગમી ગયું. પણ પેટનું લક્ષ ચૂકાઇ ગયું. પાંસળી તોડની ગોળી ઘુસી ગઇ.

મુકાબલા વખતે શિકારીને જરા સરખો પણ ભયનો વિચાર સ્પર્શી જાય તો નિશાન કદી ઠીક બેસતું જ નથી. એણે કોઇ પણ પ્રકારનો વિચાર કરવા રોકાવું જ ન જોઇએ. એ વખતે એનો જુસ્સો કહે તેમ જ કરવું જોઇએ. જે લક્ષ પર એનું દષ્ટિ-પાત લગાય એ જ લક્ષને એણે સાધન બનાવવું જોઇએ. શંકાશીલ બનીને વિચારવા રોકાયો, કે એ લક્ષ ઠીક છે કે નહિ, તો એનો હાથ કાંપી જાય.

ચિત્તો ઢળી પડ્યો. પડખું ફેરવવા પ્રયત્ન કર્યો, પણ લાચાર! પાંચેક મિનિટ ડોકનો આંચકા લાગ્યા, જીવ બહાર નીકળી ગયો.

જીવરામ જોષી



એક: એક અઠવાડિયા પર આપેલું ગમેલા: યાદ આવે છે?

બીજો: ના, ખાસ તો નહિ, પણ આ છત્રી પરથી યાદ આવે છે ખરું.

એક: એ તો અસંભવિત છે, કારણ એક અઠવાડિયા પહેલાં મારી પાસે છત્રી હતી જ નહિ.

બીજો: પણ મારી પાસે હતીને?

~

એક કારખાનામાં નવું યંત્ર મૂકવામાં આવ્યું. થોડો વખત ચાલીને એ બંધ પડી ગયું. કારખાનાના મિકેનિકોની કંઇ કારી ન ફાવી એટલે બહારના એક શખ્સને બોલાવવામાં આવ્યો. એણે યંત્ર પર બે ચાર ઠેકાણે હથોડી મારી કે યંત્ર ચાલુ થઇ ગયું, ને તરત રૂા. ૨૦-૧-૦નું બિલ તેણે મેનેજરની ટેબલ પર મૂક્યું.

ફક્ત બેચાર ઠેકાણે હથોડી ઠોકવા માટેનું આવડું જબરું બિલ મેનેજરને ગળે ન ઊતર્યું. એણે એ આંકડો વિગતવાર પૂરો પાડવા જણાવ્યું. આગંતુકે નવો આંકડો ટેબલ પર મૂક્યો:

યંત્ર પર હથોડી ઠોકવાના	૦-૧-૦
હથોડા ક્યાં ઠોકવા એ માટે મગજ કસવાના	૨૦-૦-૦
કુલ	૨૦-૧-૦

~

ખૂબ ભારે હાથે હજામત કર્યા પછી હજામે વિનયપૂર્વક ઘરાકને પૂછ્યું: 'કેમ સાહેબ, હવે કંઇ ચહેરા પર બાકી રહે છે?'

'હા, ચહેરો તો જાણે આખો કુઝરડાઇ ગયો છે, પણ હજી નાક બાકી રહી ગયું છે.'



અમારી ધીમી વાત પણ ચિત્તાએ સાંભળી લીધી હોય તે તેમ ઘુરકતો પીઠ ફેરવીને ખડો રહ્યો

'ના, ચાલો.'

પંડિતજી આરામ લઇ ચૂક્યા હતા. મોતીરામને આગ્રહ કરવાનું વિશેષ કારણ નહોતું. પંડિતજીની રાહબરી નીચે અમે ચાલ્યા.

ઝાડી વધારે સઘન આવવા માંડી. અનુસંધાનના ઉત્સાહમાં વન-સૌંદર્ય જોવાની ફુરસદ નહોતી. અમારા પગરવથી આગળ કૂકડાનું એક ટોળું ભુરરર કરતું ઊડી ગયું.

એક માઇલનું અંતર કાપી અમે ઉત્તરની ઝાડીમાં ઘૂસ્યા.

'મને નથી લાગતું કે આપણે એને શોધી શકીએ'. પંડિતજી બોલ્યા.

'સાંજ પડ્યા પહેલાં તો આપણે કંઈ જ નિર્ણય ન કરી શકીએ.' મેં કહ્યું.

'હવે તો પગ સત્યાગ્રહ કરે એવું લાગે છે.' પંડિતજી બોલ્યા.

'તમને ખબર છે, કે સત્યાગ્રહ હોય ત્યાં અત્યાચાર પણ હોય જ?' મેં કહ્યું.

'હા ભાઇ, અત્યાચારનું ફળ સ્વરાજ હોઇ શકે ખરૂં.' પંડિતજી બોલ્યા.

ધીમી ગતિએ અમે આગળ વધતા હતા. હું અને પંડિતજી ગપ્પાં મારતા પાછળ જતા હતા.

મોતીરામ ઊભો રહી ગયો.

'કેમ, શું છે?' મેં પૂછ્યું.

'સાંભળો, આ અવાજ શાનો છે?' મોતીરામે કહ્યું.

ઊભા રહીને અમે સાંભળવા લાગ્યા. ધીમોધીમો ઘુરઘુરાટ બે ત્રણ વખત સાંભળ્યો. કળી શકાયું નહિ કે શાનો અવાજ હશે! ચૂપ થઇને ઊભા રહ્યા. ફરી કંઇ સંભળાયું નહિ.

'ચાલો શોધી કાઢીએ.' પંડિતજી ઉચ્ચ સ્વરે બોલ્યા.

તરત જ જરા વધારે સ્પષ્ટ ઘુરઘુરાટ સંભળાયો. થોડે જ અંતરે જાનવર ઘુરકતું હોય એમ લાગ્યું.

'કંઇક છે.' પંડિતજી ધીમેથી બોલ્યા.

'ચાલો.' કહીને મોતીરામ બાજુ પર ખસ્યો.


અમે હથિયાર હાથમાં તૈયાર કરીને ધીમેથી ચાલ્યા. ઝાડી વિશેષ સઘન હતી. પચીસેક કદમ દૂર ગયા કે એ પાંચ હાથને છેટે ફૂંફાડા સમો ઘૂરઘૂરાટ થયો. અમે ઊભા રહી ગયા. દોડતી નજરમાં કંઇ દેખાયું નહિ ત્રાંસવટમાં કંઇક સળવળતું હું જોઇ ગયો. નીચો નમીને જોવા લાગ્યો.

'પેલું શું છે, જુઓ?' મેં ધીમેથી કહ્યું.

પંડિતજી અને મોતીરામ પણ નીચા વળ્યા.


'એ જ.' પંડિતજી બોલ્યા.

ધીમે પગલે અમે તરત જ એક ઝાડની ઓથ લીધી. ઝાડના છેદમાંથી ભૂરા શરીરની ઝાંખી થતી હતી. જાનવરનું શરીર હાલતું ત્યારે જ કળી શકાતું.



'આ સૌ માયા છે, બેટા!'
ફોટો • શ્રી ભારદ્વાજ

શ્રી ભારદ્વાજ (જેમનો પરિચય ગયા અંકમાં આપ્યો છે)નું આ ચિત્ર સિડની-ઑસ્ટ્રેલિયા-ના ફોટોગ્રાફિક પ્રદર્શનમાં ફોટોગ્રાફિક ચિત્રગુણ માટે પ્રથમ પદક પામ્યું હતું. તેની કદર કરતાં પરીક્ષકોએ જણાવ્યું હતું કે અણધાર્યાં પાત્રોની સ્વાભાવિકતા સાચવી ચિત્રમાં સંસ્કૃતિનો સંદેશ ઉતારવામાં કલાકારે ફોટોગ્રાફીમાં નવું પ્રકરણ ઉમેર્યું છે. ક્ષિતિજ સુધી પથરાએલો સાગરપટ અને પૃથ્વીનો છેડો ભાવનાને જમાવટ આપનારાં સબળ તત્ત્વો છે. તે સાથે બોલનારની મુખમુદ્રા અને હાથની સ્વાભાવિક ચેષ્ટા પણ અચૂક આકર્ષણ કર્યા વિના રહેતાં નથી. વૃદ્ધ પાત્રમાં અવસ્થા સાથે જીવનભરનો અનુભવનો નીચોડ દેખાય છે,–જાણે સાક્ષાત કાલપુરુષ બોલતો હોય. સામે અક્કડ ઊભેલો તરુણ પણ બીજી બાજુ એટલો જ અલટ જણાય છે. એટલે તેને અપાતો ઉપદેશ સાર્થક બનતો લાગે છે.






ઉપર • કનુ દેસાઇ ૧૯૨૩માં સ્કેચ: રવિશંકર રાવળ. બાજુમાં: કનુ દેસાઇ આજે. સ્કેચ : રસિકલાલ પરીખ (આ અંકમાં 'મારી નજરે'માંની હકીકતના વાચન સાથે આ બંને સ્કેચની સરખામણી રસદાયક થઇ પડશે.) નીચે : ડાબી બાજુથી ક્રમમાં [૧] એમની સ્કેચ બુકનું અગ્ર પૃષ્ઠ, જે પર સાંભળેલાં કલાસૂત્રો આદરભર્યું સ્થાન કેમ પામતાં તે દર્શાવ્યું છે. [૨] અને [૩] એ જ કાળના-૧૯૨૩ના-સ્કેચ બુકનાં બે પાનાં. એકમાં રાજકીય વાતાવરણની છાપ છે: બીજા બે સ્કેચમાં એમની કલમના પ્રયોગદશા બતાવી છે.











કનુ દેસાઇને રણજીતરામ સુવર્ણચંદ્રક

● જે પુણ્યચરિત ગુજરાતીના નામે આ ચંદ્રક અપાય છે તે આજે હયાત હોત તો ગુજરાતની કળાના તેજસ્વી તારકો તેમનાં સ્તોત્ર કરતા હોત મને બરોબર યાદ છે. મારા જેવા ગુજરાતના એક અદના કલાકારને મુંબાઇની આર્ટ સોસાએટીએ ૧૯૧૭માં પોતાનો સુવર્ણચંદ્રક આપ્યો ત્યારે એનાં અભિનંદન કેમ કરવાં એ કોઇ જાણતું નહોતું. એક માત્ર રણજીતરામ વાવાભાઈના હૃદયમાં ઉમળકાની ભરતી આવી અને આંગળી ચીંધી ગુજરાત સમસ્તની આગળ એ પ્રસંગને એમણે પ્રજાની અસ્મિતાનું પ્રતીક ઠરાવ્યું. ગુજરાતની સંસ્કારિતા જમાવનારાં સર્વ તત્ત્વો, સર્વ બળો, સર્વ વ્યક્તિઓને રાષ્ટ્રની સંપત્તિ સમજી તેનું ગૌરવ લેનારા એ વિરલ ગુજરાતીનું આ ચંદ્રક એક અપૂર્વ સ્મરણ બન્યું છે. આજે વરસોવરસ આ ચંદ્રક રૂપે એકાદ સાહિત્યકાર કલાકાર કે સંસ્કૃતિકાર સુધી રણજીતરામનું ભાવનાજીવન પાંગરતું આવે છે. ગુજરાત છે ત્યાં સુધી રણજીતરામ અમર છે.

રણજીતરામના મિત્ર અને ગુજરાતની અસ્મિતાની એમની ભાવનામાંથી પોતાનો તેવો ભાવનાદીપ પેટાવી છેવટ સુધી તેને માટે પ્રયત્ન કરતા રહેનાર સ્વ. શ્રી હીરાલાલ પારેખે ગુજરાતના એ પુણ્યશ્લોક પુરુષનું સ્મરણ ગુજરાતમાં સદોદિત જળવાઇ રહે તેની આ ચંદ્રકની અત્યંત સમુચિત યોજના ઊભી કરી. અને અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાને એમણે એ પવિત્ર કાર્ય સોંપ્યું તે પછી એ સભાએ એની પરંપરા સાચવી રાખવાનું જે બીડું ઝડપ્યું છે એટલા જ કાર્ય માત્રથી પણ તેણે પોતાનું અસ્તિત્વ ઊજળું કરી બતાવ્યું છે. કનુ દેસાઇની કલા એ ગુજરાતના નવીન યુગનું ઉજ્જ્વળ પ્રકરણ છે અને એ કલાનો સત્કાર સાહિત્ય સભા આ ચંદ્રક આપીને કરે છે એમાં ચંદ્રકની પરંપરા શોભી ઊઠે છે, તે સાથે કનુ દેસાઇના જીવનપટ ઉપર રણજીતરામનું નામ એક અમર પંક્તિએ લખાય છે. ગુજરાત કનુને નહિ ભૂલે, કનુ રણજીતરામને નહિ ભૂલે. ઇતિહાસની સાંકળ દૃઢ બની છે.

કુમારના વાચકોને કનુ દેસાઇની ઓળખાણ આપવાની હોય? એના પ્રથમ ચિત્રથી આજ સુધીની ઉત્તમોત્તમ કૃતિઓ ક્રમબદ્ધ નીરખવાનો જે વાચકોએ લ્હાવ લીધો છે તેમને વળી કનુની નવી ઓળખાણ શી આપવી? છેક કુમાર વયથી જ એ કુમારના લાડમાં પ્રૌઢ બની જવા છતાં જરાયે કુમારથી ભિન્ન નથી; અને આ લખનારને પણ અત્યારે તેનો પરિચય આપવાનો પ્રયોગ એક વિમાસણનો પ્રસંગ લાગે છે.

એટલું તો ખરું જ છે કે કનુએ ગુજરાતી કલાને પ્રજાસમુદાયની લાડીલી બનાવી છે. હિંદના ઇતર પ્રાંતોમાં મહાનુભાવ કલાકારો વસે છે, પણ એમની કલાની અર્ચના વિદ્વાન ટીકાકારોની વાણી અને પત્રકારોનાં પત્રો પર જ રહી છે; જ્યારે કનુ અને બીજા તરુણ ગુજરાતી કલાકારોની કલા લોકહૃદય પર રાજ કરે છે. કનુનાં ચિત્રો અને આલેખનો હજારો શહેરીઓ, ગામડીઆઓ અને નિશાળીઆઓને નવી લેહ લગાડી રહ્યાં છે. તેની વિચિત્રતાઓ પણ લોકપ્રિય થઈ છે. તેની કલા નિર્બંન્ધ વહેતી છતાં મર્યાદા અને પ્રવાહિતાની મનોહરતા છોડી જતી નથી એ એનો આંગળી ચીંધી બતાવી શકાય એવો ગુણ છે. એને વિવેચકો પ્રતિભા કહે છે, લોકો દૈવી બક્ષિશ કહે છે, કલાકારો આત્મપ્રેરણા કહેશે; પણ હું એને કનુની તપસાધનાની સિદ્ધિ કહું છું. તપસ્ અને પ્રયાસથી મેળવેલી એ સિદ્ધિ છે એમ જાણી કોઇ એની કીમત ઓછી ન આંકે. મેં કળાના ઘણા વિદ્યાર્થીઓ ને ઉપાસકો નિકટપણે જોયા છે અને હું ખાત્રીથી કહી શકું છું કે તપસ્યાની એ શક્તિ કે જેમ જ ફક્ત દૈવી પ્રેરણા કે આત્મલગની છે. બાકી બધું સિદ્ધિનું મૂલ્ય ભરનાર પ્રયાસ અને સામર્થ્યનું ફળ છે.

૧૯૨૧-૨૨માં મારા ખડખડપાંચમ ભાડુતી ઘરમાં કેટલાક



ગુજરાતના સાહિત્યકાર, કલાકાર કે સંસ્કૃતિકારને ગુજરાત સાહિત્ય સભા (અમદાવાદ) તરફથી દર વર્ષે કદર અને ઉત્તેજનાર્થે અપાતું ગુજરાતનું મોંઘું ગૌરવદાન

શ્રી રણજીતરામ સુવર્ણચન્દ્રક

વિદ્યાર્થી ફુરસદે ચિત્રકામના પાઠ લેવા કે ચિત્રકારની સોબતની મજા લેવા આવતા તેમાં કનુ નામનો એક કુમાર આવજા કરતો. એ કશું જ કામ મારી સામે કરતો નહિ, પણ વાતો સાંભળી ચાલ્યો જતો, અને ઘરમાં કે સ્કૂલમાં નવરાશે ચોપાનિયાંમાંથી સીનેમાનાં પાત્રો ફાડી કાતરી જુદાજુદા કાગળો ઉપર ચોડી કોઇવાર અસલ કે નકલને જુદાંજુદાં રંગનાં પીંછાથી શણગારી એ થોથારિયું (જે એને મન આલ્બમ હતું) ભર્યા કરતો. ઘણે વખતે શરમાતાં શરમાતાં એ મારી નજરે પાડ્યું. તેની એ પાર વગરની મહેનત અને માથાફોડ ઉપર મેં કેટલીક ઉત્તેજનદાયી અને કેટલીક માર્ગદર્શક વાતો કહી. ત્યારથી કાર્યક્રમ બદલાયો અને ૧૯૨૩ની પહેલી સ્કેચબુક બની. એના પહેલા પાને આવી નોંધ છે: '108 drawings in 10 days-from 16th June to 25th July—1st sketch book. દસ દિવસમાં ૧૦૮ પાનાં ઉપર ચિત્રકામ કરનારનો એ ઉદ્યમ તે પછી કદી બંધ પડ્યો નથી.

ઘરના સારા સંજોગો, સગવડ અને કુટુંબીઓનું ઉત્તેજન હોય એવા ઘણા પોતાને મળેલી તકનો સદુપયોગ કરી શકતા નથી; પણ જેમ સાધનોમાં મુશ્કેલીઓ અને અંતરાયો વધારે તેમ તેની તીવ્રતા વધે છે. એ પ્રમાણે, ભાઈ કનુને માબાપનો લ્હાવ તો હતો જ નહિ. મામાને ઘેર રહેતા. અભ્યાસ કરીને ઠેકાણે પડવું એ જ માત્ર ઉદ્દેશ સૌનો હોય. તેમાં ચિત્રકામ તો ચેડાં જ ગણાય ને? હિતબુદ્ધિથી પણ સૌ તેને એ છંદમાંથી રોકવાનો પ્રયત્ન કરતા, એટલે એને પોતાની સ્કેચબુકો સંતાડી રાખવી પડતી. બીજા વિદ્યાર્થીઓ જાણે તો કોઇ ચાડી ખાય એ બીકે રાત્રે છેક દસ વાગ્યે સૌ છેલ્લો એ પોતાના કામમાં સર્વદા રાચનારની (મારી) પાસે આવતો. એ સમયની કેટલી યે મીઠી ક્ષણો આજે તેને યાદ કરવાની હશે. નિશ્વાસ અને નિરાશા સામે ટક્કર લેતો એ સુકલકડી કુમાર કેટલી યે વાર મને દયાપાત્ર દેખાતો, પણ પોતાના મીઠી ભક્તિભર્યા હાસ્યે એ આનંદનું વાતાવરણ સરજતો. એને આપેલી સૂચના કે ફેંકેલાં વાક્યો તેના હૃદયમાં વજ્રલેપ થઇ જતાં અને તેની ક્રિયાઓને ફળદ્રુપ બનાવતાં. તેની સ્કેચબુકોમાં એ વાક્યો કેવા ભાવથી ગીતાપાઠ જેવાં બનતાં તેનો નમૂનો અહીં આપું છું:

'(Every line drawn should express some thing (દોરેલી પ્રત્યેક રેખા અર્થવાહી બનવી જોઇએ)'. 'Draw, draw and draw whenever you are free. (નવરા પડો કે હાથ ચિત્રકામ પર ચાલતો જ રાખો).' —આ મારાં હરવખત બોલાતાં વાક્યો તેણે જીવનમાં પૂરેપૂરાં જડી રાખ્યાં છે અને હું પોતે તેના સામર્થ્યનો ઉપયોગ કરૂં તે કરતાં પણ તેણે તેમાંથી વધારે સારવી લીધું છે. એ કળાકારના ઘડતરમાં આ અમૂલાં તત્ત્વો એ રીતે સાચી પૂરવણીરૂપે આવી મળ્યાં.

એની સ્કેચબુકોએ તેની અવલોકનશક્તિ, સ્મૃતિ અને કલ્પનાનો પાયો સુદૃઢ કરી આપ્યો. એવામાં એના સદ્‌ભાગ્યે અસહકારયુગ આવ્યો અને કૉલેજમાં ન જતાં એને વિદ્યાપીઠમાં જવાનું બન્યું. ત્યાં રાષ્ટ્રીય અભ્યાસક્રમમાં કલાઓની Potentialities–સર્જકતાનો સ્વીકાર અને આદર થવાથી જે સુસ્પષ્ટ ફળો આવ્યાં છે તેમાં ભાઈ કનુનું માનસ–સંવર્ધન એ એક સચોટ દૃષ્ટાંત છે. એની આલેખવાની શક્તિ હવે નિઃસીમ વધી ગઈ હતી. આંખ ઉઘડે ને હાથ નવરો હોય તો ચિત્ર થવા જ માંડે. વિદ્યાપીઠના કેટલા યે સ્નાતકો, અધ્યાપકો, મુલાકાતીઓ ને વિવિધ પ્રસંગો તેની એ કાળની સ્કેચબુકોમાં નોંધાયા છે. તેના આ શોખને કારણે અનેક વિદ્યાર્થીઓમાંથી તેની વિશિષ્ટતા પકડનાર આચાર્ય કૃપલાની અને અધ્યાપક મલકાનીએ તેને વિદ્યાપીઠ દ્વારા શાંતિનિકેતન જવાની શિષ્યવૃત્તિ અપાવી. એ તેની કારકિર્દી નિશ્ચિત કરનાર પગલું બન્યું.

રાષ્ટ્રીય શાળામાંથી તે સરકારી શાળામાં તો જઇ શકે જ નહિ, એ પ્રતિબંધ પણ તેને ઉપકારક બન્યો અને શાંતિનિકેતનના ભારતીય સંસ્કૃતિપરાયણ વાતાવરણમાં શ્રી નંદબાબુ જેવા સંત ગુરુ આગળ તેને એકાંતે એકધારી બે વર્ષની દીક્ષા મળી એ સુંદર અભિયોગ થયો. તેની સ્કેચ કરવાની અને છાયાચિત્રો કરવાની શક્તિ જે ત્યાં જતાં પહેલાં જ તેનામાં ખાલી ચૂકી હતી તેને ત્યાંના એ ઉપાસનાભવનમાં સુંદર પરિપાક અને વિકાસ મળ્યો. ઉપરાંત નૃત્ય, સંગીત, નાટ્ય વગેરે અવનવા રસોમાં નવીન અભિરૂચિ પ્રાપ્ત થઈ. પાછળથી એ સર્વ દિશામાં તેણે ગુજરાતમાં પ્રયોગો કર્યા અને ચાલુ વાતાવરણ બદલવામાં ઘણો ફાળો આપ્યો.

તેનું લગ્નપ્રકરણ એક સુધારકને છાજે એવું, છતાં કોઇ પણ જાતની ધૃષ્ટતા કે ધાંધલ વગરનું સુરમ્ય અને શોભન બન્યું છે. એની ચિત્રમાળાઓ જીવનના નિકટના પરિચયથી સરજાએલી મનોરમ અને મંગળ ભાવનાભરી છે અને તેના મૂળમાં કનુની એકનિષ્ઠતા અને પ્રિયપરાયણતા છે.

વિદ્યાપીઠના છાત્ર તરીકે એણે સર્વાંગ ખાદી પહેરી છે ને આજ સુધી તે નભાવી છે. કનુ દેસાઈ વિદ્યાપીઠની પ્રસાદી હોય તો કનુએ પૂ. ગાંધીજીના અસલ અનુપમ સ્કેચો અને ગાંધીકૂચનાં ચિત્રો કરી પોતાની કળાને ધન્ય કરી છે અને અમર દેશસેવા કરી બતાવી છે. હિંદના બીજા કોઈ કળાકારે પોતાના યુગને ચિરંજીવ કરવામાં કનુ જેટલો ફાળો આપ્યો જાણવામાં નથી. બીજા પ્રાંતોમાં દેશના કળાકારની કળાગંગા જનસમુદાયનાં હૈયાં તૃપ્ત કરતી જણાતી નથી; એ યશ અને સૌભાગ્ય ગુજરાતને પ્રાપ્ત થયાં છે અને ગુજરાત એ ગંગાના ભગીરથને માનથી વધાવે એ દેશના ઇતિહાસનું એક સુંદર પ્રકરણ છે. પણ કનુને જગતની યાત્રા અને પરિચય સુલભ બને નહિ ત્યાં સુધી તેના વિકાસનો માર્ગ બંધ ગણાય.

ર. મ. રા.

જેણે પોતાની જાત અને જીવન અર્પીને નવું ભારત ઘડયું એવા વિશ્વકર્માઓમાંના એક



ગુજરાતની કેળવણીના ભેખધારી

ચુનીલાલ શાહ

ઇ. ૧૮૮૬માં મુંબાઇ ઇલાકાના સરકારી કેળવણી ખાતાએ સ્કૂલ ફીના દર અનેકગણા વધારી મૂકયા અને મધ્યમ તથા ગરીબ વર્ગ માટે શિક્ષણનો બોજો અસહ્ય જેવો બની ગયો. એની પાછળ સરકારની દાનત જ એ હતી કે અમુક મર્યાદિત વર્ગને શિક્ષણ મળી શકે એવો પ્રબંધ યોજવો. સરકારની એ દાનતનો પહેલો સામનો કરનાર સુરતના મુંબાઇ યુનિવર્સિટીના ચાર ગ્રૅજ્યુએટો---શ્રી ચુનીલાલ શાહ, જેકીસનદાસ અટ્ટાવાળા, ડાહ્યાભાઇ બારડોલીવાળા ને ભાઇદાસ રેશમવાળા. જેમને કેળવણીની પડી ન હતી એમને કેળવણી આપવા કરતાં જે વર્ગને તે ખરેખરી માર્ગદર્શક નીવડી શકે એમને એનો લાભ આપવા એમણે સુરત મુકામે શિક્ષાયજ્ઞ આરંભ્યો.

દરેક જણે ૫૦) રૂ.નો ફાળો આપી રૂ. ૨૦૦) ઊભા કર્યા. જોઇતું ફર્નિચર દરેક ભાગીદારે પોતપોતાને ઘેરથી આણ્યું ને એક વર્ષ સુધી કશો પગાર ન લેવાનું ઠરાવી ઇ. ૧૮૮૮ના ૭મી જૂનના રોજ અંગ્રેજી હાઇસ્કૂલનું મુહૂર્ત કર્યું. સરકારે ઠરાવેલા દરથી ઓછી ફી લેતી આ શાળાને સરકાર તો દુશ્મન જ ગણી લે એટલે તેના તરફથી કશી ગ્રાન્ટ મળવાનો સંભવ જ ન રહ્યો; પણ એ ઉછીની આયાત કરતાં પોતાના પરિશ્રમ પર એ ચારે જુવાનો વધુ મુસ્તાક હતા. જનતાની રૂચિ સ્વાભાવિક જ એ બાજુ વળી, કારણ એથી સસ્તું શિક્ષણ આપતી માત્ર એક જ સંસ્થા હતી–મિશન સ્કૂલ, પરંતુ એનો હેતુ શિક્ષણદ્વારા ધર્મપ્રચારનો મુખ્ય હોઇ જનતાને તે પ્રત્યે રૂચિ રહેતી નહિ.

ઈ. ૧૮૮૯માં કેળવણીખાતાના ઇન્સ્પેકટર મિ. જાઇલ્સે આ નવી શાળાની મુલાકાત લઇ, ફી વધારવામાં આવે તો સરકારને ગ્રાન્ટ માટે ભલામણ કરવાનું કહ્યું. પણ સંચાલકોએ એમ કરતાં પોતાનો હેતુ માર્યો જતો હોવાનું જણાવી તેનો ઇન્કાર કર્યો.

પરંતુ એવામાં, ઇ. ૧૮૯૩ના ઑગસ્ટની ૧લીએ અટ્ટાવાળાનું અવસાન થયું. શાળા સ્થાપવા માટે એમને જેટલો ઉત્સાહ હતો એટલી જ એના નિભાવ માટે આત્મભોગ આપવાની એમને તમન્ના હતી. વ્યવસ્થાપક તરીકેની પણ તેમનામાં અજબ કુનેહ હતી. હરિ હર્ષદ ધ્રુવ જેવી દેશદાઝીલી વ્યક્તિની પ્રેરણા પીધેલો એ જુવાન ધાર્મિક સુધારક પણ હતો. માત્ર અઠ્ઠાવીશ જ વર્ષની વયે થએલા એમના અવસાને સંસ્થાને અણપૂર એવી ખોટ પડી.

અને પછી તો એક યા બીજા કારણે શાળાના બીજા પણ ભાગીદારો છૂટા થઇ જઈ, ૧૮૯૫ના સપ્ટેંબરથી આખી શાળાનો ભાર એકલા ચુનીલાલ પર જ આવી પડયો. અધૂરામાં પૂરૂં ૧૮૯૮માં સુરત પર મરકીનો પંજો પડયો. મરણસંખ્યા વધતી જ ગઇ. વિદ્યાર્થીઓની સંખ્યા કમ થતી ચાલી ને શિક્ષકોની હાજરી પણ અનિયમિત રહેવા લાગી. પણ એ એકે આડખીલીથી ઉદાસ ન થતાં એ દૃઢપ્રતિજ્ઞ વીરે ઘરનાં નાણાં હોમી, હજારો રૂપિયાનું દેવું કરી, પત્નીના દાગીના સુદ્ધાં વેચી શાળાને ચાલુ જ રાખી.

પણ આ કસોટી યે અધૂરી હોય તેમ વળતે જ વરસે તેમના એક આસિસ્ટન્ટે મતભેદને કારણે છૂટા થઇ નવી શાળા ખોલી. શાહની શાળામાં માત્ર ૮૮ જ વિદ્યાર્થી રહ્યા. પણ એ દુબળા પાતળા શરીરમાં પર્વત જેવું અડગ મનોબળ વસતું હતું. મુરબ્બીઓની સલાહ, મિત્રોના સદાગ્રહ ને વિરોધીઓની

ટીકા એ બરદાસ્ત કરતા રહ્યા પણ શાળાને બંધ પાડવા તે હરગીઝ તૈયાર ન થયા. હા, એક વાત એમનાં મનમાં વસી અને તે શાળાના આર્થિક સ્થૈર્યની જરૂરિયાતની. ૧૯૦૨માં પરિવારના પોષણકર્તા પિતાની એ છત્રછાયા એમણે ગુમાવી એટલે શાળાના હિતની ખાતર સરકારી ગ્રાન્ટ માટે એક અરજી એમણે સરકારમાં પેશ કરી. પણ કોણ જાણે શા કારણે ઉપરાઉપરી ત્રણ વર્ષ એમણે અરજી કરી ને ત્રણે વર્ષ તે રદ ગઇ.

ચોથે વર્ષે, ઇ. ૧૯૦૬માં મિ. જે.જી. કૉવર્ન્ટને શાળાની મુલાકાત લીધી ને શાળાનું કાયમી ફંડ હોય તો ગ્રાન્ટ માટે સરકારને ભલામણ કરવાનું કહ્યું. ફંડ જો ન હોય તો ગમે ત્યારે એ ગ્રાન્ટ પર પ્રતિબંધ મૂકાય. હવે શું કરવું? ચુનીલાલે શ્રી ત્રિભોવનદાસ માળવીની મુલાકાત લઇ બધી વસ્તુસ્થિતિ સમજાવી ને એ ઉદાર ગૃહસ્થે રૂ. ૩૦,૦૦૦ વિદ્યાદાન તરીકે તેમના હાથમાં સોંપ્યા એટલું જ નહિ પણ આર્થિક પ્રતિકૂળતાઓ આવવા છતાં આજીવન એ સંસ્થાના સહાયક રહ્યા. એ દાનના બદલામાં એમનું નામ શાળા સાથે જોડવાનો ચુનીલાલે આગ્રહ કર્યો પણ એ ભલા ગૃહસ્થે એની પણ ના પાડી ને શાળા 'સાર્વજનિક હાઇસ્કૂલ' નામે સરકારમાં મંજૂર થઇ.

વીસ વર્ષથી એમના સુખદુઃખમાં સમભાગી શિક્ષકોને ચુનીલાલ શાહ નહોતા વીસર્યા. આ ફંડથી ને સરકારી ગ્રાન્ટથી શાળા પગભર થતાં જ તેમણે તેમને માટે પ્રૉવિડન્ટ ફંડની યોજના ઘડી કાઢી.

એમની તબિયત તો પહેલેથી જ નાજુક રહેતી આવતી હતી, ને પોતાના અવસાનથી શાળાનું એ અકાળ અવસાન ન થાય એની એમને હમેશાં ચિંતા રહ્યા કરતી. ડેક્કન એજ્યુકેશન સોસાયટીનો આદર્શ એમના મનમાં રમતો જ હતો. એવા જ ધોરણે એક સોસાયટી સ્થાપી તેને એ શાળા સોંપી દેવાય તો તેનું સ્વરૂપ ચિરંજીવ બને એમ માની મહાપ્રયાસે એમણે ઈ. ૧૯૧૨ના ઑક્ટોબર માસમાં એ નમૂના મુજબની 'સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી' સ્થાપી ને જે શાળાના પોતે કુલમુખત્યાર ને સ્વતંત્ર માલિક હતા તે મટી સ્વયંસેવક બન્યા. અબાધિત સ્વાતંત્ર્યનો એ ભોગ વિરલ છે, આત્મસમર્પણની પરાકાષ્ટા છે.

અને એમણે વાવેલા વિદ્યાપ્રદાનના એ બીનું વૃક્ષ આજે એટલું તો ફાલ્યુંફૂલ્યું છે કે એના એ પોષનાર પ્રત્યે આપોઆપ આપણાં મસ્તક નમી પડે. આજે સદ્ધર બનેલી એની કૉલેજ, એનું સાયન્સ ઇન્સ્ટીટ્યૂટ, સાર્વજનિક લૉ કૉલેજ, ગર્લ્સ હાઇસ્કૂલ, જૈન સ્કૂલ ઉપરાંત બીજી ત્રણ શાળાઓ, તથા ડ્રૉઇંગ અને ડીઝાઇન ક્લાસ, સાર્વજનિક ઇન્ડસ્ટ્રીઅલ સ્કૂલ અને ટીચર્સ ટ્રેઇનીંગ ક્લાસ એકલા સુરતની નહિ પણ સમગ્ર ગુજરાતની સેવા બજાવી રહ્યાં છે.

શ્રી ચુનીલાલ શાહનો જન્મ ઇ.સ. ૧૮૮૬ના મેની ૫ મીએ એક સાધારણ સ્થિતિના કુટુંબમાં થયો હતો. એમનાં ખંત અને અભ્યાસ એટલાં તીવ્ર હતાં કે દરેક વર્ગમાં એ શિષ્યવૃત્તિ મેળવતા રહેલા હોઇ એમના શિક્ષણનો સહેજ પણ બોજો કુટુંબ માથે ન પડેલો.

એમના શરીરનો બાંધો એકવડો ને તબિયત નાજુક હતી. એ તબિયતને કારણે જ તેઓ બી.એ. પસાર નહોતા કરી શક્યા. પરંતુ એકાદ બે માંદગી સિવાય તેઓ સારૂં જેવું સ્વાસ્થ્ય જાળવી શક્યા હતા ને દિવસોના દિવસો સુધીની સતત કામગીરી તેમાં કશો વિક્ષેપ નહોતી નાખી શકી. કામનો ગમે તેટલો બોજો હોય છતાં નિશાળે રોજ ચાલતા જ જવાઆવવાનો નિત્યક્રમ રાખ્યો હતો. ઘઉં ને કઠોળનો એમણે વર્ષોથી ત્યાગ કરેલો. દાળભાત, શાક ને મુખ્યત્વે દહીં ને છાશ એમનો સવારનો ખોરાક. સાંજે બનતાં સુધી જમતા જ નહિ. આમ બળજબરીએ એમણે પોતાનું સ્વાસ્થ્ય જાળવેલું.

અને સ્વાસ્થ્યનું પૂરૂં મૂલ્ય જાણતા હોઇ વિદ્યાર્થીઓના ઘડતરમાં એમણે એ બાબત ખાસ સ્વીકારી હતી. વિદ્યાર્થીઓ માટે વ્યાયામ એમણે ફરજિયાત બનાવ્યો હતો એટલું જ નહિ, પણ બહારનું આલતુફાલતુ ખાઇ વિદ્યાર્થીનું આરોગ્ય ન બગડે તે માટે માસિક આઠ આનામાં શાળામાં રોજ અરધો શેર દૂધ, પાંચ પૂરી ને ચેવડાનું ચવાણું આપવાનો પ્રબંધ કરેલો.

સ્વભાવે એ ખૂબ જ નમ્ર હતા. ઇ. ૧૯૧૬માં એમની સેવાની કદર કરી સરકારે 'કૈસરે હિંદ'નો ખિતાબ આપ્યો ત્યારે સુરત અને મુંબાઇમાં એમને માનપત્ર આપવા થએલા આગ્રહ સામે પણ એમણે ના સુણાવી દીધેલી. એમણે કહેલું, મારા નામ આગળ વિશેષણનો ઉમેરો કરે એવો કંઇ ઇલકાબ સરકાર આપત તો હું તેનો અસ્વીકાર જ કરત.

નિર્માની જેમ નિર્મોહી પણ એ એટલા હતા કે શાળાનો કબજો કશા બદલા વગર સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીને સોંપી દેતાં સોસાયટીએ એમના હિતમાં રૂ. ૫૦૦૦)ની પોલિસી લીધી. પણ એનાં નાણાં એમણે સોસાયટીને જ અર્પણ કરી તેમાંથી મૅટ્રિકમાં પહેલે નંબરે આવનાર વિદ્યાર્થીને રૂ. ૧૦)ની શિષ્યવૃત્તિ આપવા જણાવ્યું. એ વખતે કેટલાક મિત્રોએ એમના પોતા ખાતર નહિ તો એમની સંતતિ ખાતર પણ એ સ્વીકારવાનું કહ્યું, ત્યારે તેમણે જવાબ આપ્યો, 'મારી સૌથી મોટી ને લાડકી સંતતિ તો મારી શાળા છે ને તેને મારી હયાતીમાં જ મારો એ વારસો આપું છું.'

ગીતામાં વ્યાખ્યાત 'નિર્માનમોહી જિતસંગદોષી' શ્લોકના સ્થૂલ નમૂના સમા ને 'શાહ માસ્તર'ના લાડકા નામે વીસ વીસ વર્ષથી વિદ્યાર્થીઓમાં મોહિની ફેલાવી રહેલા એ શિક્ષાગુરુનું ૧૯૧૮ના ઑક્ટોબરની ૨૩મીએ ૫૨ વર્ષની વયે અવસાન થયું. પરંતુ તેમનું ધ્યેય, કેળવણીનો તેમનો આવેશ, ને દૃઢો-થા પર તેમનું જીવનકાર્ય ગુજરાતી પ્રજામાં અમર જ રહેશે. તૈલચિત્ર ને આરસની પ્રતિમા વડે એ ધ્યેય, એ આવેશ ને એ જીવનકાર્યના મૂગા સાક્ષી ને ઉદ્‌ગાતા સમાં એમનાં સ્થૂલ સ્મારકો સુરતની પ્રજાએ સપ્રેમ જાળવી રાખ્યાં છે, જે ગુજરાતમાં ગોખલે ને આપ્ટે જોવાની આરઝૂ ધરાવી ગએલા કેળવણીના એ ભેખધારીની કર્મભૂમિનો ચિરંતન વારસો રહો.

ગયા માસમાં જ સાર્વજનિક સોસાયટીએ પોતાનો સુવર્ણ મહોત્સવ ઊજવી પોતાની યશસ્વી કારકિર્દીનો મહાપર્વ ને એ કારકિર્દીના પાયામાં રહેલ સેવાવ્રતીઓના તર્પણનો સમારંભ આદર્યો. પણ એ સમારંભના સર્વે ઘોષોમાં શ્રી કનૈયાલાલ મુનશીના આ શબ્દો અવિસ્મરણીય બની રહ્યા છે:

'સવા સો વરસ પહેલાં શ્રી રણછોડભાઇ ગિરધરભાઈએ આપણા પ્રાંતની કેળવણીને પાયો નાખવાની ક્રિયા કરી હતી એ વાત આપણે જાણીએ છીએ, પરપ્રાંતીઓ નથી જાણતા. એવી જ રીતે શાહ માસ્તરને આપણે જાણી શકીએ તેટલા બીજા પ્ર દા માણસો ન જાણી શકે. પણ જેઓએ પોતાના પ્રાણ અર્પીને નવું ભારત ઘડ્યું છે તેમાં સ્વ. શાહ માસ્તરનો પણ ફાળો છે. વિશ્વકર્માઓમાં એમનું અમર ને અગ્રસ્થાન છે.'

અશોક હર્ષ

આપણું બચાવનામું

અંગ્રેજીમાં એક કહેવત છે કે 'Politics has no conscience' (રાજકાજમાં લાગણી કેવી?) ને કમભાગ્યે આપણી સર્વ બાબતો જેમ આપણા ઇતિહાસ પ્રત્યે પણ અંગ્રેજોએ એવી જ હીન જડતા દેખાડી છે. દુનિયાના કોઇ પણ દેશનો ન મળે એટલી હદે હિંદનો દૂષિત ઇતિહાસ બાહુતી અંગ્રેજ લેખકોએ રચી કાઢ્યો છે, ને આપણા શાળાગ્રંથો નર્યા ભ્રમો, જૂઠાણાં ને વિકૃતિઓથી ભરેલા એ ઇતિહાસોને જ એકવાડ છે.

આ ઇતિહાસોએ આપણા રાષ્ટ્રપ્રાણને કચડવામાં કંઇ કમી નથી રાખી. હિંદનો વિદ્યાર્થી એને પાને પાને શીખે છે કે ભારતીયો કમતાકાત ને ચારિત્ર્યહીન હતા, એમણે કદી પોતાનો દેશ સાચવી રાખ્યો નહોતો, દેશમાં સદા અંધાધૂંધી પ્રવર્તમાન રહેતી ને અંગ્રેજોએ આવી એમાંથી આપણને ઉગાર્યા ન હોત તો કોણ જાણે શી યે ખાનાખરાબી થાત.

વસ્તુત: હિંદ માટે આમાંની એકે વાત સાચી નથી. આ આરોપો વાંચી હિંદના અપમાનથી જેમનું શિર શરમથી નીચું ઢળતું હોય તેવા હિંદીઓ માટે એક અપૂર્વ ગ્રન્થમણિ તાજેતરમાં ગુજરાતીમાં બે ભાગમાં બહાર પડ્યો છે અને તે પંડિત સુંદરલાલજીના તાજેતરમાં જ સરકારી જપ્તીમાંથી મુક્ત થએલ 'भारत में अंग्रेजी राज्य'નો ગુજરાતી અનુવાદ. એ એક જ પુસ્તક એવું છે જે બતાવે છે કે ભારતમાં અંગ્રેજી રાજ્યની સ્થાપના તલવારના જોરે કે બહાદુરીના બળે નથી થઇ પણ અનેક છળકપટો અને અંદરોઅંદર કાવતરાં જગાવવાના કુટિલ પાયા પર એ ઊભી થઇ છે. અંગ્રેજોએ હીણેલા ભારતીય વર્ચસ્વનું એમાં સાચું બયાન વાંચી દરેક હિંદીની છાતી ગજ ગજ ફૂલશે ને એને સગર્વ ખાતરી થશે કે મારા દેશનો ઇતિહાસ જગતના ઇતિહાસોથી કંઇ અપૂર્વ ને અનોખો છે.

આપણા દેશના મુસલમાન શાસકોને અંગ્રેજોએ નિંદ્યા છે, તેમને હિંદુઓને વટાળનારા ગણાવ્યા છે; પણ આ ગ્રન્થ એ વાત ગલત સાબિત કરી જણાવે છે કે અહીં આવ્યા પછી મુસલમાનો સંપૂર્ણ ભારતીય બની ગયા હતા. બહારથી હુમલો કરવા આવતા

મુસલમાનોનો એમણે વીરતાપૂર્વક મુકાબલો કર્યો છે અથવા પોતે ભારતની સીમાઓ બહાર જઇને મુસલમાન દેશોને ભારતીય સામ્રાજ્યના અંગ બનાવી દીધા છે, અને ક્યારેક તો ભારતના હિંદુ રાજાઓને ત્યાંના શાસકો નીમ્યા છે. આરબોએ બુદ્ધના સિદ્ધાંતો પર સ્વતંત્ર ગ્રન્થો લખ્યા છે ને ઔરંગઝેબે હિંદુઓને જાગીરો ને હિંદુ મંદિરોને માફી જમીનો બક્ષેલી છે. કેટલાક મુસલમાન શાસકોએ તો પોતાની ભાષા છોડી તે તે પ્રાંતોના પ્રાંતીય ભાષા રાજભાષા તરીકે વાપરેલી ને કેટલાક એ ભાષાઓના સરસ કવિઓ ને વિદ્વાનો બન્યા હતા.

અને એમના પછી ઊધાઇ જેમ અંધારા મૂળમાં રહી અંધારા ઇલાજોથી જ પોતાના નિશ્ચિત ધ્યેયે પહોંચેલા અંગ્રેજો કેવા હતા? આ પુસ્તકમાં એમના જ જાતિભાઇઓએ એમના જુલમોના ને વિશ્વાસઘાતોની પરંપરાના આપેલા બયાનો મળશે. આ પુસ્તક આપણને જણાવે છે કે અંગ્રેજોએ જેને દુરાચારી ને ઘાતકી ગણાવ્યો છે એ સિરાજુદ્દૌલા તો મિતભાષી, મિતવ્યવહારી ને મિતાહારી ભદ્ર પુરુષ હતો. કલકત્તાની કાળી કોટડીનો પ્રસંગ આખું અંગ્રેજોનું તૂત જ છે. કર્નલ માલેસને પણ ન્યાય તોળ્યો છે કે 'ખાનદાનીની બાબતમાં ક્લાઇવ કરતાં સિરાજુદ્દૌલા ઘણો ચડિયાતો છે.'

અને ત્યાર પછીના વૉરન હેસ્ટિંગ્સ પર તો કોલબ્રૂકે લખ્યું છે, 'તેણે રોહિલાઓની કરેલી ગેરવાજબી કત્લ, બનારસની લૂંટ ને બરબાદી, અયોધ્યાની બેગમો પરનો અત્યાચાર જવા દઇએ તો યે તેની કૂટનીતિ ને બેશરમ વિશ્વાસઘાત સદા બ્રિટિશ જાતિના નામ પર કલંક રહેવાના.'

અહીં કંપની સરકાર તરફથી આવતા ગવર્નરોને એક જ સૂચના આપવામાં આવતી, ગમે તે ઉપાયે સામ્રાજ્ય વિસ્તારવું ને હિંદને વટાળવું. વેલેસ્લીના અમલથી હિંદને વટાળવાની પ્રવૃત્તિ રાજ્યાશ્રિત બની. એમની આ નીતિમાં તેમને લોઢાના ચણા ચવાડનાર કોઇ મળ્યા હોય તો નાના ફડનવીસ ને હૈદરઅલી. નાના ફડનવીસ માટે જે. સલીવાને લખ્યું છે કે, 'એના જેવા શાસકોની સરખામણીમાં અમે તો વેંતિયા લાગીએ છીએ.'

ત્યારે હૈદરઅલી? ફક્ત પોતાના નામનો પહેલો જ અક્ષર લખતાં જાણતો, શૃંગેરી મઠના જગદ્ગુરુ શંકરાચાર્યનો પરમ મિત્ર આ પુરુષાર્થી સમ્રાટ જો ભારતસંતાનોના દિલમાં ગૌરવ પેદા ન કરે તો આપણે બેહયા બની ચૂકયા છીએ એમ જ માની લેવાનું. અંગ્રેજોના હાથે એકે પરાજય ન ખમી, એમને ઠેઠ મદ્રાસના ફાટકમાં પાછા ધકેલી દેનાર એ મહારથી પર અવશ્ય હિંદનું કુમારધન મતવાલું બની ઊઠવાનું. એની ધાકથી અંગ્રેજોની છાતીનાં પાટિયાં બેસી જતાં. મદ્રાસના દરવાજા પર એણે એક ચિત્ર ચીતરાવ્યું હતું કે પોતે તોપોના ઢગલા પર બેઠો છે, પાછલી બાજુના કિલ્લા પરના ગવર્નર તથા તેની કાઉન્સીલના સઘળા સભ્યો ઘુંટણભેર પડી તેને પગે લાગે છે ને પરાજિત અંગ્રેજ સેનાપતિ સ્મિથ હાથમાં સંધિપત્ર લઇ પોતાને હાથે તલવારના બે ટુકડા કરે છે.

આપણે નાકૌવત હતા એ કહેનારની જીભે તાળાં લગાવે એવી આપણા રાષ્ટ્રવીરોની આખી વણજાર એકસામટી આ પુસ્તકનાં પાનાં પર આપણી એ પછીની કાપુરુષતા પર નીસાસા નાખતી ચાલી જાય છે. ટુકડેટુકડા થતાં સુધી હાથમાંથી તલવાર ન છોડનાર ટીપુ સુલતાન ને એક સોગઠીએ અનેક દાવ ખેલતા માધોજી સિંધીઆથી માંડી જગતના ઇતિહાસમાં અજોડ એવા આપણા 'પ૭ના સ્વાતંત્ર્યસંગ્રામની પુણ્ય વિભૂતિઓ નાનાસાહેબ ને તાત્યા ટોપે, લક્ષ્મીબાઇ ને અહમદશાહ એ જ દર્દભરી આહે જાણે એ સમુદાયમાં સાથ આપી રહ્યા છે,


'ખુશ રહો અહલે વતન હમ તો સફર કરતે હૈં'

આ પુસ્તક આપણને આપીને લેખકે આપણા પર અનહદ ઉપકાર કર્યો છે. અમે તો માનીએ છીએ કે સો જેટલાં રંગીન ને સાદાં ચિત્રો ઉપરાંત આવશ્યક નકશાઓ સાથે સાડા બારસો જેટલાં પાનાંના કંપની સરકાર સામેના આ તહોમતનામા ને આપણા બચાવનામાને હિંદી ઘરોમાં મળેલું સ્થાન તે તે ઘરના રાષ્ટ્રપ્રેમની પારાશીશીનો ઉચ્ચાંશ ગણાવો જોઇએ. કોઇપણ હાઇસ્કૂલ કે કોઇપણ પુસ્તકાલય આ ગ્રંથ વગર રહે તો તેણે પોતાના જ્ઞાનધર્મનો મહાન દ્રોહ કર્યો ગણાશે.

હજી માત્ર દોઢ સો વરસ અગાઉ સુધીમાં આપણે ઠેઠ પુરાણ-કાળથી શોધાએલા પાંચ જ ગ્રહોને ઓળખતા હતા: બુધ, શુક્ર, મંગળ, ગુરુ અને શનિ. તે પછી આ ઇતિહાસકાળમાં શોધાયા તે

ત્રણ નવા ગ્રહો

યુરેનસ · નેપચ્યુન · પ્લૂટો



શનિ સુધીના ગ્રહો તો માણસને પુરાણકાળથી જ જાણીતા હતા. એના શોધનારાનાં નામ પણ આપણને જ્ઞાત નથી. છેક અઢારમી સદી સુધી એ પૌરાણિક જ્ઞાનભંડારને ગનીમત માની લેવામાં આવેલો ને એ સિવાય સૂર્યમાં આકાશનાં અન્ય કુટુંબીઓ હોવાનો કોઇને સંભવ જ ન લાગેલો.

પણ એ અઢારમી સદીમાં અનાયાસે એક નવા ગ્રહની શોધ થઇ ને એ પરથી પાછા બે ગ્રહો શોધાયા. એ ત્રણ ગ્રહો તે શનિ પછી અનુક્રમે આવેલા યુરેનસ, નેપચ્યુન અને પ્લૂટો. એ ત્રણેની શોધ તાજી હોઇ, એમને વિષે હજુ ઘણું જાણવાનું બાકી રહે છે. વળી ત્રણેનો ઇતિહાસ એકબીજા સાથે એટલો સંકળાએલો છે કે ત્રણેને એકસાથે જ લેવા ઠીક પડશે.

એમાંના પહેલા ગ્રહ યુરેનસનો શોધક કોઇ ખગોળ-શાસ્ત્રી નહિ, પણ વિલિયમ હર્શેલ નામનો સંગીતશાસ્ત્રી હતો! આકાશદર્શનનો રસ એને અનહદ હતો. અને એ રસવૃત્તિ અનુસાર એણે પોતાને હાથે બનાવેલું એક દૂરબીન ઈ. ૧૭૮૧ના માર્ચની ૧૩મીએ આકાશ તરફ માંડયું ને આકાશમાં એક વિચિત્ર તેજપિંડ તેની નજરે પડયો. સૂર્યમાળાનું બધું જ્ઞાન એ વેળા તો પર્યાપ્ત થએલું ગનાતું હોઇ, એણે એને નવો ગ્રહ ન ધારતાં ધૂમકેતુ જ માની લીધો ને 'એક ધૂમકેતુનો અહેવાલ' એ નામથી તે પરનો પોતાનો નિબંધ રૉયલ સોસાએટીને મોકલાવી આપ્યો.


એમાં એક વાત પર એણે ભાર મૂકેલો કે એની ગતિ ગ્રહને મળતી આવે છે, પણ એ બાબત પર કોઇએ ખાસ ધ્યાન ન આપ્યું. પછી સેન્ટ પીટર્સ-બર્ગ (હાલ લેનિનગ્રાડ)ના એક ખગોળશાસ્ત્રીએ તેનું ગ્રહ તરીકેનું અસ્તિત્વ પુરવાર કર્યું, અને ગ્રીક પુરાણોમાં શનિના પિતા તરીકે આખ્યાત યુરેનસનું નામ તેને આપવામાં આવ્યું.


આ શોધ હર્શેલની કારકિર્દીમાં ક્રાન્તિમૂલક નીવડી ને એ સંગીતશાસ્ત્રી મટી જઇ, જ્યૉર્જ ત્રીજાના પ્રાઇ-વેટ ઍસ્ટ્રૉનોમર તરીકે ખગોળશાસ્ત્રી બની ગયો.

સૂર્યથી ૧,૭૮,૨૮ લાખ માઇલ દૂર આવેલો હોઇ, તેની પ્રદક્ષિણા કરતાં તેને ખાસ્સાં ૮૪ વરસ લાગે છે. બીજા શબ્દોમાં એમ કહેવાય કે તેનું એક વર્ષ આપણાં ૮૪ વર્ષ જેવડું છે. એ સૂર્યની આસપાસ ફરે છે તો રોજના ૩ લાખ ૭૨ હજાર માઇલના વેગથી, પરંતુ એટલો બધો વેગ આપણી પૃથ્વીના તેવા વેગના તો ચોથા ભાગથી યે ઓછો છે.

ઝાંખા લીલા રંગના બિંબનો એ ગ્રહ, અનુકૂળ સંયોગો હોય તો કયારેક નરી આંખે પણ જોઇ શકાય છે. આપણી પૃથ્વીથી સાડાચૌદ ગણો છે, પણ એનું ઘટત્વ બહુ ઓછું છેઃ પૃથ્વીથી ચોથા ભાગનું. આપણી પૃથ્વી કરતાં તેને સૂર્યનાં ગરમી પ્રકાશ ૩૭૦મા ભાગનાં જ મળે છે.

એની મધ્ય વ્યાસરેખા ૩૦,૯૦૦ માઇલ લંબા-ઇની છે. એની સપાટીનું કશું ચોક્કસ નિરીક્ષણ એના અસીમ છેટાપણાને લીધે નથી થઇ શકતું પણ એની ધરી પરની ફૂદડીનો વખત, એટલેકે એના એક દિવસની





યુરેનસનાં બે ચિત્રો • ડાબી તરફ: પોતાના ચાર ચંદ્રો અને તેમની ફરવાની ધરીઓ સાથે યુરેનસ. એ જ ચિત્રમાં ઉપર ડાબે ખૂણે યુરેનસના પ્રમાણમાં પૃથ્વી કેવડી છે તે બતાવ્યું છે. જમણી બાજુનું ચિત્ર: યુરેનસના ચન્દ્રોની વિચિત્ર ખાસિયત એ છે કે તે પૃથ્વી તેમજ બીજા ગ્રહોના ચન્દ્રો પેઠે ગ્રહની ધરીની દિશામાં નહિ પણ યુરેનસની ધરીને કાટખૂણે (એટલે ઊભા) ફરે છે!

લંબાઇનું પણ ચોક્કસ માપ નથી નીકળી શક્યું. હા, એ નિરીક્ષણમાં એના પૃષ્ઠ પર એક સફેદ ધાબું તેના વિષુવવૃત્તની આરપાર જતું જણાયું. વળી એના રંગપટદર્શનમાં ગુરુ, શનિ કે એના પછી શોધાએલા નેપચ્યુન જેવા પટા તેના પર જણાયા છે. નેપચ્યુનથી એ ઓછા ઘેરા છે, પણ શનિ કે ગુરુ કરતાં વધુ ઘેરા. પરંતુ એ પટાનું મૂળ કારણ હજુ હાથ નથી લાગ્યું.

એને ચે ચંદ્રો છે—એકાદ બે નહિ, પણ ચચ્ચાર. બે હર્શેલે ૧૭૮૭માં શોધ્યા. એમાંનો અંદરનો ટિટાનિયા ૯ દિવસમાં ને બહારનો ઓબેરોન ૧૩½ દિવસમાં યુરેનસની પ્રદક્ષિણા કરી રહે છે. ત્યાર બાદ ૧૮૫૧–૫૨માં વિલિયમ લાસેલે એનાથી પણ નજીકના બે ચંદ્રો એરિયેલ ને અંબ્રિયેલ શોધી કાઢ્યા. એરિયેલને ૨॥ દિવસ ને અંબ્રિયેલને ૪॥ દિવસ અનુક્રમે તેની પ્રદક્ષિણા કરતાં લાગે છે. એ ચારે ચન્દ્રોની એક વિચિત્ર ખાસિયત એ છે કે બીજા ગ્રહોના ચન્દ્રોની માફક ધરીની દિશામાં નહિ પણ તેને કાટખૂણે–એટલે ઊભા–ફરે છે! (જુઓ ચિત્ર)


યુરેનસની શોધ સાથે જ ગણિતથી તેની કક્ષા નક્કી કરવામાં આવેલી, પણ ૧૮૨૦માં માલૂમ પડ્યું કે તેનો માર્ગ બરાબર એ કક્ષાવર્તી નથી. એનું શું કારણ હોવું જોઇએ? તરત વિજ્ઞાનીઓનાં ભેજાં એ પાછળ કામે લાગ્યાં. ૧૮૩૦માં જર્મન ખગોળશાસ્ત્રી બેસેલે પોતાનું મંતવ્ય બહાર પાડ્યું કે યુરેનસની કલ્પિત ને વાસ્તવિક ધરી વચ્ચેના અંતરનું કારણ કોઇ અજ્ઞાત ગ્રહની અસર હોવી જોઇએ. વળી બધી દૂરબીનો એ નવા ગ્રહની શોધ માટે આકાશ સામે મંડાઇ.


ઇ. ૧૮૪૩માં કૅમ્બ્રિજની સેન્ટ જૉન કૉલેજના તરુણ વિદ્યાર્થી જૉન કોચ ઍડમ્સે ગ્રહાકર્ષણની ગણતરી કરી ગણિતની મદદથી બધું અનુમાન ગોઠવી તેનાં કાગળિયાં ૧૮૪૫માં ઇંગ્લંડના ઍસ્ટ્રોનોમર રૉયલ પર મોકલાવી આપ્યાં. પરંતુ તેણે એને અનુસરવાની તસ્દી જ ન લીધી. ત્યાર બાદ થોડો જ વખત રહીને ફ્રેંચ વિજ્ઞાની અર્બાં લવેરિયેએ પોતાની ગણતરી ફ્રેંચ ઍકેડેમીને મોકલાવી તથા જર્મન ખગોળશાસ્ત્રીને સૂચના લખી કે આકાશના ફલાણા ભાગમાં દૂરબીન માંડી જુઓ તો કદાચ નવો ગ્રહ દેખાઇ આવે. એ અનુસાર ૧૮૪૬ના સપ્ટેંબરની ૨૩મીએ એણે દૂરબીન માંડી જોતાં એ દૂરની દુનિયા ખરેખર દષ્ટિભૂત થઇ, ને એને સમુદ્રાધિષ્ઠાતા નેપચ્યુન (આપણા વરુણ દેવ)નું નામ આપવામાં આવ્યું.

નરી આંખે તો આ નવો ગ્રહ નથી જોઇ શકાતો, પણ સારા ફીલ્ડ ગ્લાસથી તે એકાદ પ્રકાશબિંદુ જેવો દેખાઇ આવે છે. દૂરબીનમાંથી તેનું બિંબ લીલાશ પડતું જણાય છે. પૃથ્વી કરતાં એનું કદ ૮૫ ગણું છે, પણ વજન માત્ર ૧૭ગણું; એટલે કે પૃથ્વી કરતાં તેના પરના પદાર્થનું ઘટત્વ માત્ર ૧/૫ જ છે.

સૂર્યથી તો તે એટલો બધો (૨,૭૯,૩૫,૦૦,૦૦૦ માઇલ) દૂર છે કે આપણી પૃથ્વી કરતાં સૂર્યનાં ગરમી ને પ્રકાશ તેને નવસોમા ભાગનાં જ મળે છે. છતાં તારાઓ કરતાં તેનું તેજ ઘણું પ્રબળ છે—આપણા ૭૦૦ પૂર્ણચંદ્રોના પ્રકાશ જેટલું. તેના પૃષ્ઠ પરથી સૂર્યનું નિરીક્ષણ કરીએ તો ૧૨ કે ૧૩ ફૂટ છેટે પડેલા ૧૨૦૦ કૅન્ડલપાવરના વીજળીક આર્કલાઇટ જેવો લાગે.

એનો ચંદ્ર માત્ર એક જ છે ને તે તેની શોધ પછી એક જ વર્ષમાં વિલિયમ લાસેલે શોધી કાઢેલો





ઉપરના ચિત્રમાં પૃથ્વી અને નેપચ્યુનના કદનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે, જ્યારે નીચેના ચિત્રમાં તેઓ બંને સૂર્યથી કેટલે દૂર છે તે અંતરનું પ્રમાણ દર્શાવ્યું છે.

એને ટ્રિટન' (ત્રિશૂલ) નામ આપવામાં આવ્યું છે. નેપચ્યુનથી એ ૨,૨૦,૦૦૦ માઇલ પર, એટલે લગભગ આપણી પૃથ્વીથી ચન્દ્રના અંતરે જ આવેલો છે અને ૫ દિવસ ને ૨૧ કલાકમાં પ્રદક્ષિણા પૂરી કરે છે. કદમાં પણ તે આપણા ચન્દ્ર જેવડો જ ગનાય છે. એની વિશિષ્ટતા માત્ર એ કે એ બીજા ચન્દ્રો કરતાં વિરુદ્ધ દિશામાં ફરે છે.

નેપચ્યુન પર કેટલાક ઘેરા પટા દેખાય છે,—પણ એનું પૃષ્ઠ એવું આવરણોથી ભરેલું છે કે તે બાબત કશું ચોક્કસ નથી થઇ શકતું. એ આવરણને લીધે એની પોતાની ધરી પર ફરવાનો સમય પણ નિશ્ચિત નહોતો થઇ શકતો, પણ વિજ્ઞાનીઓ કયાં એથી હારી બેસે એમ હતા? એમણે એના વિષુવવૃત્તના ઉપસાણ (bulge) તથા સ્પેક્ટ્રોસ્કોપ વગેરેની મદદથી છેવટે તેની એ ગતિ ૧૫ કલાક ને ૮ મિનિટની તારવી કાઢી.

સૂર્યની પ્રદક્ષિણા કરતાં તો તેને ૧૬૪ વર્ષ ને ૨૮૦ દિવસ લાગે છે! આવા ૪૧ વર્ષ સુધી એક સરખી જ ઋતુ ધરાવતા ગ્રહ પર જો કશી વસતિ હોય (જોકે આ નવા ત્રણે ગ્રહોમાંથી કોઇના પર વસતિનો સંભવ જ નથી, છતાં હોય) તો તેને આપણા કરતાં કેવા નિરાળા અનુભવો મળે!

ઐતિહાસિક કાળમાં સૌથી છેલ્લો શોધાએલો ગ્રહ તે પ્લૂટો. તેની શોધ તો તાજી જ છે. યુરેનસ ૧૭૮૧માં શોધાયો, નેપચ્યુન ૧૮૪૬માં, જ્યારે પ્લૂટો તો હજુ નવ જ વર્ષ પર ૧૯૩૦માં શોધાએલો ગ્રહ છે. એનો શોધક છે એક કુમાર વિજ્ઞાની કલાઇડ ટૉમ્બૉ. જોકે એ શોધ પહેલાં વિજ્ઞાનીઓને પચીસ વર્ષ પર તેના અસ્તિત્વની આશંકા ગએલી ને પ્રોફેસર પિકેરિંગે તેનું સ્થાન પણ ગણિતથી નિયત કરી રાખેલું. પણ ટૉમ્બૉએ તેના બદલાએલા સ્થાનના ફોટોગ્રાફો લઈ સાબિત કર્યું કે આકાશનો એ રખડુ કોઇ તારો નથી પણ ગ્રહ છે. આ વાત દેખીતી લાગે છે એટલી સહેલી નથી. લાખો તારાઓના નકશામાંથી એક ચોક્કસ પિંડની પ્રવૃત્તિ તારવવામાં કેટલાં ખંત, ધૈર્ય ને બુદ્ધિની કસોટી જોઇએ એ તો અનુભવે જ ખબર પડે.

ઇ. ૧૯૩૦ના માર્ચની ૧૩ મી તારીખે ઍરીઝોનામાં આવેલી લૉવેલ વેધશાળામાં આ ગ્રહ શોધાયો ને તેને પ્લૂટો (યમરાજ)નું નામ આપવામાં આવ્યું.

બસ. ત્યારથી પાછો પ્લૂટો વેધશાળાની આંખે નથી ચડયો, એટલે એના વિષે વિશેષ પડતી માહિતી પણ નથી મેળવી શકાઇ. કદમાં એ પૃથ્વીથી નાનો મનાય છે. સૂર્યથી તો એ એટલો બધો દૂર આવેલો છે કે આપણી પૃથ્વીને સૂર્યનો પ્રકાશ પહોંચતાં જ્યાં ચાર જ મિનીટ લાગે છે ત્યાં પ્લૂટો પર તે પહોંચતાં સાડા પાંચ કલાક લાગે છે. એ ખૂબ ભારે ને વિપુલ (massive) ગ્રહ મનાય છે. કદાચ મૃત ગ્રહ પણ હોય. તેના પરથી જોતાં સૂર્ય માત્ર એકાદ તારા જેવો લાગે.

સૂર્ય આપણી પૃથ્વીની કક્ષાના બરાબર કેન્દ્રસ્થાને જ હમેશાં નથી રહેતો એ આપણે જાણીએ છીએ, કારણ ઉનાળા કરતાં આપણી પૃથ્વી શિયાળામાં સૂર્યની ૩૦ લાખ માઇલ વધુ નજીક રહે છે. પણ પ્લૂટોની કક્ષા તો એથી યે વધુ લંબવર્તુલ હોઇ, તે નજીકમાં નજીક હોય છે ત્યારે તો નેપચ્યુનથી યે સૂર્યની વધુ નજદીક આવી જાય છે. પણ બંનેની ધરી એવો કોણ કરે છે કે કદી એકબીજાનો રસ્તો નથી કાપતી.

પ્લૂટોનો વ્યાસ સુમારે ૪૦૦૦ માઇલ છે. સૂર્યથી એ બીજા બધા ગ્રહો કરતાં દૂર પડેલો (નજીકમાં નજીકનું અંતર ૨,૭૫,૩૦,૦૦,૦૦૦ માઇલ, દૂરમાં દૂરનું ૪,૬૫,૦૦,૦૦,૦૦૦) હોઇ, તેની આસપાસનો તેનો પ્રદક્ષિણાકાળ પણ સૌથી વિશેષ છે—૨૪૮ વર્ષ! અત્યારે તો એ સૂર્યનો છેલ્લો જ કુટુંબી મનાય છે, પણ પ્રોફેસર પિકેરિંગ તો એના પછી યે હજી એકાદ ગ્રહ રહ્યો હોવાનું માને છે.

'અનિકેત'

નવી નજરે

સમાજહિતની કોઇ અદૃષ્ટ ભાવનાથી, જનસ્વભાવની અજબ સમજથી કે મજાકમશ્કરીની વિચક્ષણ રીતથી જગતના જીવનમાં અજમાવાતા અવનવા અખતરાના કિસ્સાઓ,—જેની પાછળનું માનવ તત્ત્વ આપણને આકર્ષી આપણા વિચારબળને તાઝગી આપશે એવી યોજનાથી કુમારનાં ૧૮૧મા અંકથી ('નવા પ્રયોગો' નામથી) શરૂ થએલી લેખમાળા

અમેરિકન પ્રજાએ ખેલદિલી ખૂબ કેળવી છે, એમ આપણે નીચેના કિસ્સાથી જોઈ શકીએ છીએ: એક માણસે એક મોટા ગામમાં આવી એક મહિના પછીની તારીખે એક રાત માટે એક થીએટર ભાડે રાખી લીધું; ને ભાડાના પૈસા રીતસર ચૂકવી આપ્યા. અને તે દિવસે ગામમાં એક પાટિયું માર્યું, 'તે આવે છે!' અમેરિકન લોકો એવી તીવ્ર જિજ્ઞાસાવૃત્તિવાળા છે કે આ 'તે' કોણ છે એ ચર્ચાનો વિષય બન્યો, અને તેથી વધારે જાહેરાત કરવાની તેને જરૂર ન પડી. પંદર દિવસ પછી પાટિયામાં લખાયું, 'તા. ૩૧મી ઑગસ્ટે તમે તેને થીએટરમાં જોશો.' માણસોની જિજ્ઞાસા વધતી ચાલી. વળી બાર દિવસે લખાણ કર્યું, 'તે આવી ગએલ છે.' અને ૩૧મી ઑગસ્ટને દિવસે 'આજ રાતે ૮–૩૦ એ થીએટરમાં જોશો.' માણસો આ 'તે' કોણ છે અને શું કરવાનો છે તે જોવા રાત્રે થીએટરમાં ગયાં. 'તે'ણે બારીમાં બેસી બરાબર ૮–૩૦ સુધી એકેક ડૉલરની કિંમતે ટિકીટો વેચી. નોકરો તો તેણે કોઇ રાખ્યા જ ન હતા, એટલે માણસો આવતા ગયા તેમ તેમ થીએટરમાં ગોઠવાતા ગયા. થોડીવારે થીએટરમાં માણસોએ સામે પડદામાં પ્રકાશના અક્ષરોમાં વાંચ્યું, 'તે ચાલ્યો ગયો છે.' અને ખરેખર ટિકીટ ઑફિસમાં 'તે' નહોતો. ઘણાને લાગ્યું કે આમાં છેતરપીંડી જેવું બહુ ઓછું હતું. પણ એક સરસ મજાક હતી!

સેગોઆમાં એક દેશી રાજાએ એક અંગ્રેજ ડૉક્ટરના માનમાં પાર્ટી આપી. યોગ્ય વખતે મહેમાનને માનપત્ર આપવાનું હતું તે રાજાના વતી એક વક્તાએ વાંચી સંભળાવ્યું. એ માનપત્ર પૂરું થતાં એનો જવાબ આપવા ડૉ. હીશર ઊભા થવા માંડ્યા. રાજાએ કહ્યું, "આપ બેસી રહો, આપને માટે પણ મેં બીજો વક્તા રોકયો છે. કેમકે અમારે પોલીનીશીઆમાં શીખાઉ બોલનારાઓને જાહેરમાં બોલવાની મના છે."

બૉસ્ટનમાં એક સંસ્થા છે. એ સંસ્થાના બધા સભ્યો ૪૦ વર્ષની ઉપરના બેકાર છે. આ ઉમરના માણસોને કોઈ નવેસરથી નોકરીમાં રાખતું નથી. તેથી આ લોકોએ નોકરી શોધવાની જુદી યોજના ઘડી છે. તેઓની જુદી જુદી ટુકડીઓ પોતાની સંસ્થામાંના 'બીજા' સભ્યો માટે નોકરી શોધવા જાય છે. આની પાછળ હેતુ એ છે કે સેવાની ભાવના રહેવાથી અપમાનો મળે તોપણ તેમને જીવનનો થાક લાગતો નથી, બીજાના વકીલ તરીકે સામે મ્હોંએ દરેક વાત કરી શકે છે, અને દરેકનું આત્મબળ મુશ્કેલીઓ સામે ટકી રહે છે. વળી જરૂર પડે તો "જો ૪૦ વર્ષનો માણસ અશક્ત ગણાતો હોય તો તમે પોતે ૬૦ એ પહોંચ્યા છો, તેનું કેમ?" આવી જાતની જડબાંતોડ દલીલો પણ કરી શકે છે. અને આ બધા ઉપરાંત સંસ્થાનું તંત્ર ચલાવવામાં દરેકને ભાગે કાંઇ ને કાંઇ કામ આવે છે, તેથી દરેકને સ્ફૂર્તિ રહે છે. સંસ્થાની આંતરિક વ્યવસ્થા પણ સરસ છે. જેમકે દરેક સભ્ય પોતે કરેલા કામનો અહેવાલ પ્રમુખને આપે છે, પણ બે મિનીટથી વધુ વખત સુધી એકે વાત લંબાવી ન જોઇએ એવો કડક નિયમ છે. આમ સમૂહગત કામગીરીથી નોકરી માટેની અરજીઓ પણ જોરદાર ઘડાય છે, અને તેમને કામ મળે છે. કામે ચડ્યા પછી પણ એ સંસ્થાને ઉપયોગી થતા રહેવાની દરેકની નૈતિક જવાબદારી રહે છે જ.

એક બીજી પણ સંસ્થા વીસ વરસથી સુંદર કામ કરી રહી છે. એનું નામ "અમેરિકન સિવિલ લિબર્ટીઝ યુનિયન." આ સંસ્થા સભ્યોની ફીમાંથી નભે છે, અને તે બધા એક જ વસ્તુ માટે લડે છે: "કોઇ

પણ વ્યક્તિ કે મંડળને પોતાના ગમે તેવા વિચારોને પણ જાહેરમાં મૂકવાનો હક્ક હોવો જોઇએ.'' આથી દેશભરમાં કોઇને પણ પોતાના વિચારો પ્રસિદ્ધ કરવામાં મુસ્કેલી નડી હોય તો આ સંસ્થાને અરજી કરતાં તે તેનું કામ ઉપાડી લે છે. એક પ્રાંતમાં ડાર્વિનનો સિદ્ધાંત શાળામાં શીખવવા માટે એક શિક્ષક બરતરફ થયો. આ સંસ્થાએ એ પ્રશ્ન હાથ પર લીધો. સંસ્થાએ એ જ પ્રાંતમાં બે વાદી પ્રતિવાદી ઊભા કર્યા. એક શિક્ષક જેણે એ સિદ્ધાંત ક્લાસમાં કહ્યો, અને એક ગામનો કોઇ ગૃહસ્થ જેણે પોતાના બાળકને આવો કઢંગો સિદ્ધાંત શીખવવા માટે એ શિક્ષક પર કેસ કર્યો. કહેવાની જરૂર નથી કે એ બન્ને મિત્રો હતા, અને એના કેસ માટે કોર્ટનું બધું ખર્ચ આ સંસ્થાએ આપ્યું. દસ હજાર ડૉલરને ખર્ચે સંસ્થાએ ઉપરની કોર્ટ પાસેથી એ શિક્ષકને એ સિદ્ધાંત કહેવાનો હક્ક હોવાનો ચુકાદો મેળવ્યો.

બીજે એક પ્રસંગે કોઇ ગામમાં હડતાળીઆઓને ગામનો ટાઉન હૉલ ભાડે દેવાની ગામના મુખીએ ના પાડી. એ ટોળીના આગેવાને અમેરિકાનું 'બિલ ઑફ રાઇટસ્' એ મુખીને વાંચી સંભળાવ્યું, જેમાં અમેરિકન પ્રજાજનને સંપૂર્ણ વાણીસ્વાતંત્ર્ય આપવામાં આવ્યું છે. છતાં પોલીસે તેને પકડ્યો. આ સંસ્થા પાસે એ પ્રશ્ન આવ્યો. એટલે સંસ્થાએ તોફાન જગાવવા માટે એક સભ્ય મોકલ્યો, જે છેવટે કેદમાં ગયો. આમ કોર્ટ સમક્ષ એ કેસ આણ્યા પછી એ સંસ્થાએ કાયદેસર લડત ચલાવી ટાઉન હૉલ હડતાલીઆઓને ન આપવાનું મુખીનું કાર્ય ગુનાહીત હોવાનો ફેંસલો મેળવ્યો. કેમકે તે હૉલ ન આપે એટલે તોફાન અનિવાર્ય બન્યું હતું, અને એના સમર્થનમાં અબ્રાહમ લિંકનના આ શબ્દો ટાંકી શકાય તેમ હતા: ''દેશ અને તેની બધી સંસ્થાઓ તેમાં રહેતા લોકોની માલિકીનાં છે. જ્યારે પણ અસ્તિત્વ ધરાવતી રાજ્યપ્રણાલીથી તેઓ કંટાળી જાય ત્યારે તેમને તેમાં કાયદેસર રૂપાંતર કરવાનો અને એ અશક્ય બને ત્યારે ક્રાન્તિ જગાવી તેને તોડી પાડવાનો હક્ક પ્રાપ્ત થાય છે.''

આમ આ સંસ્થા દરેક વર્ગનાં વાણી સ્વાતંત્ર્ય માટે એક સરખી લડત લડે છે. પછી તે હડતાળીઆ હોય કે હેન્રી ફૉર્ડ, શરાફ હોય કે ચોર. કેમકે એ સંસ્થા માને છે કે સંપૂર્ણ વાણીસ્વાતંત્ર્યનો અભાવ થાય કે તુરત સરમુખત્યારી પ્રવેશે છે. અને વાણી-સ્વાતંત્ર્યથી નિરપેક્ષ સત્યને બહાર આવવાની પૂરેપૂરી તક મળે છે. અને ખરાબમાં ખરાબ વિચારોને પણ વાણીસ્વાતંત્ર્ય તો હોવું જોઇએ. કેમકે તે દબાવવાથી તો બેવડા જોરમાં આવે છે. **Suppression is the life-blood of propaganda.**

ફાટેલા રૂમાલની જ મદદથી માણસ ગવર્નર બની જાય એ વસ્તુ હિંદુસ્તાનમાં અત્યારે શક્ય નથી, પણ અમેરિકામાં આવું જ બને છે. કહેવાય છે કે કાન્સાસ પરગણાના એક ગવર્નર મિ. સ્ટબ્ઝને ફાટેલા રૂમાલે જ ચૂંટણીમાં સફળતા અપાવેલી. તે ભાષણો આપવા જાય ત્યારે આવો એક રૂમાલ ખાસ ખીસામાં રાખતા. પછી ભાષણમાં અધવચ્ચે કપાળ લૂછવા તે રૂમાલ બહાર કાઢે, અને તે ફાટેલ છે તે બાબત આશ્ચર્ય પામી શ્રોતાઓને કહે: 'ખરેખર, મારી પત્નીની બેદરકારીને અંગે જ આવો રૂમાલ ગજવામાં ને હું અહીં ભાષણ કરવા આવ્યો છું. પણ કાંઇ હરકત નહિ. મારી પત્ની બીજી રીતે મારી ઘણી કાળજી રાખે છે. અને તમને શી વાત કરૂં? એનો બનાવેલો રોટલો બહુ સ્વાદિષ્ટ હોય છે.'

આમ ધીમેધીમે તે ભાષણના વિષયમાંથી પોતાના ગૃહજીવનનું વર્ણન એવી રીતે કરવા માંડે કે આમ જનતાને પોતાની જ જીવનકથા વંચાતી લાગે. અને પછી એ બધા મત ખેંચી જાય એમાં શું આશ્ચર્ય!

રૉબર્ટ રીપ્લેનાં Believe It or Not વાળાં ચિત્રો આજ જગમશહૂર બની ગયાં છે. એ ચિત્રો જેવાં વિચિત્ર હોય છે એવી જ વિચિત્ર એની ઉત્પત્તિની કથા છે. બન્યું એમ કે રીપ્લેને એક વખત એવું સ્વપ્ન આવ્યું કે જાણે આખી રાત તેની છાતી ઉપર ચીનાઓ ચાલ્યા કરે છે. ગણતરી કરવાનો તેને શોખ હોવાથી સવારે જાગીને રાતમાં કેટલા ચીના એમ પસાર થયા હશે તેનો અંદાજ તેણે કાઢવા માંડ્યો. અને એ ગણિતની રમત કરતાં એને એક વિચિત્ર સત્ય હાથમાં આવ્યું કે ચીનાઓની ચરચારની ટુકડી જો ચાલવા માંડે તો અનંતકાળ સુધી એવી ટુકડીઓ પસાર થઇ શકે. (અનુસંધાન આગળ પૃષ્ઠ ૧૨૬મે)

ઊંચે આકાશ • • સામે અસંખ્ય શિખરો • • ક્યાંક ઝાડી તો ક્યાંક વિકટ ડુંગરા • • ઊડતું પંખી પણ નજરે ન ચડે • • એવા અફાટ નિર્જન બિયાબાંમાં હું એકલો સાહસભેર ચાલી નીકળ્યો

માયાવતી આશ્રમ તરફ

. મારી સફર [૨૦]

આલમોડામાં હું એક મહિનો રહ્યો. કોઇ પ્રકારે મિત્રોએ ઉદ્વિગ્ન ન થવા દીધો. પણ હું અંદરથી શાંત નહોતો. ગમે તેવા નિરાપદ સ્થાનમાં રહેવા છતાં તેની પાછળ પરાધીનતાનો ભય ખડો હતો. મન ન માને કે હું સ્વાધીન છું ત્યાંસુધી શાંતિ ક્યાંથી વળે? વિચાર્યું કે અહીંથી નાસી છૂટું. પણ જાઉં ક્યાં? સ્વામી વિવેકાનંદે હિમાલયમાં માયાવતી આશ્રમ સ્થાપ્યો છે. ત્યાં જવાનો મનસૂબો કર્યો.

'ભલા માણસ, તને અહીં શું દુઃખ છે? મિત્રે કહ્યું.

'મારું અંતર ઠરતું નથી. મને જવા દો.'

મિત્રોએ ઘણું કહ્યું પણ મેં માન્યું નહિ. આશ્રમમાં જવાનો પાકો નિર્ણય કરી લીધો.

આજ જાઉં કાલ જાઉં એમ કરતાં અઠવાડિયું વીતી ગયું. એક દિવસે મિત્ર ખબર લાવ્યો કે જવું હોય તો એક વિચિત્ર સંગાથ છે. ભોટિયાનો એક કાફલો તિબેટ તરફ જાય છે. પણ તેઓ વસતિવાળા પ્રદેશમાં વેપાર ખેડતા જવાના છે; એટલે પશ્ચિમ તરફ પહેલાં થઇને પછી પૂર્વ તરફ વળશે. પરંતુ તેની સાથે જવામાં કશી અડચણ નહિ આવે. ભોટિયા જાતિ હિમાલયની સફરી જાતિ છે. તેમનું ઘર તેમની સાથે જ રહે છે. કાફલામાં તેઓ રહે છે. સાથે ઘેટાં, બકરાં અને ઘોડાં રાખે છે. શિયાળો બેસતો જાય છે તેમ તિબેટ તરફથી નીચે ઊતરી આવે છે. તે તરફથી કસ્તુરી, ઊન અને બીજો સામાન વેચવા લાવે છે. ઊનાળો શરૂ થતાં અહીંથી બીજો સામાન લઇને તિબેટ તરફ ચાલ્યા જાય છે.

મને થયું આ નવતર સંગાથ ઠીક છે. એમનું જીવન અને અહીંનો પ્રદેશ બંને જોવા મળશે. એટલે ભોટિયાના કાફલા સાથે હું ચાલી નીકળ્યો. પાંચ પુરુષો, ત્રણ સ્ત્રીઓ અને બે બાળકો સાથે હતાં. આ જાતિનું જીવન કેટલું સુખી છે, એ હું સારી રીતે જોઇ શક્યો. નૈતિક જંજાળની કોઇ ઉપાધિ નહિ. સાંસારિક સંબંધોના કોઇ ઝગડા નહિ. આર્થિક વિટંબણાની વિમાસણ નહિ. સાધનોની વિપુલતાથી મોજ કરવાની લાલસા નહિ. આખો વખત પરિશ્રમથી ભરેલો રહે, એટલે નવરો બેઠો નખોદ વાળે એવો કોઇ પ્રપંચ નહિ. આપોઆપ મળેલી સાદાઇ એમની આવશ્યકતાઓને હદ બાંધી બેઠી હતી, એટલે જીવનની શક્તિ એ પાછળ જરાય ખર્ચાતી નહોતી. તેમની જરૂરિયાતમાં બે વખત પેટ ભરીને ખાવું. ટાઢીથી બચવા પૂરતાં ઉપયોગી કપડાં. ભોજન તો તેમને મળી જ રહેતું, કદાચ બનાવટી ભોજન ન મળે તો શિકાર કરીને તે મેળવી લે.

હું એક અઠવાડિયું આ કાફલા સાથે રહ્યો. મને તેઓ કેટલો નાજુક સમજતા હશે એ પૂરું તો ન જાણી શક્યો; પણ હું ચાલવામાં અને કોઇ અઘરૂં કામ કરવામાં થાકતો ત્યારે તેઓ હસતા. મારો થોડો ખોરાક જોઇને તેમને મારી દયા આવતી. હું તેમની દૃષ્ટિમાં થોડું ખાતો. મારે મન તો તે ચારગણો ખોરાક હતો. એક દિવસે સામાન્ય હિંદી જાણતા એક જણે પૂછ્યું:

'તમારા દેશમાં બધા આટલું જ ખાય?'

'હું તો હજી વધારે ખાઉં છું. અમારે ત્યાં તો આટલું કોઇ ખાય તો પચે જ નહિ.' મેં કહ્યું.

ત્યારે બધાં હસી પડ્યાં અને કહ્યું, 'તો બધાં જીવે છે શી રીતે?''

મેં મનોમન જવાબ આપ્યો કે 'પ્રભુ કૃપાથી!'

આઠેક દિવસ થયા. ભોટિયા લોકોનો વિચાર રાહ બદલવાનો થયો. મારે માયાવતી આશ્રમમાં જવું હતું. કાફલો પશ્ચિમ તરફ નીકળી ગએલો. માયાવતી જવા માટે હવે મારે પૂર્વ દિશા પકડવાની હતી. છૂટા પડવા સિવાય કોઇ માર્ગ નહોતો. તેમણે મને માર્ગ બતાવ્યો. મને લાગ્યું હતું કે જોઇએ તેવું સાધન મારી પાસે નથી. હિમાલયના આ પ્રદેશમાં ખભે ખડિયો નાખીને જઇ શકાય તેવું નથી. આગળની

સફર માટે તો બકરું કે ઘોડો સાથે જોઇએ. ખાવા-પીવાનો સામાન પૂરતો હોવો જોઇએ. જોકે માયાવતી આશ્રમે પહોંચતાં રસ્તામાં ઠીકઠીક ગામડાં આવે છે એટલે મુશ્કેલી તો નહિ. પણ રસ્તો ભૂલી જવાય અને યોગ્ય સ્થાન ન મળે તો ભૂખે જ મરી જવું પડે.

છૂટકો નહોતો. ભોટિયાનો કાફલો મારે છોડવો પડ્યો. તેઓએ મને સાથે આવવા ખૂબ આગ્રહ કર્યો. તેમના માયાળુ સ્વભાવની મને અહીં ઝાંખી થઇ. તેઓ છૂટા પડ્યા ત્યારે મારી આંખમાં આંસુ આવી ગયાં. તેમનાં બે બાળકો સાથે હું ખૂબ રમતો. એ રીતે બાળકોને રમાડનાર તેમાં કોઇ નહોતું. બાળકો તો જાણે મને પ્રિય સંગાથી સમજતાં હોય તેમ આખો દિવસ મને વળગી રહેતાં તેથી તેમની માતાઓને મારાપર ખૂબ હેત હતું. ભાઇને બેન જે પ્રેમથી પોતાનું ઘર ન છોડવા વિનવે એ રીતે તેમણે મને સાથે આવવા કહેલું, પણ હું મક્કમ રહ્યો.

હું એકલો મારે રસ્તે પડ્યો. નાનપણમાં સાંભળેલી વાર્તાનું વર્ણન યાદ આવ્યું. ઊંચે જોઉં તો આકાશ. સામે જોઉં તો અસંખ્ય ઊંચાં નીચાં શિખરો. ક્યાંક ઝાડી તો ક્યાંય વિકટ ડુંગરા. જો હિમ્મત તૂટે તો મોત જ થાય ઊડતું પંખી પણ નજરે ન પડતું. ત્યારે મને નિરાશા સાંપડતી કે અહીં ગામ તો હશે જ ક્યાંથી? છતાં ગમે તેમ થાઓ; આગળ ગયે જ છૂટકો. એવું સાહસ કંઇક બળ આપતું અને આગળ ચાલવા માંડતો. ગાઉ ગાઉને છેટે વસેલાં ગામડાના દેશનો અને વગડામાં પથરાએલા માણસોના પ્રદેશનો વાસી હું આ પ્રદેશને ભયંકર જ લેખું. ખરું તો આ હિમાલયની શરૂઆતનો ભાગ વસતિવાળો ગણાય છે. સાત-આઠ કોસને અંતરે કોઇ ને કોઇ ગામડું કે નાનો વાસ મળી જ આવે—ભૂલા ન પડાય તો.

બપોર વટી ગયા. સૂરજ દેવ તપીતપીને થાકી ગયા હોય તેમ ઠરતા જતા હતા. હું યે થાકીને એક ઝાડ તળે બેઠો. ઘણાઘણા વિચારો મનમાં આવી ગયા પાછો વળું? સાધન વગર આ વિકટ પ્રદેશનો મેં રસ્તો પકડ્યો છે. જ્યાં જઇ રહ્યો છું ત્યાં શું કરીશ? આવા-આવા નિરાશામાં ધક્કેલી દેનારા વિચારો ઘડીક આવતા; પણ અદૃશ્ય થઇ જતા. મારા નિશ્ચયબળ આગળ તેમને ઠરવાની જગા નહોતી મળતી. 'માયા' તો કશી હતી જ નહિ. કશી લાલસા પણ નહોતી. આફતમાંથી બચવાનું એવું કોઇ આકર્ષણ હોય તો એ બધા વિચારો ખેંચે ને? જેની પાસે કંઇક કિંમતી વસ્તુ હોય તેને તેના બચાવની ફિકર રહે. અહીં તો બધું છૂટી ગયું હતું. કિંમતી ચીજમાં એક શરીર હતું. તે પણ બાજીમાં મૂકી દીધું હતું. હવે કોનો મોહ રહ્યો? ના, નથી ડગવું. જ્યાં જવાય ત્યાં જવું છે, હવે પાછા તો નથી જ વળવું.

પાસેની ઊંચી ટેકરી ઉપર ચડ્યો તો દૂરદૂર ધૂમાડા નીકળતા જોયા. ચડાણ તો વધારે નહોતું, પણ ઊતરાણ લાંબું હતું. ધૂમાડાવાળી જગ્યાએ પહોંચતાં પહોંચતાં દમ નીકળી ગયો. સૂરજ ભગવાન પણ રજા લઇ રહ્યા હતા. એક ખેતરને શેઢે પહોંચ્યો. ખેડૂત કાંટા બાળતો હતો. તેને ગામનો રસ્તો પૂછ્યો. બિચારો હિંદી સમજતો નહોતો, પણ મારો ભાવ સમજી ગયો. તેણે રસ્તો બતાવ્યો. તેના કહેવા પ્રમાણે એક નાનીશી ટેકરીની પેલી બાજુ નજીકમાં જ ગામ હતું. ટેકરી ઉપર ચડ્યો ત્યારે દેખાયું પણ નજીક. છતાં ચક્કર ખાઇને નીચે ઊતરતાં રસ્તો બે માઇલ લાંબો થઇ ગયો. ગામમાં પહોંચતાં અંધારું થઇ ગયું હતું.

આ પ્રદેશનાં ગામડાં જરા વિચિત્ર લાગે. સરખી જમીન બહુ પ્રમાણમાં નથી હોતી. ઘરો પણ બાંધણીમાં એ પ્રદેશને અનુકૂળ રીતે બંધાયાં હોય છે.

એક ઘરની ખડકી પાસે કોઇ ઘોડો લઇને ઊભું હતું. તેને મેં પૂછ્યું કે રહેવાની જગ્યા મળશે ખરી? તેણે કેવા છો અને ક્યાંથી આવો છો તે પૂછ્યું. મેં જવાબ આપ્યો કે બ્રાહ્મણ છું અને કાશીથી આવું છું. એ ભલા શ્રદ્ધાળુએ તરતજ પોતાના ઘરની એક બાજુમાં મને જગ્યા આપી. બ્રાહ્મણ અને કાશીનો રહેવાસી એ તેને માટે અપૂર્વ શ્રદ્ધાજનક બન્યાં.

સૂતાંસૂતાં વિચાર આવ્યો કે ઉનાળાનો વખત શરૂ થાય છે. સાથસંગાથ વિના ક્યાં રખડીશ? કેદારનાથ ઘણા યાત્રાળુ જતા હશે. ત્યાં જાઉં અનુભવ પણ થશે અને યાત્રીઓ સાથે મઝા પડશે. લક્ષ વિનાની સફર તો એવી જ; હવાની દિશા બદલે તેમ તેનો માર્ગ બદલે. નક્કી કર્યું કે કેદારનાથની જાત્રા કરવી.

સવાર થયું પણ મોડે સુધી ધુમ્મસને લીધે કળાયું નહિ. આ પ્રદેશની ઋતુ કયારેક કયારેક વિચિત્ર બની જાય છે. એકે વાદળું આકાશમાં ન હોય, પણ જોત-

જોતાંમાં ચડી આવે અને વરસી જાય. દિવસે સખ્ત તાપ હોય પણ સાંજે ટાઢ શરૂ થઇ જાય. યજમાને ગાયનું દૂધ પાયું તે પી ચાલી નીકળ્યો.

ગામ બહાર નીકળ્યો અને ધોરી રસ્તા જેવો માર્ગ મળ્યો તે પકડી લીધો. ઊંચોનીચો રસ્તો ઘડીક ઝાડીની વચ્ચે તો ઘડીક સૂકી ટેકરીના પત્થરો પર લઈ જતો. દૂધ પેટમાં પડ્યું હતું એટલે મોજથી ચાલ્યો જતો હતો. બપોરે આરામ લેવા એક ઝાડની છાયામાં બેઠો. હવાનું જોર વધ્યું અને મગજને તાજગી મળી. આંખો ઘેરાઇ. સૂઇને ઊઠ્યો તો સૂરજ ઢળવા માંડ્યો હતો. આમ અધવચ્ચે સૂઇ રહેવા માટે પસ્તાવો થયો. જાણતો નથી કે ક્યાં જવું છે અને કેટલે દૂર જતાં ગામ આવશે? ઝડપથી ચાલતો થયો, પણ પેટ ખાલી થઇ ગયું હતું. આલ્મોડાથી સાથે લઇ લીધેલી પાંઉરોટીનો આશરો લીધો. સાંજ સુધી ચાલ્યા જ કર્યો. ન કોઇ માણસ ભેટ્યું કે ન ક્યાં ય ગામ હોવાનાં ચિહ્ન દેખાયાં. જેમજેમ સૂરજ ડૂબતો ગયો તેમતેમ મારી મૂંઝવણ વધતી ગઇ. આ પહાડી પ્રદેશમાં રાત ગુજારવી એ આફત જેવું તો ખરૂં જ. જંગલી જાનવરોનો પણ ભય ખરો. છતાં સૂરજ ડૂબ્યા પછી સંધ્યાનું અજવાળું રહેતાં સુધી હિંમતથી ચાલતો રહ્યો. સંધ્યા યે આથમી. આગળ ગામ ક્યાં હશે તેનો અંદાજ કરી શક્યો નહિ. ભાગ્યજોગે સુંદર સ્થાન રસ્તામાં આવી ગયું. પાણીનું ઝરણું પણ હતું. પાણી પીને ત્યાં જ રાત ગાળવાનો વિચાર કર્યો. એક લાંબો સપાટ પત્થર શોધી કાઢ્યો. તેના પર કામળો અને મૃગચર્મ બિછાવી દીધાં. તર્કવિતર્કોમાં આંખ ક્યારે બીડાઇ ગઈ તે જણાયું નહિ.

જીવરામ જોષી

નવી નજરે

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૨થી શરૂ) એની ગણતરી આ પ્રમાણે હતીઃ ચીનની વસતિ લગભગ ૫૦ કરોડની છે. હવે જો જન્મપ્રમાણ માત્ર ૧૦ ટકા ગણીએ અને જન્મે એના લગભગ અર્ધાં તુરતજ ગુજરી જાય છે એમ માનીએ તો પણ દર વરસે ૩ કરોડ ચીના ટુકડીમાં જોડાવા માટે તૈયાર થતા રહે. બીજી બાજુ ચચ્ચારની ટુકડીઓમાં દર વરસે ૨,૯૮,૪૦,૦૦૦ ચીનાઓ જોઇએ. એટલે ટૂંકામાં દર વરસે જેટલી ભરતી થાય એટલા આ કલ્પિત ટુકડીઓમાં ખપી જાય, અને ચીનની વસતિ તો ઊભી જ રહે.

આ બધી ગણતરી એણે હકીચિત્ર રૂપે પ્રથમ પ્રકટ કરી. અને એને એવો સરસ આવકાર મળ્યો કે એ આકસ્મિક ઘટનામાંથી એની આખી ચિત્રશ્રેણી ચાલી. અને પછી તો એ આવી મળેલી તકને ખેડવા જેટલી આવડત એનામાં હતી જ.

યુનાઇટેડ સ્ટેટ્સમાં એક એવી કોર્ટ છે, જ્યાં કોઇ પણ માણસ રાજ્ય સામે કેસ માંડી શકે. ખાસ કરીને રાજ્યની કોઈ અવ્યવસ્થાને અંગે જેઓને આર્થિક નુકસાન ગયું હોય એવા શોધકો, ખેડુતો, જમીનદારો વગેરેના કેસ આ કોર્ટમાં ખૂબ આવે છે, અને બધાને નુકસાની પૂરેપૂરી ભરપાઇ થાય છે. આ કોર્ટની ખાસ વિશિષ્ટતા તો એ છે કે કેસ માંડનારે પોતાને રજૂ કરવાની બધી વિગતોનો એક ખરડો માત્ર કોર્ટમાં પેશ કરી દેવાનો હોય છે પછી જે જે પુરાવા એમાં ટાંક્યા હોય તે પુરાવા મેળવવા માટે કોર્ટ પોતે પ્રયત્ન કરે છે. સાક્ષીઓની જુબાની પણ કોર્ટમાં લેવાને બદલે ન્યાયાધીશો અથવા તેઓના પ્રતિનિધિ સાક્ષીની ફુરસદે તેની પાસે જઇ આવે છે. અને એવી રીતે આખા મુકરદમાની યોગ્યાયોગ્યતાનો હિસાબ કોર્ટ પોતાની જાતે જ કાઢી લે છે. અને પછી છેવટનો ચુકાદો વાદી ઉપર મોકલી અપાય છે, અને એ ચુકાદા સાથે, જો તેનો દાવો વાજબી હોય તો, તેને થએલી નુકસાની બદલના ચેક માટેનો હુકમ પણ સામેલ હોય છે. પ્રજાને આ કોર્ટના ચુકાદામાં સંપૂર્ણ વિશ્વાસ રહે છે, કેમકે તેના ન્યાયાધીશો જીવનભરને માટે નીમાએલા હોવાથી શુદ્ધ ન્યાય આપવા સ્વતંત્ર હોય છે.

આવી વ્યવસ્થાને લીધે આ કોર્ટની નૈતિક છાપ પ્રજા ઉપર બહુ સ્પષ્ટ ઊડે છે. જેમકે એક કડીઆને એક વખત તેના શેઠના વકીલે કહ્યું, 'તમને એમ નથી લાગતું કે તમારા શેઠના હિતમાં તમારૂં હિત રહેલું છે? તમે નાહક ગવર્નમેન્ટનો પક્ષ શા માટે ખેંચો છો.' કડીઆએ જરા ટટ્ટાર થઇ કહ્યું. 'હું અમેરિકન છું માટે. હું પોતે જ ગવર્નમેન્ટ છું માટે!'

(ચાલુ)

હરિકૃષ્ણ વ્યાસ

ફોટોગ્રાફી

એક્સ્પોઝર તથા ડેવેલપમેન્ટના હેતુ

એક્સ્પોઝર અને ડેવેલપમેન્ટની ક્રિયા તથા હેતુ જુદાં અને સ્પષ્ટ છે. એક્સ્પોઝરથી ફિલ્મ પર આકૃતિ ઝડપાય છે અને આકૃતિની ઘટ્ટતા (density) તેના પર આધાર રાખે છે જ; અર્થાત્ ફિલ્મ પર આકૃતિ ઉપજાવવામાં કારણભૂત એક્સ્પોઝરજ છે અને વિષયનાં ક્યાં ક્યાં અંગ નેગેટિવમાં કેટલા પ્રમાણમાં આવશે તે પણ નક્કી કરે છે. પરંતુ ડેવેલપમેન્ટનો હેતુ આકૃતિને મૂર્તસ્વરૂપ આપવાનો અને તેનાં જુદાંજુદાં અંગોની વચ્ચે પ્રમાણસર ઘટ્ટતા આણવાનો છે.

નેગેટિવના અન્ડર ડેવેલપમેન્ટથી નેગેટિવ પાતળી આવે છે. વિષયના છાયાવાળા ભાગની વિગત તેથી બરાબર આવતી નથી અને તેવી પાતળી નેગેટિવમાંથી ઊઠતા પ્રિન્ટમાં વર્ણભેદ અસલ જેવા હોતા નથી. એથી ઉલટું જે નેગેટિવમાંથી પ્રિન્ટમાં વધુ કૉન્ટ્રાસ્ટ આવતો હોય—કાળા અને ધોળા વર્ણ વધારે તીવ્ર હોય તે ઓવર ડેવેલપમેન્ટ થએલું હોવું જોઇએ.

પિન હોલ્સ–Pin Holes: **એર બબલ્સ**–Air Bubbles

કેટલીકવાર નેગેટિવના ઈમલ્શનમાં સફેદ કાણાં જેવાં ધોળાં ટપકાં જણાય છે. પ્રિન્ટમાં પણ આવાં ટપકાં ઘણીવાર દેખાય છે. આનાં અનેક કારણો છે. ઇમલ્શનના પડમાં ડેવેલપમેન્ટ દરમિયાન થતા ફેરફાર પણ તેને માટે જવાબદાર છે. હવાના પરપોટા ઈમલ્શન પર ચોંટી જવાથી સોલ્યુશન તે ભાગ પર અસર કરતું નથી પ્રિન્ટ કે ફિલ્મને ડેવેલપરમાં મૂકતાં પહેલાં સ્વચ્છ પાણીમાં બોળી નરમ કરવાની જરૂર છે. પ્રિન્ટને એકદમ ડેવેલપરમાં ઊંધો નાખવાથી પણ પ્રિન્ટની સપાટી પર પરપોટા બાઝી રહે છે અને તેટલી જગ્યા પર ડેવેલપમેન્ટ થતું નથી તેથી સફેદ ટપકાં દેખાય છે. પ્રિન્ટમાં કાળાં ટપકાં આવે છે તેનું કારણ નેગેટિવમાં રહેલાં સફેદ ટપકાં જેવાં કાણાં હોય છે. તે કાણાં ઘણી વાર કૅમેરાના અંદરના ભાગમાંથી ધૂળનાં રજકણો ઊડીને એક્સ્પોઝરની પ્લેટ કે ફિલ્મને ચોંટે છે એને લઇને હોય છે અને એટલા ભાગ પર ડેવેલપમેન્ટની અસર થતી નથી. તેથી તે સફેદ રહે છે આને પિન હોલ્સ–pin holes કહે છે.

એર-બબલ્સ અટકાવવા, ફિલ્મ કે પ્રિન્ટને ૧ થી ૨ મિનિટ સ્વચ્છ પાણીમાં બોળી નરમ કર્યા બાદ જ ડેવેલપરની ડિશમાં મૂકવી. આથી ડેવેલપમેન્ટ એકધારૂં થશે.

કૅમેરામાં ફિલ્મ ચડાવતા અગાઉ, અંદરનો ભાગ સાફ કરવો અને પ્લેટ કે કટ ફિલ્મને સુંવાળા કપડાથી, આંકા ન પડે તેવી રીતે લુછીને ભરવાં. આથી પિન હોલ્સ આવશે નહિ.

ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

પહેલું ઈનામ આ વખતે સારા ચિત્રને અભાવે મોકૂફ રાખ્યું છે. બીજું ઇનામ: 'સંધ્યાટાણું'–ભાઇ જયંત ગધવાણી (મુંબાઇ); ત્રીજું ઇનામ: 'ઓજસના ઓવારે'–ભાઈ હાજી અહમદ (રાજકોટ). નોંધપાત્ર: ૧ ભાઇ ચીમનલાલ ત્રિવેદી (નડીઆદ); ૨ ભાઇ જીવણ ગધવાણી (મુંબાઇ); ૩ કુ. ચન્દ્રા શાહ (મુંબાઇ); ૪ ભાઇ નવનીતલાલ શાહ (મુંબાઇ).

આ માસની હરીફાઈમાં આવેલાં ચિત્રો નબળાં છે. ચોપાટીના દરિયાકિનારે સવારસાંજ અનેક પ્રકારનાં ચિત્રો નજરે પડે છે. ફક્ત ફરવા આવનારાનાં જ પોર્ટ્રેટ જો કોઇ ઍમૅટર એકઠાં કરે તોયે ભિન્ન ભિન્ન જાતિઓનો અમૂલ્ય સંગ્રહ બની જાય. તેવી જ રીતે, કલાકાર અને કવિહૃદયોને દ્રવતાં બનાવતી કુદરતનું પણ ભિન્નભિન્ન ઋતુઓનું વેશપરિધાન ત્યાં ઝડપી શકાય. ઍમૅટર ફોટોગ્રાફર અને સીનેમૅટોગ્રાફી નામક લંડનથી પ્રસિદ્ધ થતા સાપ્તાહિકના તંત્રી મિ. મોર્ટિમરે તો છેલ્લાં દસ વર્ષથી ફક્ત દરિયાનાં જ ચિત્રો ઊપજાવ્યાં છે.

ભાઇ જયંત ગધવાણીએ સંધ્યા સમયના આકાશથી પ્રેરાઇ દરિયાકાંઠે ફરતા ઘોડેસવારનું ચિત્ર ઝડપ્યું છે. ચિત્રમાં ઘોડેસવારનું કદ જોતાં લેનારે સંધ્યાનું વાતાવરણ ઊતારવાનો વિચાર રાખેલો કે ઘોડેસવારની છબી ઉતારવાનો એ નક્કી કરવું મુશ્કેલ છે વાતાવરણ પકડવા માટે જરા દૂરથી ફોટોગ્રાફ લેવાની જરૂર હતી. એકંદરે ફોટોગ્રાફી સારી ગણાય.

ભાઇ હાજી અહમદના 'ઓજસના ઓવારે'માં પણ સંધ્યાનું વાતાવરણ ઊતાર્યું છે. આકાશમાં વાદળાંની સુયોગ્ય રચનાથી ચિત્રનું આકર્ષણ વધે છે. પણ ચિત્રને ખૂબ કાપવાની જરૂર છે. ઉપરથી પોણો ઇંચ અને ડાબી ધારથી અરધો ઇંચ ઉપરાંત પ્રિન્ટને ટ્રિમ કરવાથી ચિત્રરચના સારી બને છે.

ભાઇ ત્રિવેદીએ ફૂલની છાબડીમાં સીતાફળ ભરીને તેનો 'સ્ટિલ લાઇફ' સ્ટડી કરેલો છે. પણ છાબડીનો આકાર બરાબર નથી. તેમજ ફળોની રચના સુરૂચિકર લાગતી નથી. દિલ્હીના 'જયસ્તંભ'નો ભાઇ જીવણ ગધવાણીનો સ્નૅપ અનેક વાર પ્રસિદ્ધ થએલા એના એ જ દષ્ટિકોણથી લેવાયો છે. બહુ પરિચિત અને પ્રસિદ્ધ સ્થળોની ફોટોગ્રાફીમાં વાતાવરણ આણવાનો પ્રયાસ કરવો જોઇએ અગર નવા જ દષ્ટિકોણથી તે લેવાવો જોઇએ.

કુ ચન્દ્રાએ ચિત્રનું બહુ લાંબું નામ આપ્યું છે. પાત્રનાં પોઝ અને ભાવ સારાં છે. ટેક્નીક બરાબર નથી. નવનીતલાલ શાહના 'પ્રતિબિંબ'માં ચિત્રનું મુખ્ય લક્ષ્ય દેખાતું નથી. નથી મૂળ વસ્તુમાં આકર્ષણ કે નથી તેના પ્રતિબિંબમાં. આવા પ્રકારનાં ચિત્રોમાં ડિઝાઇનનાં તત્ત્વો આવશ્યક છે. તે વિના એ ચિત્રો નહિ પણ ફક્ત સ્નૅપ જ રહેવાનાં. **બલવન્ત ભટ્ટ**

વનવગડાનાં વાસી

જળજગલના જીવનસૃષ્ટિનો પરિચય આપતી એ નામની લેખમાળાનો આગળ હપતો

લક્કડફોડા અને કંસારા



આપણા ગુજરાતમાં થતો હેમવર્ણો લક્કડફોડો

શુક વર્ણનને અંતે, એની સહચરી રૂપે વખણાયલી છતાં ભિન્ન ગોત્રપ્રવરની મેનાનો આનુષંગિક પરિચય કરી લીધો. એટલો આડ પ્રસંગ તજીને પુનઃ એક વખત પોપટના સમાન ધર્મીઓની વાતને અનુસરીએ.

[૧] લક્કડફોડા

પોપટ સાથેનો સમાનધર્મ એટલે ઝાડ ઉપર 'ચડી' શકવાને સમર્થ પગવાડાપણું. એ ધર્મ સૌથી વધારે દીપતો હોય તો એકલા લક્કડફોડામાં[૧] જ. આ પંખીના પગ, ઝાડની કઠોરતમ છાલને પણ પકડી રાખી શકે એવા સબળ સ્નાયુવાળા હોય છે. એ ઉપરાંત એની પૂછડીનાં પીછાં અત્યંત કઠણ છે. એટલે પગવડે છાલને પકડી રાખી, અક્કડ ટટાર પૂછડીનો છેડો પાછળ છાલમાં ભરાવીને ગમે તેવા સરળ ઊભા સીધા ઝાડ પર એ ઝપાટાબંધ ચડી જાય છે. એને હેઠે ઊતરવું હોય તોપણ, અન્ય પંખીની પેઠે ઝાડ ઉપરથી ઊડીને જ નીચે જમીન પર કે થડના મૂળમાં બેસવાનું કે અવળા ફરી ઊંધે લટકતે માથે ઊતરવું નથી પડતું પણ જે શરીર સ્થિતિમાં—માથું ઊંચે, પૂછડી હેઠળ—એ ઉપર ચડે છે, તે જ સ્થિતિમાં—અવળા ફર્યા સિવાય—પાછળ પગે એક સામટાં બેચાર ડગલાં હેઠળ ઝપાટાબંધ ખસી પડી ઊતરી શકે છે અને એકદમ પાછો ઉપર ચડી શકે છે. આમ પાછળ ખસતી વખતે, એકદમ હેઠળ ઊતરી ન આવે તેમાં એના પગના સબળ સ્નાયુ ઉપરાંત, એની અક્કડ પૂછડી આડણા (બ્રેક)ની ગરજ સારે છે.

વળી લક્કડફોડા ચડે છે પણ વિશિષ્ટ રીતે. માણસ વગેરે અન્ય પ્રાણીઓને ઝાડ પહાડ કે ભીંત ઉપર ચ્હડવું હોય ત્યારે, થડમાંથી શરૂઆત કરે ત્યાંથી સીધા, અને ત્યાં સુધી સીધી લીટીમાં ઉપર ચડવાનો પ્રયત્ન કરે છે. જ્યારે લક્કડફોડા નાકની લીટીએ સીધા ચડતા નથી. એમ સીધા ચડવાની શક્તિ હોવા છતાં પણ કોઇ ગૂઢ હેતુથી, સીધા ન ચડતાં, થડને ગોળ ફરતો ચક્રાવો લઇને વક્રગતિએ ચડે છે.

આવી રીતે ઝાડ ઉપર ચડવાનો હેતુ લક્કડફોડાના આહારોપાદાનની વિશિષ્ટતા સાથે દૃઢ સંકળાએલો છે. એ પંખીનો જીવનવ્યવહાર કેવળ જીવાત ઉપર નભે છે. એ જીવાત પકડવા લક્કડફોડા જમીન ઉપર ક્વચિત જ ઊતરે છે, કારણ જમીન ઉપર સરળતાથી ફરી શકે એવી શક્તિ એમના પગમાં નથી હોતી. વળી હવામાં ઊડતા જંતુ પકડવાનો પ્રયત્ન પણ એ નથી કરતા, કારણ હવામાં સહેલાઈથી તરી શકે અગર ઝડપથી ઊડતાં જંતુઓને મ્હોમાં ઊડતાં ઊડતાં જ પકડી લે તેવી રીતે ઊડવાને અનુકૂળ પાંખો પણ એમની નથી. એ ઉપરાંત એમની ચાંચ પણ આવો ઊડતો આહાર ગ્રહણ કરવાને યોગ્ય રચનાવાળી નથી હોતી. એમને તો આહાર શોધવાનો હોય છે ઝાડની છાલ પાછળથી. સામાન્ય રીતે ડાળીઓ કરતાં ઝાડના થડની છાલ વધારે જરઠ અને જાડી હોવાથી, તેની પાછળ સંતાવાનું જીવાતને અત્યંત સુલભ થઇ પડે છે. એટલે લક્કડફોડા ઝાડ ઉપર ચડઊતર કરે છે, તે કેવળ શોખની ખાતર નહિ પણ આ છાલની પાછળ ભરાઇ બેઠેલી જીવાત પકડવા માટે.

આવી રીતે જીવાત પકડવામાં પગ અને પૂછડીનાં સાધન ઉપરાંત, એટલું કે એ કરતાં ય વધારે મહત્ત્વનું સાધન એની ચાંચ છે. લક્કડફોડાની ચાંચ એટલે લોખંડના તીકમ જેવો બીજો તીકમ જ. પગ વડે છાલ

---

૧ એનું ગોત્ર Picipae

પકડી રાખી, વેરણીઆની ઘોડી જેવી પૂંછડીના આધારે શરીર ટેકાવીને લક્કડફોડા એમની, મૂળમાં ભારે જાડી અને છેડેથી પાતળી અણીદાર, સીધી કોશના આકારની કઠોર ચાંચથી છાલને ટપ-ટપ-ટપ ટીપીને એમાં કાણું પાડે છે અને તળિયે ભરાઈ બેઠેલી જીવાતને જીભ વડે ઉપાડી લે છે.

એ જીભ પણ છે અન્ય પંખીઓની જીભથી અત્યંત ભિન્ન પ્રકારની: પાતળી, અસાધારણ લાંબી, છેડેથી સ્થૂલ અને વિશિષ્ટ પ્રકારના અત્યંત ચીકણા જિહ્વા-રસથી નીતરતી. આ નીતરતી જીભના છેડા પર જંતુને ચોંટાડી પલકવારમાં એ મ્હોં ભેગું કરી દે છે. આવી જીભ, એ જીભ વડે થતો આવો સફળ અને અનન્ય-સાધારણ શિકારનો વ્યવસાય તો અન્ય પ્રાણીઓમાં માત્ર સરડામાં જ જોવામાં આવે છે.

આહારોપાદાનની વિશિષ્ટતાને લીધે જ લક્કડફોડાના અવયવો આવા વિચિત્ર બન્યા હોય અથવા આવા વિચિત્ર અવયવોને લીધે જ એનો જીવનવ્યવહાર આવો વિશિષ્ટ થયો હશે—વિકાસવાદની આ સમસ્યા ઉકેલવી અત્યંત કઠિન છે. પરંતુ પ્રત્યેક પ્રાણીની શક્તિ અને સાધનોને અનુકૂળ કે અનુરૂપ જીવનસામગ્રી પ્રકૃતિ નિશ્ચિત કરી આપે છે, એ વાત તો લક્કડ-ફોડાના જીવનમાંથી પૂરેપૂરી સિદ્ધ કરી શકાય છે.

છાલ ઊખેડવા, છાલમાં કાણું પાડવાને સમર્થ એવી લક્કડફોડાની ચાંચનો અન્ય પણ મહત્ત્વનો ઉપયોગ હોય છે. એ ચાંચ લાંબી કોશ જેવી અને વિશિષ્ટ રચનાવાળી હોવાથી એનાં પાંખીઆં વચ્ચે કંઇ પણ 'પકડી' શકાતું નથી એટલે તરણાં ડાંખળાં ઉપાડી લાવીને માળો બાંધવામાં લક્કડફોડાની ચાંચનો ઉપયોગ થઇ શકતો નથી. ધારો કે તૈયાર માળો મળી ગયો તોપણ એના પગની વિશિષ્ટ રચનાને લીધે લક્કડફોડો ડાળી પકડીને કે માળાની ધાર ઉપર સલામત આડો બેસી શકતો નથી. એટલે પ્રજનનકર્મ અર્થે માળા જેવું સાધન આ પંખી માટે નિરર્થક તેમ જ અશક્ય છે. એને તો એવી જગાએ ઇંડા મૂકવાનાં રહ્યાં જ્યાં એ સરળતાથી બેસી શકે તેમ અન્ય ઉત્પાતોથી ઇંડાંનું રક્ષણ પણ થઇ શકે. આવું સ્થળ તે બખોલ. ભીંતની બખોલ એને કામ ન આવે: કારણ લક્કડફોડા કેવળ વગડાના વસનારા છે. પહાડોની આડે કે નદી તળાવની ભેખડો પણ એમને માટે નકામી: કારણ દર ખોદતી વખતે એ બેસે શાના આધારે? એટલે એમને તો ઝાડની બખોલ જ કામની. કુદરતી બખોલ મળી જાય તો ઠીક. નહિ તો એકાદ સૂકું ઝાડ શોધી કહાડી, એની ડાળના પડખામાં લક્કડફોડો એની કોશ જેવી ચાંચથી ઝપાટામાં દર કોતરી કહાડે છે અને તળીએ ઈંડાં મૂકી દે છે. એ ઇંડાં માટે નથી એને પાથરવાનું લાવવું પડતું કે નથી ઓઢવાનું. દર ખોદતાં લાકડાંનાં છોડીયાં, વહેર ભૂકો જે દરમાં પડે તે જ ઈંડાંની સુંવાળી (?) પથારી.

આવી વિચિત્ર જીવનચર્યાવાળા લક્કડફોડાની આશરે પચાસ જાતો ભારતવર્ષમાં થાય છે; એમાંની માત્ર ત્રણ જ આપણા પ્રાન્તમાં જોવામાં આવે છે. એ ત્રણેમાં રૂપેરંગે ચડીઆતી જાત તો યથાર્થનામા

૧

સુવર્ણપૃષ્ઠ

લક્કડફોડ જ: Golden Backed Wood-pecker.[૨] અત્યંત પ્રાચીન[૩] કાળથી એ शतपत्र दर्विदा કે दार्वाघाट નામે પ્રસિદ્ધિ પામ્યો છે. સમગ્ર પંખીઓમાં સોનારંગી તો બે જ: આ સુવર્ણપૃષ્ઠ લક્કડફોડો અને હેમજન્મા ચક્રવાક હંસ.[૪] ચક્રવાક તો પરદેશી પંખી: આવે અને જાય; જ્યારે આ ચંપકવર્ણો લક્કડફોડનું દર્શન તો સમગ્ર ગુજરાતમાં સ્થળે સ્થળે થાય છે.

નર: માથું તથા તે ઉપરની કલગી ચળકતાં રક્તવરણાં. ગરદન કાળી. ઉપલી પીઠ અને ખભા ચળકતા તપાવેલા સોનાના રંગે. પીઠ વચ્ચે કાળા અને ચટણી રંગનું મિશ્રણ. કેડનો ભાગ અને પૂંછડી

---

૨ Bracypternus aurantius

૩ શુક્લ યજુર્વેદમાં અશ્વમેધ પ્રકરણ (૨૪·૩૪) પ્રસંગે લક્કડ-ફોડને યજ્ઞબલિ રૂપે વર્ણવ્યો છે (वायवेदर्विदा; મહીધરએનો અર્થ काष्टकुट्ट કરે છે). મહાભારત અને રામાયણ તથા સુશ્રુતે તો એને शतपत्र પણ કહેલો છે. શતપત્ર એટલે સોનું: સોનાના વર્ણ જેવાં રંગીન પીછાંવાળું પંખી—એવો અર્થ થાય

૪ ચક્રવાક એટલે Brahminy Duck: જુઓ કુમાર: માઘ ૧૯૯૧. નળરાજાએ દમયંતી પાસે મોકલેલો હંસ આ ચક્રવાક જ, એવું શ્રીહર્ષકવિ નૈષધીયચરિતમાં વર્ણવે છે: स तत्र . . हिरण्मयं हंसमबोधि नैषधः । ૧·૧૧૭, વગેરે.

કાળાં. પાંખો સોનેરી. દાઢી, ગળું અને છાતીનો ઉપલો ભાગ સફેદ રંગનાં પટીઆંવાળો કાળો. પેટ શ્વેત વર્ણનું. ગાલ સફેદ. પડખાં અને સાથળ ઉપર આડા કાળા પટા. આંખમાંથી કાન સોંસરી શ્યામ રેખા.

માદા: બીજી રીતે નરને મળતી: ફેર માત્ર કપાળમાં: એટલો ભાગ શ્યામ હોય છે.

આ બન્નેની ચાંચ સલેટીઆ રંગની. પગ ઘેરા મેલા લીલા. આંખ કથાડા રંગે.

ઊડે ત્યારે ભારે જોરથી પાંખો હલાવતું અને ઊંચું નીચું થતું. બોલે તે કાન ફાડી નાખે એવા કઠોર તીણા સાદે.

ઊનાળો એનો પ્રજનન કાળ. માર્ચથી જુલાઈ સુધી અવારનવાર એનાં ઇંડા મળી આવે છે. એકાદ જીર્ણવૃક્ષ—ઘણે ભાગે આંબાની ડાળમાં એ સહેલાઇથી પેસી શકે એવું દર ખોદી, એને તળીએ નાની વેંત જેવડા ગોખલામાં અત્યંત ચકચકીત શુદ્ધ શ્વેતવર્ણનાં ત્રણ ઇંડાં મૂકે છે.

આપણા ત્યાંનું મોટામાં મોટું લક્કડફોડ આ જ છે. એ સર્વ સ્થળે દેખાય છે છતાં એની એક ખાસીઅત જાણવા જેવી છે. સાધારણ રીતે પંખીનો જીવનવ્યવહાર જ્યાં સરળતાથી નભે, તેવા સ્થળે તે નિવાસ કરે છે. જ્યાં આવી સામગ્રી વિપુલ ન હોય તે સ્થળનો પંખી સહેજે ત્યાગ કરી જાય છે. લક્કડફોડની આજીવિકા ઝાડપાનવાળા પ્રદેશ ઉપર નિર્ભર છે એટલે સાધારણ ઝાડીવાળાં સ્થળમાં એ રહી શકે. પરંતુ આવું હંમેશાં જોવામાં નથી આવતું. એક જ પ્રકારની પ્રાકૃતિક સગવડોવાળાં અનેક સ્થળ—એટલે પીપળ, પીપળા, કણજી, આંબા, અરડુસા, બાવળ, ખીજડા, રાયણ, આમલી જેવાં અનેક ઝાડનાં જૂથ એક જ પ્રદેશમાં પાસે પાસે આવેલાં હોવા છતાં એમાંનો માત્ર અમુક જ ભૂમિભાગ એ પંખીને ગમી જાય છે અને એને છોડીને આસપાસના બીજા કોઇ પણ ભાગમાં ખસતાં નથી. આવો વ્યવહાર એક જ પંખીનો કે એક જ પ્રદેશમાં અથવા એક જ વર્ષ પૂરતો જોવામાં આવતો નથી પણ દાયકાઓ સુધી અનેક વિશિષ્ટ સ્થળે આ પંખીઓનો આવા જ વ્યવહારનો અનુભવ થાય છે. આબુરોડથી પાંચેક માઇલ આ બાજુ માવળ સ્ટેશનની અડોઅડ રેલવે લાઈનની બંને બાજુ વિશાળ વનસ્થલી પથરાએલી છે. પાંચસાત માઇલના એ વિસ્તારમાં પ્રાચીન ચંદ્રાવતીના વિશીર્ણ મન્દિરોનાં ભગ્નકલેવર સ્થળેસ્થળે વીખરાએલાં, સઘન વનરાજીથી ઢંકાએલાં પડ્યાં છે. વિવિધરંગી પંખીઓનો ત્યાં પાર નથી. ચોમાસાના દિવસો હોય તો સૂર્યનાં સપ્તરશ્મિને આંટે એવા વર્ણવાળાં અસંખ્યાત પતંગિયાંથી એ પ્રદેશ ઝળકી ઊઠે છે. પરંતુ આરસનાં મૂર્તિનિર્માણના એ સુકુમાર અવશેષો જોવા જનાર પથિકની આંખ આ બધાથી આકર્ષાતી નથી. એની નજર પ્રથમ જ કોઈ ખેંચતું હોય તો સુવર્ણપૃષ્ઠ લક્કડફોડ જ. દાયકા પહેલાં રાજસ્થાનનો સુવિખ્યાત લેખક કર્નલ ટૉડ આ મન્દિરો જોવા ગએલો ત્યારે એને પણ એ પ્રદેશનું પ્રથમ આકર્ષણ આવો લક્કડફોડ જ થયો હતો. પાંચેક વર્ષ ઉપર હું એ સ્થળની યાત્રાએ ગયો ત્યારે તે વનમાં પગ મૂકતાં જ મને અને મારી સાથેની મંડળીને પ્રથમ આકર્ષનાર આ જ પંખી હતું. અને આવો અનુભવ માત્ર એકાદ રડ્યાખડ્યા સ્થળનો જ નથી. એવાં કેટલાય સ્થળ મને પરિચિત છે કે જ્યાં આ જાતનાં પંખીનો આવો સ્થાયી નિવાસ નિયમિત જોવામાં આવે છે. આ કોયડાનો ઉકેલ? પંખીઓના પ્રાદેશિક સ્વામિત્વના સિદ્ધાન્તનો[૫] આ દૃષ્ટાન્ત તો ન હોય? કોણ કહી શકે?

---

૫ Territorial Right; ઇલીઅટ હૉવર્ડ નામના અંગ્રેજ પક્ષિતત્ત્વવિદે ઉપજાવેલો પક્ષિજીવનનો વિશિષ્ટ સિદ્ધાન્ત. આ વિદ્વાન એમ માને છે કે, પ્રત્યેક પંખી જ્યાં જ્યાં રહેતું જોવામાં આવે છે, તે તે પ્રદેશનું સંપૂર્ણ સ્વામિત્વ એ ભોગવે છે. એ પ્રદેશમાં કોઇ નવું પંખી આવે તો એને વસવાટ આપવામાં આવતો નથી અને ત્યાંથી હાંકી કઢાડવામાં આવે છે. આવો વ્યવહાર ભોંય પર, ઝાડમાં કે જલાશયમાં વસનારી દરેક જાતનાં પંખીઓનો જોવામાં આવશે.

હૉવર્ડની આ માન્યતા ઇંગ્લંડ જેવા જીવનસંગ્રામ ને પ્રતિકૂળ ઋતુઓના પ્રબળ ફેરફારવાળા દેશપૂરતી કદાચ સત્ય હોય: જ્યાં જીવનને અનુકૂળ સાધનો અત્યંત અલ્પપ્રમાણમાં મળી આવે, તે સ્થળે પંખીઓનો આવો વ્યવહાર કદાચ હોઇ શકે, પરંતુ જે સ્થળ નદી-સરોવર અને લતાપ્રતાન-વૃક્ષાદિ તથા સસ્યસંપત્તિથી ભરપુર હોય તેવે સ્થળે, પંખીઓ આવી સંકુચિત સ્વાર્થી દૃષ્ટિવાળાં નીવડે, એ માનવું અનુભવથી વિરુદ્ધ છે. એ અને એવાં અનેક કારણોથી, ગમે તેટલો આકર્ષક હોવા છતાં, હૉવર્ડનો આ સિદ્ધાંત પક્ષિઓના અભ્યાસીઓનાં બહુ માનપાત્ર નથી થઇ શક્યો.

૨

ભદ્ર

આપણે બીજો લક્કડફોડ તે Yellow-Fronted Woodpecker.[૬] યોગ્ય ગુજરાતી નામના અભાવે એને આપણે ભદ્ર એવું પ્રાચીન સંસ્કૃત નામ આપીએ તો ચાલે.

આશરે એકાદ વેંત લાંબા આ લક્કડફોડનાં કપાળ અને માથાનો ઉપરનો ભાગ પીળો. આંખો ફરતાં કુંડાળાં. કાન, ગરદન, ગળું અને છાતી વચ્ચેનો ભાગ ભાગ શ્વેત. છાતી તથા પેટ બદામી. પેટની વચ્ચેથી ઠેઠ પૂછડી સુધી સળંગ લાલ પટો. પાંખો અને પૂછડી કાળી: એમાં શ્વેત ચટાપટા.

નરમાદામાં ફેર હોય તો માત્ર કપાળ પૂરતો જ: નરનું કપાળ ચમકતા લાલ રંગનું: માદાનું પીતવરણું.

બંનેની ચાંચ શીંગડા જેવા કાળા રંગની. પગ લાલ.

સ્વભાવે અન્ય લક્કડફોડાને મળતું આ પંખી આપણે ત્યાં સર્વસાધારણ વનવાસી છે. માર્ચ મહિનો એનો ગર્ભાધાનકાળ. એ દિવસોમાં એ સૂકાએલા કોહેલા ઝાડમાં દર ખોદી, એને તળીએ શ્વેતરંગી પારદર્શક ત્રણ ઇંડાં મૂકે છે.

ઉપરનાં બંને પંખી અશેષ ગુજરાતમાં બારેમાસ રહેનારાં સામાન્ય પંખી છે. એ ઉપરાંત

૩

લક્કડફોડની એક ત્રીજી જાત આબુ અને ઇડરના પાર્વતીય પ્રદેશોમાં જોવામાં આવે છે. એનું નામ Small Green Woodpecker.[૭] નામ પ્રમાણે ગુણવાળા આ પંખીના શરીરનો ઉપરનો વર્ણ લીલો. હેઠળના ભાગે લીલા-ધોળા-કાળા રંગનું મિશ્રણ. નરનું માથું લાલ; માદાનું કાળું. બંને પંખીની ચાંચ અને પગ કાળાશ પડતા.

આશરે અરધા હાથના દેહવાળો આ લક્કડફોડ આ પહાડી પ્રદેશમાં સ્થાયી રહેનારો છે પણ એ સામાન્ય પંખી ન ગણાય.

[૨] કંસારા

પોપટ અને લક્કડફોડ: ચડ ઊતર કરી શકે એવા પગવાળાં પંખીઓનાં આ બે ગોત્ર ઉપરાંત અન્ય એક ગોત્ર છે. તેનું નામ Barbets.[૮] એની લગભગ અઢાર જાતો હિન્દુસ્તાનના વિવિધ પ્રાન્તોમાં જોવામાં આવે છે પરંતુ આપણે ત્યાં તો માત્ર બે જાત જ નજરે પડે છે.



૧

એમાંની વ્યાપક અને બાગબગીચા ખેતર વાડી અને પહાડી પ્રદેશમાં સર્વ સ્થળે દેખાતી જાત તે કંસારા: Coppersmith અગર Crimson-Breasted Barbet.[૯] એકબીજાથી ચડી જાય એવા લીલા અને લાલ રંગના સંયોગને લીધે એ, બધાં પંખીઓમાં અનોખી ભાત પાડે છે. કદમાં ચકલી જેવડું અને દેખાવે પણ લગભગ એવું જ છતાં એના ચમકતા રંગને[૧૦] લીધે ઓળખવામાં મુશ્કેલી નથી પડતી.

એનો વર્ણ: ઊપલા ભાગે લીલો. પીઠ પરનાં પીછાં અને પાંખોમાં આછી પીળી છાંટ. હેઠળનો ભાગ પીળાશ પડતો કે લીલાશ પકડતો ધોળો: એમાં પણ ઘેરાશ પડતા લીલા રંગની છાંટ. એ બધામાંથી પેટ પરની સફેદાઇ તરી આવે છે.

પણ એને ઓળખવાની મુખ્ય નિશાની તો એના કપાળ તથા છાતી ઉપરનાં ચળકતા લાલ રંગનાં લાંછન છે. એ લાંછન હેઠળ સોનેરી અર્ધચન્દ્રાકાર

---

૬ Picus mahrattensis

૭ Gecinus striolatus

૮ Family: Megalaimidae

૯ Xantholaema haemacephala

૧૦ આલ્ફ્રેડ રસલ વૅાલેસ નામનો વિદ્વાન એવો મત ધરાવે છે કે, કોઇ પણ પ્રાણીના જે વિશિષ્ટ અંગમાં અત્યંત ચમકતા રંગ હોય, તે અંગ અગાગ ચૈતન્ય વાળુ હોવું જોઇએ. જેમકે, લક્કડફોડાના માથાનો રંગ ચળકતો હોવાથી, એની ચાંચ દ્વારા એ અંગ અત્યંત બળપૂર્વક લાકડુ ઠોકવાની ક્રિયા કરી શકે છે. એવી જ રીતે, માથા અને ગાલ તથા છાતી ઉપરના ચળકતા રંગને લીધે જ, કંસારાનાં તે અંગ, ચાંચ વડે લાકડું ઠોકવાની ક્રિયા દ્વારા પોતાનું ચૈતન્ય વ્યક્ત કરે છે. વાસ્તવિક રીતે તો લક્કડફોડા જેટલી ટપાટપ કંસારા ભાગ્યે જ કરતા દેખાય છે, એટલે આ પંખી પૂરતો વૅાલેસનો મત નિરાધાર ગણાય.

સાંકળી આવેલી હોય છે. એનું ગળું આછું પીળું. માથાથી ગળા સુધી તથા મૂછ આગળ કાળી પટી. માથા પાછળનો ભાગ વાદળી છાયાવાળો.

એની ચાંચ કાળી જાડી મજબૂત, પગ ઘેરા લાલ. નહોર કાળા; પૂંછડી ટૂંકી.

વળી આ પંખીની અન્ય એક વિશિષ્ટતા એની મૂછો—ચાંચના મૂળમાંથી, નસકોરાં આગળથી અને દાઢીમાંથી ફૂટતી મૂછો અને દાઢી જેવા ઊભાં વાળનાં ગુચ્છા—જોનારની આંખમાં ખૂંચે છે.

એમનો આહાર મોટે ભાગે ફળ છે.

કંસારો આપણા ત્યાં બારેમાસ વસનારૂં પંખી છે. ફેબ્રુઆરીથી મે સુધીના ગાળો એનો સંતાનોત્પત્તિનો કાળ છે. એ વખતે એ એકાદ જીર્ણ ઝાડમાં એની કઠોર ચાંચવડે કાણું પાડી, એમાં આછા મેલા રંગનાં ત્રણ ઇંડા મૂકે છે.

એનું "કંસારો" નામ પડયું છે એ પંખીની વિચિત્ર બોલી ઉપરથી. આડે દિવસે એ બોલતો સંભળાય છે ખરો પણ એની બોલવાની ખૂબી તો જોવામાં આવે છે એની સંવનનની ઋતુમાં. એ વખતે એ આખો દિવસ, સવારથી સાંજ સુધી અવિરત ઉચ્ચ સ્વરે એકાદ ઊંચી ડાળ ઉપર બેસી બોલ્યે જ જાય છે: 'ક્રૂક્-ક્રૂક્-ક્રૂક્.' અંગરેજીમાં એની બોલીનું શબ્દાનુકરણ "Tonk-Tonk-Tonk"-પદવડે કરવામાં આવે છે: જેમ કંસારો એની એરણ ઉપર તાંબાની ગોળીને ટીપતો ટૅાક્-ટૅાક્-ટૅાક્ અવાજ કરે છે, તેમ. પરંતુ આ અનુકરણ ખોડવાળું છે. મેં સેંકડો કંસારા બોલતા સાંભળ્યા છે; અંગરેજ પક્ષિતત્ત્વવિદોનો આ પદારોપ કેટલો તાદૃક્ છે, એ જોવા મેં સ્થળે સ્થળે રખડીને આ પંખીની બોલીની ખૂબ ધ્યાનપૂર્વક પરીક્ષા કરી છે, પણ કહિં પણ કદીય 'ટૅાક-ટૅાક-ટૅાક' કરતું એ સંભળાયું નથી. એના સ્વરની સાચી સરખામણી કરી શકાય તો માત્ર કોસના અવાજ સાથે જ. સૂંઢીઓ કોસ ફરતો હોય ત્યારે એનો વરત ચાલે છે એ ચકરમાંથી અગર તો એની રાસ ચાલે છે એ ગરેડામાંથી નીકળતો "કૂક-કૂક-કૂક" અવાજ અને કંસારાનો અવાજ બરોબર એક જ સરખા મળતા આવે છે. એટલી હદ સુધી કે કંસારાના બોલ સાંભળી આટલામાં કહિં પણ કોસ ફરતો હશે એવી ભ્રમણામાં પણ હું ઘણી વખત પડયો છું.

શરૂઆતમાં આસ્તે, અને આગળ જતાં ચડતા સ્વરે કંસારો ઉપરાઉપરી બોલ્યે જ જાય છે, ત્યારે આપણને અનેરો આનંદ થાય છે. એ ઉપરાંત એના બોલની અન્ય પણ એક ખૂબી છે. કંસારો આપણા માથા ઉપર જ બોલતો હોય છતાં એનો સ્વર આવતા લાગે તદ્દન ભિન્ન દિશામાંથી. માથું આમતેમ હલાવી એના સ્વર એ એવી રીતે નાખે છે કે એક જ પંખી આપણને જુદી જુદી દિશાએથી બોલતું લાગે. એની આવી વિચિત્ર શક્તિને લીધે એને ઘણી વખત શોધવો પણ મુશ્કેલ થઇ પડે છે.

લક્કડફોડાના વર્ગનું અને એના જેવા સ્વભાવવાળું હોવાથી, એક વખત એવી માન્યતા પ્રવર્તતી હતી કે કંસારાના "બોલ" ખરેખર એના મ્હોંમાંથી નથી નીકળતા પણ એ, લક્કડફોડની પેઠે એની ચાંચથી લાકડું ખોદે છે, તે ખોદવાનો અવાજ જ આપણને એની 'બોલી' રૂપે સંભળાય છે. પણ આ માન્યતા સાવ ભ્રમમૂલક અને ખોટી છે, એમ કંસારને ધ્યાનપૂર્વક સાંભળનાર અને જોનારની અલ્પ પ્રયત્ને ખાતરી થાય છે.

કંસારો આપણા ત્યાં સર્વ સ્થળે રહે છે પણ આડે દહાડે એ ઝાઝો નજરે નથી પડતો. માત્ર ઊનાળામાં પીંપળનાં ભૂતાં પાકે છે ત્યારે એકેક ઝાડ ઉપર પાંચ સાત પંખી ઊડતાં ફરતાં આપણે સહેજે જોઇએ છીએ.

આપણા ત્યાંનો બીજો કંસારો તે Western Green Barbet[૧૧] આશરે દોઢ બે વેંતની દેહયષ્ટિવાળું આ પંખી ગુજરાતની ઉત્તર ધારે, આરાવળ ગિરિમાળા—આબુ અને ઇડર—નાં જંગલોનું સ્થાયી વતની છે.

એનો ઉપરનો વર્ણ લીલો: હેઠળ અને પડખાંમાં એવો, પણ આછો. પૂછડી હેઠળ પીળાશ પડતો. માથું, ગરદન, છાતી અને પેટ બદામી.


ચાંચ ઘેરી બદામી. પગ આછા ફિક્કા પીળા.

એપ્રિલ અને મેમાં એ ઝાડમાં દર પાડી તેમાં ફિક્કા ધોળા રંગનાં ચાર ઇંડાં મૂકે છે.

આ પંખી ઝાઝું નજરે પડતું નથી.

---

૧૧ Megalaima inornata



જીવનનું પરોઢ

ભાગ બીજો

પ્રકરણ અઢારમું · મોત ઓળંગ્યું

સાત દિવસના ઉપવાસ વીત્યાને મહિનોએક થયો હશે ત્યાં એક રવિવારે સવારે ઊઠતાંની સાથે સાંભળ્યું કે 'આજે કોતવાલ સાહેબ આવ્યા છે. ડૂબતાં ડૂબતાં બચ્યા. તેઓ દેશ જાય છે.'

ડરબનથી ફીનિક્સ આવનારી ટ્રેનો રવિવારે બંધ રહેતી, એટલે રવિવાર અમારે ત્યાં ગાળવા આવનારને શનિવારની મધરાતની ગાડીમાં આવવું પડતું. ફીનિક્સમાં ચોમાસું પોણો વરસ ચાલતું, એટલેકે વરસાદને ગમે ત્યારે આવવાની છૂટ હતી. બેચાર કલાક વરસાદ ધોધમાર પડ્યો ન પડ્યો ત્યાં તો ટેકરીઓનાં પાણી નાળાંઓને ગાંડાતૂર બનાવી મૂકે.

ફીનિક્સનાં નાળાંનાં કાંઠાબૂડ પાણી ત્યારે ઘડીકમાં છાતીસમાણાં થઇ જતાં. બીજા કોઇ હોય તો અંધારી મેઘલી અધરાતે આવું નાળું ઓળંગવાનું સાહસ ન કરતાં પાછા સ્ટેશને જ જઇને સૂઇ રહે. પણ કોતવાલ સાહેબ તો સિંહ જેવા. સામે પૂરે તરવામાં એમને બમણું શૂર ચડે. તરીને જ તેઓ ઓળંગ્યા હોત તો ફાવી ગે જાત; પણ તેમની પાસે સંપેતરાની બે ઘડીઆળો, ચંપલની નવી જોડ અને બેએક ચોપડી તથા કપડાંનું પોટકું હતું. તરવા પડતાં એ પલળવાનો ડર લાગ્યો એટલે તેમણે પોટકું ખંભે બાંધ્યું અને કાછોટો વાળી લાકડીને આધારે નાળાના ગોળ લપસણા પાણાઓ ઉપર પગ ઠેરવી નાળું ઓળંગતા આગળ વધ્યા.

અર્ધો ઉપરાંત તેઓ આવ્યા ત્યાં પગ લપસ્યો અને આકરા વહેણમાં તણાયા. નીચાણમાં પાણી વધારે ઊંડું હતું અને પગ ઠેરવાય એમ ન હતું. આવે કપરે વખતે પણ કોતવાલ સાહેબે પોતાની બુદ્ધિ સાવધ રાખી અને પોતે ચત્તાપાટ તરતા પૂર સાથે ઘસડાયા. ફર્લાંગેક સુધી તણાયા પછી નાળામાં તણાતું તણાતું અટવાઇ ગએલું એક ખજૂરીનું થડ તેમને પગે અથડાયું. ઘા ન ગણકારતાં તેમણે થડ ઝાલી લીધું અને તેના ઉપર ઘોડો પલાણી તરતા સામે કાંઠે પહોંચ્યા. આ બનાવ સ્ટેશનથી અર્ધો માઇલ ઉપર બન્યો. બીજા એ .માઇલ પૂરા કરી આશ્રમ સુધી પહોંચતાં સુધીમાં બીજાં ત્રણેક નાળાં વટાવવાનાં હતાં, પણ તે કંઇક નાનાં હતાં. વળી એકના અનુભવે કોતવાલ સાહેબ એ કળા શીખી ગયા હતા.

કોતવાલ સાહેબનું આ રોમાંચક વીતક સાંભળી અમે આશ્ચર્યચકિત થઇ ગયા. હું દોડતો તેમની પાસે પહોચ્યો અને માથાથી પગ સુધી એમને નિહાળીનિહાળીને જોવા લાગ્યો. તેમના ચળકતા દાંત, હસતું મોઢું અને ચહેરા પર પથરાએલું તેજ જોઇ મને તેમના વિષે ઘણું માન ઉપજ્યું. બપોરે જમી પરવારી અમે તેમની સાથે પેલું નાળું જોવા ઉપડ્યા. કોતવાલ સાહેબનાં વહાલાં ચંપલ ને ઘડીઆળ વગેરે ગોતવામાં મદદ કરી. કલાકો સુધી નાળાને કાંઠેકાંઠે કાદવ ને કાંટા ખૂંદ્યા. પણ એ આકરા પૂરમાં એવી નાની ચીજનો શો પત્તો લાગે !

બેએક દિવસ રહી કોતવાલ સાહેબ દેશ જવા ઉપડી ગયા. અમારી વચ્ચે ચર્ચા ચાલી કે 'કોતવાલ સાહેબ તો ગોખલેજી પાસે રવાના થઈ ગયા! હવે પાર્લામેંટની બેઠક પૂરી થાય એટલે આપણે સૌને યે જવાનું છે. અહીં તો મજા છે. ત્યાં કોણ જાણે કેવી કસોટીએ ચડવું પડશે! મનમાં આવો થડકો છતાં દેશ જવા અમારી અધીરાઇ વધતી હતી. ફીનિક્સના સાંકડા વંડામાંથી છૂટી વિશાળ હિંદુસ્તાનના અનેરા અનુભવો લેવાનો અમારો ઉમળકો સાધારણ ન હતો.

પૂજ્ય બાપુજીએ પણ હવે અમને દેશને સારૂ વાતવાતમાં તૈયાર કરવા માંડ્યા હતા અને ઝીણી ઝીણી સૂચનાઓ દેવા લાગ્યા હતા, કે 'અહીં આટલા બધા કાગળો અને નોટબુકો બગાડો છો, પણ દેશમાં જશું ત્યારે એ નહિ પાલવે. ત્યાં તો કાપલીએ કાપલીની ગણત્રી કરવી પડશે. અહીં ઉડાઉપણું નભ્યે જાય છે, પણ ત્યાં કરકસર નહિ કરો તો ક્યાંય પો-

સાવાના નથી. આટલાં બધાં ફળો, ડબ્બાનાં દૂધ, સૂકો મેવો જે જોઇએ તે ખોળે ને ખોબે અહીં મળે છે, પણ દેશમાં એ બધા વિના ચલાવી લેતાં આવડવું જોઇશે ભણતરને નામે અહીં રમત ચાલે છે, પણ દેશમાં તેજસ્વી અને બુદ્ધિમાન છોકરાઓની હારોહાર દીપી નીકળવું એ સહેલું નથી.'

ટૂંકમાં, દેશમાં જતાં અમારી શી વલે થવાની છે તેની ચિંતા અમને રાતદિવસ પજવ્યા કરતી. અમારામાંના ઘણાખરાને તો દેશની કંઇ જ કલ્પના ન હતી. જેમકે પલાંઠી વાળીને બેસવું, હાથ વડે ખાવું, ધોતિયું પહેરવું એ બધું જ તેમને નવાઇભર્યું હતું. હું તાજો જ દેશમાં રહી આવેલો એટલે બધા વચ્ચે દેશના રીતરિવાજની વાતો કરી ઠીકઠીક મોટાઇ મેળવતો થયો હતો.

એ જ અરસામાં એક બપોરે દેશમાંથી તાર મળ્યો જેમાં બાપુજીના વચેટ ભાઇ કરસનદાસ કાકાના ગુજરી ગયાના સમાચાર હતા. જ્યારે સમાચાર આવ્યા ત્યારે ઘણે ભાગે બાપુજી છાપખાનાના કાર્યાલયમાં હતા. તેમણે તાર જોઇ લીધો અને પોતાને કામે વળગી ગયા. સાંજે કામનો વખત પૂરો થયો અને અમે રમવા ઉપડ્યા ત્યારે દેવદાસકાકાને અને મને કરસનદાસ બાપુજીનું સ્નાન કરાવવામાં આવ્યું. હવે તો થોડા જ મહિનામાં દેશ જઇને પોતાના કાકાને જોવાની દેવદાસકાકાને આશા હતી; અને ઘરના વડવાઓ પાસે પહોંચવાની એકવાર ઉત્સુકતા જાગ્યા પછી એમાં આવું બની આવે ત્યારે કેવો આકરો આઘાત લાગે છે એ જેણે વેઠ્યું હોય એ જ કલ્પી શકે. દેવદાસકાકાની ગમગીનીએ મને પણ ઉદાસ કરી દીધો. તે દિવસે અમારા બીજા સાથીઓને પણ રમત સૂઝી નહિ. રમતનો વખત આમતેમ આંટા મારવામાં પૂરો થયો ત્યાં પ્રાર્થનાનો સમય થયો અને અમે રોજ મુજબ ગોઠવાઇને બેઠા.

હું બાપુજી પાસે જ બેઠો. તેમની સ્થિતિ જાણવા હું ઉત્સુક હતો. મેં ધારીધારીને તેમના ચહેરા સામું જોવા માંડયું. તેઓ પ્રસન્ન ન હતા; એટલું જ નહિ પણ રોજની જેમ આવીને બેસનારા ભણી એક નજર નાખી જવાની એમની આદત છતાં આજે તેઓ આંખ ઉંચકતા જ ન હતા. એમના હાથમાં એક કાગળ હતો. તેના ઉપર મીટ માંડીને બેઠા હતા. થોડી વારે મેં એમની આંખમાંથી પાણીનાં ટીપાં ખરતાં જોયાં. બાપુજીને મેં ઉદાસ ભાગ્યે જ જોએલા, તેમાં વળી એમને આંસુ સારતા જોયા એટલે હું વ્યાકુળ બની ગયો. દેવદાસકાકા તો ધ્રૂસકેધ્રૂસકે રોવા લાગ્યા. બેચાર આંસુ ખર્યાં કે બાપુજી સ્વસ્થ થઇ ગયા અને આંખો લૂછીને એમણે પ્રાર્થના શરૂ કરાવી દીધી. પ્રાર્થના પૂરી થયા પછી તેમણે બોજા ભગતના 'પ્રાણીઆ ભજી લેને—' તથા 'જીવને શ્વાસ તણી સગાઇ' એ બંને ભજનો ગવડાવ્યાં. મારી બાએ એ ગાયાં. બાના કંઠમાં પણ એ વખતે એવો કંપ હતો કે એ સાંભળતાં ભલભલાનાં હૈયાં પીગળી જાય.

અમે ગળગળા થઈ ગયા. ભજન પૂરૂં થયાં પછી ટૂંકામાં બાપુજીએ એ ભજનો ઉપર વિવેચન કર્યું: 'સાચે જ એકબીજાની સગાઈ કહેવા પૂરતી જ છે. બાકી આ શરીરની સગાઇ તો શ્વાસ પૂરતી જ છે. શ્વાસ છૂટચો અને જીવ ગયો એટલે આ શરીરની સગાઇ પણ ફોક. એમાં બીજી સગાઇઓનું ગુમાન આપણે કેવી રીતે કરી શકીએ ? છતાં દુન્યવી સંબંધોને વળગ્યા વિના આપણાથી નથી રહેવાતું. મારી અને એ ભાઇની વચ્ચે ભારે હેત હતું. અમે સરખે સરખા હોઇ રાતદિવસ સાથે જ રહેતા. ભાઇનો સ્વભાવ મારાથી સાવ જુદો હતો અને મને ન રૂચે એવી વસ્તુમાં હું એનો સાથ ન પુરાવતો તેથી એને બહુ દુઃખ થતું. પણ એણે તો મારા ઉપર સદા યે પ્રેમ જ વરસાવ્યો છે. સગા ભાઇને અનુકૂળ ન થવું એ ઓછા ખેદની વાત નથી; પણ કમનસીબે મારે ભાગે સદા યે એ ખેદ રહ્યો. મારે ભાઇને દૂભવ્યા વિના ચાલે એમ જ ન હતું. છેવટ સુધી મારે એને દૂભવ્યા જ કરવો પડચો. અને એ દુભાએલો જ ચાલ્યો ગયો. મનમાં હતું કે હવે દેશમાં જઇને એને પગે પડીશ અને એકબીજાનો અંતરાય દૂર કરવામાં ફાવીશ. પણ ઈશ્વરે કંઇક બીજું જ ધાર્યું હશે.' આટલું તેઓ માંડ બોલી શકચા બોલતાં બોલતાં બેત્રણ વાર અટકચા અને વળી પાછાં આંખમાં આવેલાં આસુ લૂછ્યાં. ફરી બોલ્યા:

"આ મારી આંખમાંથી આંસુ પડે છે એ ખોટું છે. આપણાથી એમ શોક થઇ જ ન શકે. મરેલાના ગુણોનું સ્મરણ કરવું એ આપણો ધર્મ છે. પણ એની પાછળ રોવું એ પાપ છે. (અનુસંધાન આગળ પૃ. ૧૩૬)

બાળવિભાગ

પંચતંત્રની વાર્તાઓ

પછી દમનક સંજીવકને તેડવા ગયો. એને તેડીને આવતો હતો, ત્યાં દમનકે સંજીવકને શીખામણ આપી: 'જો ભાઈ સંજીવક, રાજાનું તું કૃપાપાત્ર થા તો મારી હારે હળીમળીને ચાલવું હું પણ તારી હારે સંકેત કરીને જ ચાલીશ. એમ કરશું તો રાજ્યલક્ષ્મી આપણે બે ય ભોગવશું. કેમ કે:


મદમત્ત ન પૂજે જે ઉત્તમાધમમધ્યમ।
પડે દંતિલની ઘોડે, રાજમાન્ય ભલે જ હો ॥

સંજીવક કહે, 'એ કેમ?' તેણે કહ્યું:

કથા ૬

વર્ધમાન નામે નગરમાં દંતિલ નામે સકલપુરનાયક રહેતો હતો. તેણે રાજકાજ તથા નગરકાજ કરીને રાજાપ્રજા ઉભયને સંતોષ્યાં હતાં. એક વાર દંતિલને ઘેર વિવાહ હતા. તેણે પુરલોકને તથા રાજપુરુષોને માનપુરઃસર નોતરીને જમાડ્યા તથા વસ્ત્ર આદિથી સત્કાર કર્યો. વિવાહ પછી એણે રાજાને પણ જમાડ્યો, પણ રાજગૃહમાં વાસીદું વાળનારો ગોરંભ નામે રાજસેવક અનુચિત ઠેકાણે બેઠો હતો એને અર્ધચન્દ્ર દઈને કાઢી મૂક્યો. આ અપમાનને લીધે ગોરંભને રાત્રિએ નિદ્રા નહોતી આવતી, ને દંતિલ ઉપર રાજાની અકૃપા કેમ કરાવવી એની તે ચિંતા કર્યા કરતો હતો.

એક દિવસ પરોઢિયે રાજા શય્યામાં યોગનિદ્રા કરતો પડ્યો હતો ત્યા સંજવારી કાઢતાં કાઢતાં ગોરંભ બોલ્યો, 'અહા, દંતિલ કેવો ગર્વિષ્ઠ કે રાણી હારે અનુચિત વ્યવહાર કરે છે?'



એક દિવસ પરોઢિયે રાજા શય્યામાં યોગનિદ્રા કરતો પડ્યો હતો ત્યાં સંજવારી કાઢતાં ગોરંભ બોલ્યો



મીની મે'તીની નિશાળ

ઊંદર–બચ્ચાં ગયાં નિશાળે, મીની મેતી બોલ્યાં:
'સમય થયો છે નાસ્તાનો, સૌ ધુઓ હાથમાં પહેલાં?

'પાણી છે નહિ પીપ મહીં!' કો બચ્ચું બોલ્યું ત્યારે,
મે'તી ગરજ્યાં: 'ધુઓ હાથમાં અહીં જ ને અત્યારે.'

'શેણે ધોવું?' રડતું બોલ્યું બચ્ચું; બોલ્યાં મે'તી,
'જીભ શું કરવાની છે ત્યારે? ચાટી કાઢો રેતી!'

રાજાએ સહસા ઊઠીને એને કહ્યું, 'અરે ગોરંભ, તેં કહ્યું તે સાચું? દંતિલ દેવી હારે અઘટિત વ્યવહાર રાખે છે?'

ગોરંભ કહે, 'દેવ, રાત્રિએ મારે જુગાર રમતાં જાગરણ થયું હતું એટલે મને એકાએક નીંદર આવી ગઇ, અને મેં શું કહ્યું તેનું મને ભાન નથી.'

રાજાએ વિચાર કર્યો, 'સ્વપ્નામાં ને મદોન્મત્ત દશામાં માણસ સાચું બોલી જાય છે, એમ આ બોલ્યો તે સાચું તો નહિ હોય?' એમ કહીને એણે દંતિલનો રાજદ્વારપ્રવેશ બંધ કર્યો.

राजा मित्रं केन दृष्टं श्रुतं वा। १५८।

એ વાક્યના અનુભવી દંતિલને રાજદ્વારે રોક્યો ત્યારે ઝાડુવાળા ગોરંભે હસીને દ્વારપાળોને કહ્યું, 'આને વિચાર કરીને વારજો, નહિ તો જેમ મને તેમ તમને પણ એ અર્ધચન્દ્ર આપશે.' આ ઉપરથી દંતિલ જાણી ગયો કે આ તો ગોરંભનું જ કામ છે. એટલે તેણે ગોરંભાને રાતે બોલાવી વસ્ત્રજોડી આપી તથા એની ક્ષમા માગી. ગોરંભને પણ સ્વર્ગરાજ્યસમાં વસ્ત્ર મળ્યાં એટલે પ્રસન્ન થઇને એણે કહ્યું, 'શેઠ, હું તમને ક્ષમા કરૂં છું. અને તમે મોટું સંમાન કર્યું છે તો હવે મારો બુદ્ધિવૈભવ તથા રાજપ્રસાદ જોજો.'

પછી એક દિવસ રાજા અર્ધો જાગતો પડ્યો હતો ને ગોરંભ રાજકુલમાં સંમાર્જન કરતો હતો ત્યાં તે બોલ્યો, 'અહો, આપણા ભૂપતિ કેવા અવિવેકી કે જંગલ જાય છે ત્યાં ચીભડું ખાય છે!'

આ સાંભળીને રાજાએ કહ્યું, 'રે રે ગોરંભ, આમ અપ્રસ્તુત શું લવતો હઇશ? ઘરકામકરો જાણીને હું તારો વધ નથી કરતો. એવું કામ કરતો તેં મને કદાપિ દીઠો છે?'

તેણે કહ્યું, 'મહારાજ, રાતે ઉજાગરો થયો હતો, એટલે સંમાર્જન કરતાં કરતાં મને ઊંઘ આવી ગઇ, અને ઊંઘમાં હું શું બોલ્યો તે હું જાણતો નથી. નિદ્રાપરવશ મારા ઉપર દયા કરો.'

આ સાંભળીને રાજાએ વિચાર્યું: 'મારે વિષે જેમ આણે અસંભાવ્ય વાત કરી તેમ દંતિલની યે કરી હશે એ નિશ્ચય. એટલે એ બાપડાને માનરહિત કર્યો તે ઠીક ન થયું. એથી તો રાજકાજ તથા પૌરકાજ બધું રખડી પડ્યું છે.' એમ કહીને એણે દંતિલને બોલાવી પોતાના શરીર ઉપરથી વસ્ત્રાભરણ ઊતારીને એને આપ્યાં, અને એનો અધિકાર એને પાછો સોંપ્યો. એટલે હું કહું છું 'મદમત્ત ન પૂજે જે' ઇત્યાદિ.

સંજીવક કહે, 'ભદ્ર, એ વાત સાચી છે. આપે કહ્યું એમ જ હું કરીશ.'

(ચાલુ)

દેસાઈ વાલજી ગોવિંદજી

જીવનનું પરોઢ

(અનુસંધાન પાછળ પૃ. ૧૩૪થી) ઇશ્વર જે કરે એ વિષે માઠું કેમ લગાડાય! આપણે ગાયાં એ ભોજા ભગતનાં ભજનો ઘડીભર ન ભૂલાવાં જોઇએ.

આટલું કહી બાપુજીએ પોતાનો શોક સાવ ખંખેરી નાખ્યો અને એમનો શોક જોઇને અમને જે ઉદ્વેગ થયો હતો તે પણ ટાળ્યો. મૃત્યુભય તરી જવાનો બાપુજીએ અમારા હાથમાં જાણે કીમિયો મૂક્યો.

(ચાલુ)

પ્રભુદાસ છગનલાલ ગાંધી

Our Friends Abroad

અમેરિકામાં પત્રવ્યવહાર કરવા જેવા મિત્રો (ગયા અંકથી ચાલુ)

Charlie Tatalian

409-69th Street BROOKLYN N. Y. (U.S.A.)

'Opan road for boys'ના પાછલા અંકોમાંથી મારૂં સરનામું મેળવી કાગળ લખ્યો છે. એના શહેરની વાત લખે છે. ૨૦ કુટુંબોવાળા માળામાં વસે છે. રસ્તા પર ટ્રોલીઓનો બહુ ધણધણાટ રહે છે. મકાનના પશ્ચિમ ભાગમાંથી ન્યુ-યૉર્કનો અખાત નજરે પડે છે. તેમાં ફેરી બોટો અને જંગી સાગર જહાજો દેખાય છે. પૂર્વ બાજુએ જમીનની ભીતરમાં રેલવેની સુરંગ છે. ઉપર દર મીનીટે ગાડીઓ અને ખટારા દોડ્યાં જાય છે. દક્ષિણે ૬॥ માઇલ ઉપર Coney (કોની) ટાપુ છે ત્યાં તમાશા, ઉપાહારગૃહો અને સમુદ્રતટની ઓાર લંબાયેલા છે અને ત્યાં આપણો મિત્ર દર ખુલ્લા દિવસે તરવા ઉપડી જાય છે ને તેમાં ખૂબ મોજ લે છે. ઉત્તરે આઠ જ માઈલ પર આકાશ ચુંબતા ઊંચા મકાનોવાળું ન્યુ યૉર્ક દેખાય છે. એમાં પૂલો, નાટકશાળાઓ, ઓપેરા હાઉસ, રાત્રી-મંડળો, મોટા ડીપાર્ટમેંટ સ્ટોર અને બીજું શું નથી ? પોતે હજુ સ્કૂલમાં જાય છે. ફોટોગ્રાફીનો, પત્રવ્યવહારનો, ન્યુ યૉર્કમાં ભટકવાનો, પ્રસિદ્ધ નટનટીઓના હસ્તાક્ષરો ભેગા કરવાનો તેમજ દેશદેશની ચીજ સંઘરવાનો શોખીન છે. એને હિંદનું નામ લખેલી વસ્તુની ઝંખના છે.

Robert Curtis, 1006, 144th Street

EAST CHICAGO Indianna (U.S.A.) વર્ષ-૧૩

શીકાગોના એક પરામાં ૨૧ માઈલ છેટે વસે છે. તેના લત્તામાં ઑઇલ રીફાઇનરીઓ (તેલ ગાળવાનાં કારખાનાં) અને પોલાદની મીલો છે. તેને રેડીઓ, કેમીસ્ટ્રી અને ફોટો-ગ્રાફીનો શોખ છે ને પોતાના જીલ્લાની સ્કુલમાં જ ભણે છે. તેમાં ૧૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ છે. રેડીઓ સેટ બાંધવાનો શોખ છે. કેમીસ્ટ્રીથી ઘરમાં ઘણા આનંદજનક (Thrilling) પ્રયોગો કરે છે.

Frank Marshall, 207 Ave. J.

WEIRTON W. Va. (U.S.A.) વર્ષ-૧૪

આટલાં વર્ષોથી એણે યુનાઇટેડ સ્ટેટ્સની બહાર કોઇને પહેલો પત્ર લખ્યો હોય તો મને જ. એને હિંદમાંથી ઘણાં સરનામાં જોઇએ છે. તેમની 'Cquirrel Club'માં તે પ્રકટ કરશે. પણ મજા તો એ છે કે સરનામાંનું ઝૂમખું ૫ સેંટથી વેચી પૈસા પણ કરી લે છે. છતાં મને તો સૌજન્યથી માગું તેટલાં મફત મોકલવા તૈયાર છે. ફુરસદવાળાઓને હવાલો આપી દેવા હું પણ ખુશી છું. એનું ગામ ઉત્તર અમેરિકાની મોટામાં મોટી નદી ઓહાયોના કાંઠે વેસ્ટ વર્જીનીયામાં આવેલું છે. ત્યાં મોટામાં મોટી પોલાદની મીલ છે. પણ શહેર એટલું નાનું છે કે નકશામાં તે મુકાયું જ નથી.

Mrs Bertha M. Kerr

803 East 78th Street SEATTLE Wash (U.S.A.)

આ બાનુ એરમેઇલથી પત્રવ્યવહાર પસંદ કરે છે, અ-ક્ષરોની લખાવટ અને પત્રની ચોટ આકર્ષક છે. ટીકીટો અ-દલબદલ કરશે.

Stanley Vardas

2967 Main st. WEIRTON W. Va. વર્ષ-૧૭

પોતાની ઉમ્મરના મિત્ર જોડે સંબંધ કરવા ઇંતેજાર છે. તેના મિત્રનું સરનામું પણ સાથે આપ્યું છે જે સાયન્સ અને સર્જરીમાં રસ ધરાવે છે તેનું નામ.

Bob Rase

222, Watson street WEIRTON W. Va.

William Cummings

Wayland NEW YORK (U.S.A)

તેના પિતા મોટર વેચવાનો ધંધો કરે છે હિંદમાં અ-મેરિકન કારો આવે છે કે નહિ તે પૂછે છે. તેના બિછાના આગળ રેડીઓ રાખી આખી દુનિયાના સ્વરો સાંભળે છે. મેં મહાત્મા ગાંધીને નજરે જોયા છે ખરા ? એવો પ્રશ્ન કરે છે.

Billy Kline 7 North Market street

FREDERICK MARYLAND (U.S.A) વર્ષ-૧૪

Shizus Okhada, R. F. D. I.

Clearifield UTAH (U.S.A.) વર્ષ ૧૩

૭૦ રતલનું વજન અને સાડા ચાર ફુટની ઉંચાઇવાળો આ કુમાર સ્ટાંપ અને સિક્કા ભેગા કરવાનો રસિયો છે. યુટાહમાં મોટું અગરતળાવ છે તેમાં ૨૦ ટકા મીઠું રહે છે. તેને લીધે પાણીમાં સહજ તરી શકાય છે. ભાગ્યેજ કોઇ ડૂબે. આ સરોવરના મીઠાની એક પડીકી તેના કાગળ સાથે મારા પર મોકલી છે. યુટાહની નિપજમાં સાકર બીટ, ટા-માટા, ડુંગળી, ઘઉં, વટાણા, ચીભડાં, મૂળા, દરાખ, નારંગી, પીચ, આલુ વગેરે જણાવે છે. તેના ગામની ચારે કોર પહાડો છે. નવેમ્બર માસમાં તે બધા ઉપર બરફ છવાઇ જાય છે. હિંદનો પત્રમિત્ર મેળવવા ઇંતેજાર છે.

B. C. Josef 1563 Walton Ave.

Bronz N. Y. NEW YORK CITY (U.S.A.)વર્ષ-૨૨

૫ ફૂટ નવ ઇંચની ઉંચાઇનો ૧૬૫ રતલનો હાઈસ્કુલ ગ્રેજ્યુએટ. બેન ભાઈ કોઈ નથી. માતાના સંગમાં રહે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી સ્વેચ્છાથી જ કુમારોના મંડળોની સેવા કરે છે. આ બધી ક્લબો જુદા જુદા આશયો ધરાવે છે. વ્યાયામ, સાહચર્ય, સંગ્રહ વગેરે જે અમેરિકન કુમારો જોડે પત્રવ્યવહાર કરવા ધારતા કુમારોનું લીસ્ટ મંગાવે છે એ દરેકને પત્ર લખનાર જોડીદાર ગોતી આપવાનું સ્વીકારે છે. અને પો-તાની જ વયનો કોઈ મિત્ર કાયમ સંબંધ રાખે એવો માગે છે.

આ મહિનો (માર્ચ) . . . અને એની પ્રતિભા

તા. ૨ ગાંધીજીને ધર્મયુદ્ધના મંડાણ અર્થે હિંદના વાઈસરૉય લૉર્ડ અર્વિનને આખરીનામું મોકલ્યું—ઇ. ૧૯૩૦.

તા. ૩ ઇંગ્લંડના પ્રખ્યાત કવિ, નવલ-કથાકાર ને નાટકકાર ડી. એચ. લૉરેન્સનું અવસાન—ઇ. ૧૯૩૦.

તા. ૮ મરાઠી સાહિત્યના ઉપન્યાસ સમ્રાટ શ્રી હરિનારાયણ આપ્ટેનો જન્મ —ઇ. ૧૮૬૪.

તા. ૯ ગુજરાતના પહેલા વૃત્ત વિવેચક શ્રી નવલરામનો જન્મ-ઇ ૧૮૩૬.

તા. ૧૪ અમેરિકાની લોવેલ વેધ-શાળાએ નેપચ્યુનની પેલી પારના ગ્રહ પ્લૂટોની શોધ જાહેર કરી—ઈ. ૧૯૩૦ * * યુગ્મતારકો ને ખરતા તારાઓના વિષય પર પહેલવહેલો પ્રકાશ પાડનાર ઇટાલિયન ખગોળશાસ્ત્રી જાયોવાની વર્જિનિયો સ્કીઆપારેલીનો જન્મ—ઇ. ૧૮૩૫.

તા. ૧૯ આફ્રિકાના મહાન શોધ-સફરી ડૅવિડ લિવિંગ્સ્ટનનો જન્મ—ઇ. ૧૮૧૩.

તા. ૨૩ રૉબર્ટ કલાઇવ અને વૉટસને મળી, ફ્રેન્ચો પાસેથી ચન્દ્રનગર સર કર્યું—ઇ. ૧૭૫૭ એ વિજય બાદ કલાઇવને બંગાળ કબજે કરવાની વૃત્તિ થઇ ને મીરજાફરને લાંચ આપી પોતાને પડખે લીધો. એ વખતે એણે કહેલા શબ્દો, 'Nawab is a villain, he must be overset or we must fall,' બતાવે છે કે બ્લૅક હૉલ-જે એક તૂત હતું-તે પલાશીના યુદ્ધનું કારણ ન હતું, પણ આ જૂના પ્રપંચનું જ એ પરિણામ હતું.

તા. ૨૪ સ્વામી શ્રદ્ધાનંદજીએ (એ વખતના મહાત્મા મુનશીરામે) હરદ્વારનું આદર્શ ગુરુકુલ ખુલ્લું મૂક્યું—ઇ. ૧૯૦૨.

તા. ૨૬ ઇ. ૧૮૮૯ની મહાસભાના પ્રમુખ વિલિયમ વેડરબર્નનો જન્મ—ઈ. ૧૮૩૮ * * ટેન્સ નીચેથી જવાનો માર્ગ ખુલ્લો મૂકાયો—ઇ.૧૯૨૪.



આ માસની વિભૂતિ

હરિ નારાયણ આપ્ટે

ઇ. ૧૮૬૪માં વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકર ને ન્યાયમૂર્તિ રાનડે જેવા પ્રકાંડ વિદ્વાનો મહારાષ્ટ્રમાં નવજીવનનો સંચાર કરી રહ્યા હતા એ અરસામાં આ સાલમાં તેમનો જન્મ થયો.

ઇ. ૧૮૩૩માં મૅટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી. બસ એ એમની છેલ્લી જ પરીક્ષા! ત્યાર પછી પાંચ વર્ષ ભણ્યા પણ કોઈ પરીક્ષામાં પાસ જ ન થયા. તેનું કારણ તેમની બુદ્ધિમંદતા ન હતી. એમની બુદ્ધિ પર તો ટિળક, આગરકર વગેરેથી માંડી ડૉ. ભાંડારકર સુદ્ધાં મુગ્ધ હતા. પણ તેમનો બધો વખત સાહિત્યિક પુસ્તકોના વાચન પાછળ જ વીતતો. નાનપણથી જ મહાન સાહિત્યકાર બનવાની ઉમેદ એમણે સેવેલી.

અને ભણતર સમેટ્યા બાદ પોતાની એ મહત્ત્વાકાંક્ષા પાછળ જ એ પડ્યા. એમની સૌ પહેલી નવલકથા 'મધલી સ્થિતિ'. 'પુણે-વૈભવ'માં એ ક્રમશઃ આવવા માંડી ત્યારે વિદ્વાનો સુદ્ધાંએ તેની વસ્તુની નવીનતા ને શૈલી માટે પુષ્કળ પ્રશંસા કરેલી. ત્યાર બાદ બીજી નવલકથા 'ગણપતરાવ' મનોરંજન માસિકમાં છપાઇ. એજ માસિકમાં એમણે વિકટર હ્યુગો, મોલિયેર વગેરેની કૃતિઓના પણ અનુવાદો આપવા માંડ્યા હતા.

ઈ. ૧૮૯૦ના વરસથી એમના જીવનના મહત્ત્વપૂર્ણ સમયનો આરંભ થાય છે. એ સાલના ઑક્ટોબર મહિનાથી એમણે 'કરમણુક' નામનું પત્ર શરૂ કર્યું. માત્ર ૨૬ વર્ષની વયે એમણે શરૂ કરેલા આ પત્રનો આધુનિક મરાઠી સાહિત્યના નિર્માણ પાછળ મોટામાં મોટો હિસ્સો રહેલો છે. ભાસના નાટકોનું ભાષાંતર સૌ પહેલાં આ જ પત્રમાં પ્રસિદ્ધ થએલું. ઉપર્યુક્ત બે નવલકથાઓ સિવાયની શ્રી આપ્ટેની બધી નવલકથાઓ એ પત્રમાં જ ક્રમશઃ છપાએલી. ૧૯૧૨માં એ પત્ર બંધ પડ્યું.

એમની સાહિત્યદીક્ષાને પરિણામે એકાદ બે નહિ પણ એકવીસ નવલકથાઓ એમણે મરાઠી સાહિત્યને ચરણે ધરી છે અને એ નવલકથાઓએ વસ્તુ, શૈલી ને ચિત્રણાની અભિનવતાએ કરીને તેમને 'મરાઠી વાઙ્મયના વૉલ્ટર સ્કૉટ'નું બિરુદ અપાવ્યું છે. સામાજિક નવલકથાઓમાં તેમની 'પણ લક્ષાંત કોણ ઘેતો ?' સર્વોત્કૃષ્ટ મનાય છે.જ્યારે ઐતિહાસિક તરીકે 'ઉષઃકાલ'.

આ નવલકથાઓ સિવાય એમણે લખેલી વાર્તાઓ,નિબન્ધો,પ્રકીર્ણ લેખો વગેરેની સંખ્યા પણ નાનીસૂની નથી. હિંદના દુકાળની સ્થિતિ વર્ણવતી 'કાલ તર મોઠા કઠીણ આલા' એ વાર્તાના અંગ્રેજી ભાષાંતર પર તો 'પાયોનિયર' પત્રે ખૂબ ક્રોધાગ્નિ વરસાવેલો. પૂનાના પ્લેગની આફત પરની 'કસે દિવસ મેલે? એમની વાર્તાઓનો શ્રેષ્ઠ નમૂનો છે. એમની વિદ્વત્તાને લઇ ડિગ્રી ન ધરાવવા છતાં મુંબાઇ યુનિવર્સિટીના તેઓ દસ વર્ષ સુધી એમ. એ.ની પરીક્ષાના મરાઠીના પરીક્ષક રહ્યા હતા.

એ જેટલા ઉગ્ર સમાજ સુધારક હતા એટલા જ નમ્ર સેવક હતા ૧૮૯૯ ના પ્લેગમાં એમણે ગાંઠના પૈસા ખરચીને મુરદાંની વ્યવસ્થા માટે માણસો રોકેલા. ડેક્કન એજ્યુકેશન સોસાઇટી ને પૂના મ્યુનિસિપાલિટીને પણ તેમણે આજીવન સેવા આપી હતી.

ઈ. ૧૯૧૯ના માર્ચની ૪થીએ એમનું અવસાન થયું.



મધુકરી

મનુષ્યત્વનો પાક

તમામ તનભોગ ખેડી, શુભ ખાતરો ર્હેં પુરી,
અપાર શ્રમથી અલભ્ય બીજ મેળવી, રોપિયાં:
હવે પ્રભુ! ચહું છ વૃષ્ટિ તવ મ્હેરની, ને લણી
પછી તુરત દૈશ પાક ગરવ મનુષ્યત્વનો!

—હરિલાલ ગો. પંડ્યા

મૉંટપારનાસનો કાઉન્ટ ટૉલ્સ્ટૉય

મૉંટપારનાસની એક ગંદી હોટલને સાતમે માળે પારીસના લેટીન ક્વાર્ટર્સમાં પડતી નાની ઓરડીમાં માનવતાના સૌથી મોટા હિમાયતીનો પુત્ર એના પિતાનાં સ્વપ્નં સાચાં કરવા મથી રહ્યો છે.

લીઓ લેવલોવીચ ટૉલ્સ્ટૉય—પ્રસિદ્ધ રશિયન વિચારકનો ત્રીજો પુત્ર—એના પિતાએ આદર્શ માનેલી ગરીબીમાં જીવન વીતાવી રહ્યો છે.

પારીસમાં એ એકલો રહે છે. ઘણા થોડા લોકો એને પિછાને છે. એના પિતાનાં ચિત્રો દોરીને અને ફ્રેંચ છાપાંઓ માટે લેખો લખીને એ પેટપૂરતી કમાણી કરી લે છે.

*

થોડો વખત અમે એના નાના ઓરડામાં વાતો કરી. લીઓ ટૉલ્સ્ટૉય એના પિતાનો સ્કેચ પૂરો કરતો હતો.

બહારથી પારીસનો ઘોંઘાટ રસ્તાઓની હારમાંથી, જૂની બારીઓમાંથી દેખાતાં છાપરાં અને ધુમાડીઆંનાં જાળામાંથી ગળાઇને આવતો હતો.

મેં પૈસાની વાત કરી ત્યારે કડવું સ્મિત એના મોં પર દેખાયું.


'પૈસા?' એણે કહ્યું, 'દોસ્ત આવતી કાલને માટે પૈસા છે. એટલા જ છે . . . પરંતુ, પૈસાથી સુખ મળતું નથી.'

ઘડીભર એમ લાગ્યું કે વૃદ્ધ કાઉન્ટ ટૉલ્સ્ટૉય એના પુત્રને મોંએ બોલે છે. સ્મરણો વધારે ઊંડાં જતાં હતાં. ચોસઠ વરસનો આ પુરુષ એના પિતાને ઘણો મળતો આવે છે. સિવાય કે દાઢીમૂછ રાખતો નથી અને એને માથે તાલ છે. લાંબી ઊડતી દાઢી સાથે બીજા કાઉન્ટ ટૉલ્સ્ટૉય જેવો જ એ લાગે. એની આંખોમાં એ જ કરુણા છે, એવા જ સુંદર હાથ—સખત કામ કરેલું ન હોવાથી સુંવાળા અને સફેદ—એ જ ઓદાર્ય અને ક્ષમાની અદા છે.

'મારા પિતાએ અમની પાસે હતું તે બધુ ય જગતને આપી દીધું છે.'—ઘડીભર એની કલમ બાજુએ મૂકી લીઓ ટૉલ્સ્ટૉય બોલ્યો, 'અને જગતે અમને, એના બાળકોને કશું આપ્યું નથી. પરંતુ, એનું અમને દુઃખ નથી. મારા પિતાની જેમ હું પણ એક ઉપગ્રહ થવાને સરજાએલો હતો—મોટો ગ્રહ થવાને નહિ. એટલે ગરીબીની મને ચિંતા નથી. . . . પરંતુ કેટલીક વખત જરા મુશ્કેલી પડે છે.'

પરતુ લીઓ ટૉલ્સ્ટૉયને પણ એક મોટું 'અરમાન' હતું. કદાચ મૉંટપારનાસની નાની ઓરડીમાં એની આશા અને મહેચ્છા ફળીભૂત ન યે થાય. એના મહાન પિતા પણ એમની પ્રતિભા વડે જે પરિપૂર્ણતા કદાચ ન લાવી શકત તે લીઓ ટૉલ્સ્ટૉય માને છે કે પોતે કોઇ વખત લાવી શકશે.

જગતનાં બધાં યુદ્ધો એ અટકાવવા માગે છે



'હું યુરોપનું બીજું યુદ્ધ અટકાવવા માગું છું' એણે મને કહ્યું. 'છેલ્લું યુદ્ધ મેં નજીકથી જોયું છે. અને આજે મારી બુદ્ધિ અને મારો આત્મા કહે છે કે પેલા વિગ્રહ-વિરોધી શાંતિવાદીઓની જેમ લડવાની ના કહેવાથી યુદ્ધ અટકવાનું નથી. પરંતુ વ્યક્તિત્વના સંપૂર્ણ વિકાસથી જ અટકાવી શકાશે. માનવીના હૃદયની અને મનની નબળાઈ એને બીજા યુદ્ધ તરફ ધકેલે છે. માટે વ્યક્તિને અને માનવસમાજને બાંધતા સામાજિક સંબંધોના પરિપૂર્ણ વિકાસ માટે જગતના ઉત્તમોત્તમ વિચારકોની એક બળવાન સંસ્થા સ્થાપવાની જરૂર છે.'

'પરંતુ કેવી રીતે ?'

'ઊગતી પેઢીને જીવનની નવી વિચારસરણી શીખવીને, પ્રકૃતિએ એમને આપેલાં અમૂલ્ય ધનની કીમત આંકતાં શીખવીને, આપણી પ્રવૃત્તિઓને મૃત્યુની સામેના જીવનના ગજગ્રાહ માટે કેન્દ્રિત કરીને.'

'અને એ સ્થિતિએ પહોંચીએ ત્યાં સુધી પ્રજાઓનું શાસન કેવું હોવું જોઇએ ?'

'લોકશાસન પણ નહિ, કે સમ્રાટશાસન પણ નહિ,—પરંતુ–લૉગૉક્રસી–જ્ઞાન, યથાર્થતા અને વિચારણાશક્તિ.

'શક્તિ અને હિંસાને સ્થાને, જ્ઞાન અને યથાર્થતાને મૂકો અને બધા ય વિગ્રહોને તમે ટાળ્યા છે. શાંતિના વખતમાં આપણે જે પાંગળું જીવન ગાળીએ છીએ તે જ ભવિષ્યની લડાઇનું કારણ છે. પિતાએ પુત્રને શા માટે મારવો જોઇએ? કારણ કે વિશાળ સંબંધમાં એ બધું જોઇ શકતો નથી. વિગ્રહોની જરૂર જ શી છે?'

માનવબુદ્ધિની અપૂર્ણતાએ ગયું યુદ્ધ થયું. આ અપૂર્ણતાનું કશું નિરાકરણ નહિ લાવવામાં આવે તો બીજા યુદ્ધો થશે. જીનિવા અને આંતરરાષ્ટ્રીય પરિષદોની વાતો કર્યા કરવી નકામી છે. છેક તળીએથી આપણે શરૂ કરવાનું છે. મારો પંથ—મારો ધર્મ એ છે. બહુ મોડું થાય એ પહેલાં જગતને માટે એ સંદેશો આપવાનો છે.'

સનાતન જીવનના આ માર્ગનો પ્રચાર કરવા વ્યાખ્યાનો આપવા જવાની એ તૈયારી કરે છે. કદાચ, કોઇ દિવસ એના આ સાદા અને સહેલા ધર્મના પ્રચાર માટે જગતના પર્યટને એ નીકળશે. પરંતુ કદાચ . . . .

'મારે રખડુના જેમ રહેવું પડશે.' એ હસ્યો 'પરંતુ બીજાને કહેવા કરતાં જાતે જ શરૂ કરવું સારૂં ખરૂં ને?'

'ફરી કોઇ દિવસ રશિયા પાછા જવા વિચાર છે?'

કોઇ દુઃખદ સ્મૃતિ એની ઉપર લાદવામાં આવી હોય એમ ક્ષણિક માટે એના મોં પર વાદળ છવાયાં.

'હું જાણતો નથી. કેટલીક વખત મને લાગે છે કે હું અહીં પારીસમાં જ જીવન પૂરૂં કરીશ.'

'વીસથી યે વધારે વરસથી હું અહીં રહું છું તો યે કેટલીક વખત–રશિયા–મારો દેશ મને બોલાવે છે. બધા કહે છે કે મારા પિતાનું ઘર, જ્યાં હું જન્મ્યો હતો–યાસનાયા પોલીઆનાગા–યાત્રાનું ધામ થઇ પડ્યું છે. આજે ત્યાં શાંતિ નથી. પરંતુ ઘરની નજીક હું એક જગા જાણું છું. કુતૂહલ વૃત્તિવાળા મુસાફરોથી અજાણ ઘાડી વનરાજીમાં એક જગા છે. ત્યાં મારા પિતાએ એના બચપણમાં એના ભાઇઓની સાથે મોરાવીયાના સાધુની રમત રમતાં 'પ્રેમની તાજી ડાંખળીઓ વાવી હતી.'

'અરે! તમને એની ખબર નહિ હોય!

'મોરાવીઅન સાધુઓ, નવા ધર્મના, પ્રેમધર્મના યોદ્ધાઓ હતા. કુટુંબના બધા છોકરાઓ એ મંડળમાં જોડાતા.

એ બધા મોટી લીલી ડાંખળીઓ ઉપર બંધુત્વની ભાવનાના શબ્દો કોતરતા; અને પોતાની શ્રદ્ધાના પ્રતીક રૂપે જમીનમાં દાટી દેતા.

ત્યાં પેલા ભૂલાએલા ડાંખળીઓના ટુકડા સાથે મારા પિતાને દફનાવવામાં આવ્યા છે; અને કેટલીક વખત મને ઇચ્છા થાય છે કે હું પાછો ફરૂં . . .' એણે નિશ્વાસ મૂકી અધૂરૂં ચિત્ર દૂર મૂક્યું મૉંટપારનાસના ઘોંઘાટવાળા રસ્તામાં અમે બે સાથે ચાલતા હતા. એ ટોળામાં સૅંટસીરની લશ્કરી શાળાનો પોશાક પહેરેલા કોઇ કોઇ વિદ્યાર્થીઓ દેખાતા હતા. . . ટૉલ્સ્ટૉયના સનાતન જીવનનો પ્રતિકાર આટલો નજીકમાં જ હતો.

પરંતુ અમે બુલેવાર્ડ આગળથી જતા હતા ત્યારે આ ઊંચા દેખાતા, સફેદ વાળવાળા, બાળક જેવા નિખાલસ પુરુષને માન આપવા રસ્તે જતા લોકો થોભતા હતા.

કારણ કે મૉંટપારનાસના રાહદારીઓ માટે તો હજી યે એ 'કાઉન્ટ' ટૉલ્સ્ટૉય જ છે. —હરિશ્ચન્દ્ર ભ. ભટ્ટ

સવાઇ ગુજરાતી સયાજીરાવ

૧૧ વરસની ઉંમરનો ખાનદેશી ભરવાડનો અભણ છોકરો ગાયો ચારતો ચારતો એકાએક ગાદી પર આવીને બેસે છે. અને સાઠ વરસના પોતાના રાજ્યત્વમાં કંઇ કંઇ ચમત્કારો કરી બતાવે છે. તે પોતાની હકૂમતના પ્રદેશને બ્રિટિશ રિયાસતથી પણ અરધી સદી આગળ ધપાવે છે. તે કેળવણી ફરજિયાત કરે છે ને ગામેગામ નિશાળ કાઢે છે. તે ગામેગામ પુસ્તકાલયો કાઢે છે. તે બાળલગ્નો બંધ કરે છે ને અસ્પૃશ્યતાનું નિવારણ કરે છે. તે વિધવાઓને વારસો અપાવે છે, દીકરીઓને વારસો અપાવે છે, અને તે હિંદુ સમાજનું નવેસર ઘડતર કરવા લગ્નવિચ્છેદનો પણ પાયો નાખે છે. તે પ્રજામતના અવાજ સ્વીકારવા ધારાસભા સ્થાપે છે. તે હિંદીના રાષ્ટ્રભાષા તરીકે પોતાને ત્યાં સ્વીકાર કરે છે. તે ગુજરાતી ભાષાની આખી રાજકીય પરિભાષા પ્રગટાવે છે. તે સાહિત્યને ઉત્તેજે છે અને અસંખ્ય પુસ્તકો પ્રગટાવે છે. તે શું કરે છે ને શું નથી કરતો? પોતાના રાજ્યની શેરીઓમાં તે

પગપાળો ચાલે છે અને ગમે ત્યારે ગમે તે કચેરીમાં ઘુસી જઇને બેસી જાય છે. તે પોતાની મોટર રસ્તા વચ્ચે અટકાવનાર પોલિસને શિસ્તપાલન માટે ખાસ બઢતી આપે છે. (આ નાના કાર્યમાં કેટલી અપાર મહત્તા ભરી પડી છે!) તે પરિષદોને પ્રમુખસ્થાને વિરાજે છે, તે સૌ સત્પ્રવૃત્તિઓને નવાજે છે. કોઇ પ્રખર પંડિતને છાજે તેવી જ્ઞાનભૂષાથી મંડિત, કોઇ સમર્થમાં સમર્થ પહેલવાન સમોવડો વ્યાયામ વીર, માણસપારખુ ઝવેરી, કાયદાનો કરવૈયો ને ઘડવૈયો છે. તે દીર્ઘદર્શી સમાજસુધારક છે. તે જન્મે મહારાષ્ટ્રી છે, પણ વ્યક્તિત્વે ભર્યો ભરપૂર હિંદી છે. પ્રજાના વ્યક્તિત્વને પોતામાં તરબોળ ભરી લેતો તે સવાઇ ગુજરાતી છે. તે ભારતવર્ષનો શહેનશાહ થવાને લાયક—ભારતી પ્રજાનો હૃદયસ્વામી ગુર્જર સમ્રાટ સયાજીરાવ—૨૫ લાખ માનવીઓનો નિયંતા,—તે આજે વિલય પામે છે. ભારતવર્ષનું દુર્ભાગ્ય છે વધુ લખવા શબ્દો નથી. દિલાસો આપવા કે લેવા ઇચ્છા થતી નથી

(દાંડીઓ)

બ્રહ્મદેશની ઝાંખી

બ્રહ્મદેશનું મુખ્ય શહેર રંગૂન. રંગૂનનું કોઇ પણ દૃશ્ય ભારતીયોનું પ્રથમ આકર્ષણ કરે એવું હોય તો ત્યાંની રિક્ષા ગાડીઓ, અને બીજું એ શહેરની સફાઇ. અંગ્રેજોના આગમન બાદ એનું નિર્માણ થએલું હોઇ એની રચના બિલકુલ નિયમપૂર્વક થએલી છે.

રંગૂનને આપણા ગુજરાત પ્રાન્તનું એક નગર અથવા તો સૂરત શહેરનો એક ટુકડો જ કહીએ તો અતિશયોક્તિ ન ગણાય. આમ તો બધા પ્રાન્તોના લોક ત્યાં મોજૂદ છે, પણ ગુજરાતી લોકોએ પોતાના પ્રભાવ અને સંખ્યાને કારણે જે સ્થાન મેળવ્યું છે તે અજોડ છે. એની મુખ્ય બજારનું નામ પણ સૂરતી બજાર છે.

ધન અને પ્રભાવમાં ગુજરાતીઓની કોઇ સ્પર્ધા કરી શકે એમ હોય તો મદ્રાસનાં અહીં વસેલા ચેટ્ટી લોકો. મોટે ભાગે એ લેવડદેવડનું જ કામ કરે છે. બ્રહ્મી લોકો ખૂબ ખર્ચાળ હોય છે, ને એને લઇને સહેજે ઋણગ્રસ્ત રહે છે. ભારે વ્યાજ આપી રૂપિયા ઉધાર લે છે ને સદાને માટે ચેટ્ટીઓના ફંદામાં ફસાઈ પડે છે. બ્રહ્મદેશમાં હાલે ભારતીયો પ્રત્યે જે વિરોધ ને મનોમાલિન્ય વધવા માગ્યુ છે તેનું અધિકાંશ શ્રેય આ ચેટ્ટીઓને છે.

બ્રહ્મીઓ સ્વચ્છતાપ્રિય તો ખૂબ છે. સરેરાશ ભારતીય કરતાં બ્રહ્મી અનેકગણો સ્વચ્છ રહે છે. અહીંના ગામડાં પણ ભારતના પ્રમાણમાં સફાઈદાર લાગે. રંગૂનમાં એવું દૃશ્ય ક્યાં ય જોવામાં નહિ આવે, જે કલકત્તામાં અમરતલ્લા ને મછુઆબજાર તથા મુંબાઇમાં ભૂલેશ્વર અને કામાટીપુરામાં દેખવામાં આવે છે.

બ્રહ્મદેશનો ધર્મ બૌદ્ધ છે. અશોકના શિલાલેખોમાં સુવર્ણભૂમિ તરીકે ઉલ્લેખાએલો દેશ આ જ હશે એમ મનાય છે. અશોકના જીવતાં જ બૌદ્ધ ધર્મ અહીં પહોચેલો. સીલોન જેમ જ એ હીનયાન સંપ્રદાયનો છે. ધાર્મિક ભાષા પાલી છે. રંગૂનનું શ્વેદગડ્ પગોડા ધર્મભાવનાનું જીવિત પ્રમાણ છે ક્યારે યે તમે એ ખાલી નહિ જુઓ. ભાવિક ભક્તોની ઠઠ સદા જામેલી ને જામેલી જ રહે છે. અનેક બહુમૂલ્ય સામગ્રીઓથી તે ભરેલું છે. એ ખૂબ પ્રાચીન છે ને તેનું નિર્માણ ઇસુની બીજી સદીમાં થએલું ગણાય છે. બ્રહ્મદેશમાં એનું ખૂબ મહત્ત્વ છે ને સિયામ, કંબોજ ને ઠેઠ ચીનથી યાત્રીઓ અહીં ‘ફયા’(પ્રભુ)ના દર્શને આવે છે

અહીંની પ્રથા અનુસાર હરેક વ્યક્તિને જીવનના કોઇ પણ અરસામાં કાષાય વસ્ત્ર ધારણ કરી ‘ફુંગી’ (ભિક્ષુ) બનવું પડે છે. એનો અર્થ એ નથી કે એ પાછો ગૃહસ્થજીવનમાં ન પ્રવેશી શકે. બ્રહ્મદેશમાં જેટલા શિક્ષિતો મળશે એટલા ભારતમાં નહિ મળે, ને એ વિદ્યાપ્રચાર આ ફુંગીઓને જ આભારી છે.

બ્રહ્મી લોકો કદે ઠીંગણા ને મડેલા બાંધાના હોય છે. મંગોલિયન શાખાના હોવાને કારણે એમનો રંગ પીળો ને નાક ચપટું હોય છે. સ્ત્રીપુરુષ બધાં જ લુંગી પહેરે છે. રેશમી કપડાંનો અહીં ખૂબ પ્રચાર છે. સાધારણમાં સાધારણ બ્રહ્મી પણ સાંજ પડયે રેશમી લુંગી પહેરી નીકળશે. માંડલે નજીકના અમરાપુરાનું રેશમ વિખ્યાત છે.

જાતપાંતના અહીં મુદ્દલ ભેદ નથી. એ સારૂં પણ છે ને ખરાબ પણ છે. એક વિદ્વાને કહ્યું છે કે થોડા જ વખતમાં એવો દિવસ આવશે જ્યારે વિશુદ્ધ બ્રહ્મી મળવો મુશ્કેલ થઈ પડશે. કોઇ બ્રહ્મીને ચાર પુત્રીઓ હશે તો એક અંગરેજને પરણશે, બીજી મુસલમાનને, ત્રીજી ચીનાને ને ચોથી બીજા કોઇને. મુસલમાનોની સંખ્યા ખૂબ વધી ગઇ છે. એમનાં મિશ્ર સંતાનોને જરબાદી કહેવામાં આવે છે. અને બ્રહ્મદેશને પરાધીન બન્યે તો હજુ પૂરાં સો વર્ષ નથી વીત્યાં ત્યાં ઍંગ્લો—બર્મીઝની સંખ્યા ભારતના ઍંગ્લો—ઇંડીઅનો કરતાં ત્રણગણી થઈ ગઇ છે!

બ્રહ્મદેશની ભૂમિ અત્યંત ફળદ્રુપ/ઉપજાઉ છે. કહેવાય છે કે અહીં કદી દુકાળ નથી પડતો. ચોખા અહીંની મુખ્ય ઊપજ છે ને એટલા પાકે છે કે જથાબંધ બહાર ચડાવાય છે. જંગલો બ્રહ્મદેશની ખાસ સમૃદ્ધિ છે. ઇમારતી લાકડાં પુષ્કળ થાય છે ને એમને વહેરવા અનેક સૉ-મિલ ઊભી થઇ છે લાકડા ને વાંસ પરની બ્રહ્મીઓની કારીગરી પર તો વિદેશીઓ યે મુગ્ધ બને છે. પેટ્રોલિયમ અહીંની બહુમૂલ્ય સંપત્તિ છે, પરંતુ વ્યવસાય ‘બર્મા ઑઇલ કંપની’ એ અંગ્રેજ કંપનીને હસ્તક છે. આ કંપનીએ અપાર સંપત્તિ એકઠી કરી છે કારણ મનમાન્યા ભાવે એ ભારતમાં પોતાનું તેલ વેચી શકે છે. બ્રહ્મદેશ કબજે કરવા પાછળ અંગ્રેજોની આ તેલ માટેની લોલુપતા જ રહેલી હતી.

(વિશાલ ભારત)

આ ઇંગ્લંડ!

ઇંગ્લંડ! હિંદીને મન તો એ ઘરના આંગણા જેવું. કારણ, શિક્ષણના આરંભથી જ તેને તો અંગ્રેજ સંસ્કૃતિ તરફ સંમાન પેદા થાય છે ને રફતે રફતે એ તેને એટલી અનુકરણીય લાગતી જાય છે કે પોતાના દેશનાં સાંસ્કૃતિક મૂલ્યોનું અવમાન થવા દેવામાં યે એને કશો બાધ નથી નડતો. અંગ્રેજી ઇતિહાસ એને સાલવાર કંઠાગ્ર હોય છે ને શેક્સપીઅર ને મિલ્ટન તો એની જીભ ઉપર જ રમતા હોય છે.

અને છતાં, ઇંગ્લંડ આવેલા કોઇ પણ હિંદીને બ્રિટિશ સામ્રાજ્યના પાટનગરમાં સહેજે ન ગોઠે એ વસ્તુ આશ્ચર્યજનક નથી:? જ્યાંની ભાષા પણ અજાણી ને દુર્બોધ છે એવા પારીસમાં એને ગોઠે; આપણાં શહેરોથી બિલકુલ વૈષમ્ય ધરાવતા ન્યૂયૉર્કમાં પણ એને ગોઠે; ત્યારે લંડનમાં શા માટે નહિ? હું આ સવાલનો જવાબ શોધું છું.

અત્યારે આ પાટનગરનાં જે ખાબોચિયાં ('digs')માં અમે પડયા રહ્યા છીએ એ અમારી આવશ્યકતાઓ માટે ઓછાં પડે છે. અમે રોજિંદાં છાપાંની લૉજિંગની જાહેરખબરો ઉથલાવીએ છીએ ને બીજે દિવસે વહેલી સવારે તેની તપાસમાં નીકળી પડીએ છીએ.

પહેલ વહેલું જ, 'Rooms and Apartments to Let'નું પાટિયું મારેલા એક મકાનનું બારણું અમે ખખડાવીએ છીએ. એક જણ બહાર નીકળે છે, અમે અમારો ઉદ્દેશ એને સમજાવીએ છીએ, ને એ સાંભળી, કેમ જાણે અમે કેવીક વધુ પડતી ધૃષ્ટતા કરી નાખી હોય તેમ તે અમને ઘસીને ના પાડી દે છે.

અમે બીજું પાટિયું ટાંગેલા મકાને પહોંચીએ છીએ. આશાતુર હૃદયે ઘંટડી દબાવીએ છીએ. દાદરો ઊતરી કોઇ કુમારિકા બારણું ઉઘાડી બહાર ડોકાય છે અને અમને જોતાં જ કારમી ચીસ પાડી ઊઠે છે. કદાચ કોઈ જંગલી નરભક્ષકની કે દુષ્ટ 'darkies'ની એકાદ નોવેલ તે વાંચતી હશે ને તેના પ્રાણ જીવતાજાગતા નમૂના જેવા અમને જોઇને એ ભયભીત થઇ ગઈ હશે. 'રૂમ્સ' એ એક જ શબ્દ અમારા મોંમાંથી બહાર પડે છે ત્યાં તો ધડાક લઇને બારણું દેવાઇ જાય છે. જે જે સ્થળે અમે ભટકયા એ સઘળાંની આવી જ કેફિયત છે. આખરે હતાશ થઇ અમે ગુસ્સાથી લાલચોળ મ્હોંએ પરસેવાથી નહાતા ઘેર પાછા ફરીએ છીએ.

આ રંગદ્વેષનો, આ બ્રિટિશ શાહીવાદનો અમે અમારા દોરતો આગળ બળાપો કાઢવા બેસીએ છીએ, ત્યાં તો એ લોકો બોલી ઊઠે છે, 'તમારી આ શોધ કંઇ નવી નથી. અહીંના એકેએક હિંદી આગંતુકનો એ તો દરઅસલ અનુભવ છે.' એ બાબતમાં વધુ ઊંડા ઊતરતાં અમને જણાય છે કે અહીં આવતા હિંદી સરકારી નોકરો પણ એ સજાથી પર નથી.

બીજે દિવસે ફરવા નીકળતાં અમને એ ભાન થાય છે કે ગમે તેટલી ગિર્દીમાં યે અમારી નજીક ઢૂકવાનું કોઇને મન થતું નથી. અમે હાઈડ પાર્કમાં જઈએ છીએ. ત્યાં તો સામાન્યતઃ ખૂબ ધસારો રહે છે. અમારી આસપાસની પણ સઘળી બેઠકો રોકાઇ જાય છે. એવામાં કોઇ ગોરી સન્નારી આવી ચડે છે. સૌજન્યને વશ થઇ મારો મિત્ર તેને પોતાની જગ્યા લેવા આમંત્રે છે, પણ એ સન્નારી તો તુચ્છકારભર્યો એક હુંકાર કાઢી, જગ્યાના અભાવે મોં ફેરવી ઊભી રહે છે. મોડું મોડું કોઇ ગોરા સજ્જનમાં અનુકંપાનું ઝરણું ફૂટે છે ને એ પોતાની બેઠક પેલાં સન્નારીને આપવા માંડતાં તે હર્ષપૂર્વક તેનો સ્વીકાર કરે છે. આમાં અમે કદાચ ખોટી રીતે જ અમારૂં અપમાન કલ્પી લઇએ, કારણ કોઇ ગોરો પોતાની બેઠક ન આપે ત્યાં સુધી આ ગૌરાંગનાએ ઊભા રહેવાનો જ નિર્ણય પણ કર્યો હોય.

મારો એક મિત્ર કૉલેજમાં જાય છે. પચાસ જેટલી વર્ગની સંખ્યામાં એ એકલો જ હિંદી છે. વ્યાખ્યાનોમાં એ ખૂબ નિયમિત છે, પણ જ્યારે જાય છે ત્યારે પોતાની આજુબાજુની બે ખુરશીઓ હમેશાં ખાલી જ જુએ છે. એને હમેશાં મુખ્ય ભૂમિખંડથી કપાઇ ગએલા ટાપુ જેમ બેસી રહેવું પડે છે. આનું એને અપમાન લાગે છે તેમાં તેના લાગણીપ્રધાન સ્વભાવનો પણ દોષ હોય, કારણ એને તો વર્ગમાંથી કોઇ કદી નથી બોલાવતું તેનું યે અપમાન લાગે છે.

અને ખરા અંગ્રેજોને તો આપણે ઓળખીએ પણ ક્યાં છીએ? આપણે હિંદમાં બેઠે માની લીધેલા મહામાનવો માત્ર 'મનુષ્યો' જ છે એની કલ્પના તો અહીંના કોઇ ઉમરાવને ટ્રાન્સઍટલાન્ટિક સ્ટીમરમાં ભોમિયા તરીકે રહેવાની જાહેરખબરો છપાવતો જાણ્યા વિના શી રીતે આવે? અહીંની સરકારે બ્રિટિશ સામ્રાજ્યનું ગૌરવ જાળવવા માટે આવી બાબતો 'નેટિવો'ની જાણમાં ન આવવા દેવી જોઇએ. વળી અહીં આવ્યા સિવાય શી રીતે જાણવામાં આવે કે આલ્ડસ હક્સલેએ જેને 'bath-taking shirt-changing race' કહી છે એ અંગ્રેજ જાતિમાંથી એકાદ અઠવાડિયે પણ કોઇ ભાગ્યે નહાતું હશે? અહીંની કેટલીક હોટલોમાં નહાવાનો દર એક વખતના પૂરતા ખાણા જેટલો ભારે હોય છે ને ઘણાં ખરાં એ બંનેમાં બીજો જ પ્રકાર પસંદ કરે છે.

વળી આપણા પત્રકારત્વ કરતાં અહીંનું પત્રકારત્વ પણ કેટલું જુદું? આપણે ત્યાં ખૂનોની ખબરો ભાગ્યે જ છાપાંમાં દેખાય ને દેખાય ત્યારે એકાદ ખૂણામાં. પણ અહીં તો ખૂનની ખબર પડે કે છાપાંનાં કૂતરાંની દોડધામ થઇ રહે, ને મરનારના ફોટોગ્રાફો, એની ખાનગી જિંદગીનો અહેવાલ ને શક્ય હોય તો ખૂન કરનારના જીવનનાં સંસ્મરણો પણ કોઇ પત્ર ખાસ પોતા માટે અઘાટ ખરીદી લે ને પછી મોટા અક્ષરે તેના પહેલા જ પાના પર તે પ્રસિદ્ધ થાય. એવી જ રીતે છૂટાછેડાના દાખલા, સ્ત્રીઓ પર આક્રમણોના

પ્રસંગો કે સમાજના રોમાંચક કિસ્સા આપણા કરતાં નવતર રીતે જ અહીં પ્રસિદ્ધિ પામે છે. બિચારો બેવર્લી નિકૉલ્સ સાચી રીતે જ અમેરિકન છાપાંને ભાંડયા કરે છે!

પણ નવા આગંતુકનું ઇંગ્લંડની સમૃદ્ધિનું સ્વપ્ન તો ત્યારે જ ઊડી જાય છે જ્યારે રીજન્ટ સ્ટ્રીટમાં તે ટાઢે ઠરતી ડોકરીઓ, અપંગ સૈનિકો ને દરિદ્રનારાયણનું લાંબું લંગર દેખે છે. અને ત્યારે એને પહેલો પ્રશ્ન એ જ ઊઠે છે કે મારા દેશને આખો ને આખો નીચોવી લીધા છતાં અંગ્રેજો પોતાના જ દેશવાસીઓને આગ અન્ન કે આશ્રય વિના શા માટે રઝળાવતા હશે? પણ એ પ્રશ્ન અનુત્તર જ રહે છે.

(હિંદુસ્તાન ટાઈમ્સ) —અહમદ અબ્બાસ

મહાયુદ્ધ પછીના મૅન્ડેટ

મહાયુદ્ધ બાદ સુલેહના જે કરારો થયા તે અનુસાર મિત્રરાજ્યો સામે લડનારા જર્મની ને તુર્કીનો બધો સાંસ્થાનિક પ્રદેશ ઝૂંટવી લઈ તે જુદાજુદા રાષ્ટ્રોના રક્ષણ નીચે મૂકવામાં આવ્યો, જે રક્ષિત પ્રદેશ મૅન્ડેટ નામથી ઓળખાય છે. એવા મૅન્ડેટોમાંથી એકલું ઇરાક જ બ્રિટનના આધિપત્યમાંથી સ્વતંત્ર થયું છે, જ્યારે બાકીનાનું નસીબ જેવું ને તેવું જ રહ્યું છે. એ ઝૂંટવાએલા પ્રદેશો ને એના ભોક્તાઓની તારીજ આ નીચે આપી છે:

જર્મની પાસેથી ઝૂંટવાએલાં સંસ્થાન	કોણે લીધાં
ટોગોલૅન્ડ	ગ્રેટબ્રિટન ને ફ્રાન્સે
કામેરૂન	,, ,,
સાઉથ વેસ્ટ આફ્રિકા	દક્ષિણ આફ્રિકાના યૂનિયને
જર્મન ઇસ્ટ આફ્રિકા	ગ્રેટબ્રિટન ને બેલ્જિયમે
જર્મન ન્યૂ ગિની	ઑસ્ટ્રેલિયાએ
નૌરૂ ટાપુ	ન્યૂ ઝીલૅન્ડે
કેરોલિન ટાપુ	જાપાને
સામોઆન ટાપુઓ વગેરે	ન્યૂ ઝીલૅન્ડે
તુર્કી પાસેથી ખૂંચવાએલાં	
પાલેસ્ટાઇન ને ઈરાક	ગ્રેટબ્રિટને
સીરિયા ને લેબનન	ફ્રાન્સે

દુનિયાનો સૌથી મોટો ટાપુ

ગ્રીનલૅંડ એ દુનિયાનો મોટામાં મોટો ટાપુ છે, અને એનો સારો યે પટ ૧૦૦૦ ફૂટ જાડાઇના બરફના પડે ઢંકાએલો છે. તેર હજાર એસ્કિમો અને ચાર સો ગોરાઓથી તે વસાએલો છે ને ડેનમાર્કની સત્તા તળે છે. ૮,૨૭,૩૦૦ ચોરસ માઇલના વિસ્તારનો એ ટાપુ આયર્લૅંડથી પચીસગણો મોટો છે. ત્યાં વસવા માટે અને વેપાર કરવા માટે સરકારની ખાસ પરવાનગી મેળવવી પડે છે.

પહેલ વહેલો એ ટાપુ દસમી સદીમાં એક નૉર્સમેને શોધી કાઢયો. તે વખતે કેટલાક સાંસ્થાનિકો ત્યાં વસેલા, પણ એ બધા કેમ અને કયાં ગુમ થયા એ ઇતિહાસનો એક મોટો કોયડો છે.

દરિયાને સ્પર્શતી કિનારરેખાના અમુક ભાગ સિવાય તે પર જમીનનું નામનિશાન નથી. હિમની ટોપી જેવો એક ઉચ્ચ પ્રદેશ તેને બરોબર વચ્ચેથી વિભાજિત કરે છે. તેની ઊંચાઇ પાંચથી કરીને નવ હજાર ફૂટ સુધી થવા જાય છે. બરફના જબરા પ્રવાહો હિમપહાડો સાથે ધસમસતા તેની આજુબાજુ વહે છે.

ભવિષ્યમાં ભૂસ્તરવિજ્ઞાનમાં એ ટાપુ અજબ ઉમેરો કરશે એમ મનાય છે.

પશુપક્ષીઓની આયુમર્યાદા

નામ	આયુષ્ય	નામ	આયુષ્ય
સસલું	૫ વર્ષ	ઘેટું	૧૨ વર્ષ
બિલાડી	૧૩	કૂતરો	૧૫
બકરી	૧૫	ગાય	૨૫
ડુક્કર	૨૫	ઘોડો	૨૭
ઊંટ	૪૦	સિંહ	૪૦
હાથી	૧૦૧	મગર	૩૦૦
કાચબો	૪૦૯	વ્હેલ	૫૦૦ થી ૧૦૦૦
કૂકડો	૧૪	ચકલી	૪૦
પોપટ	૬૦	હંસ	૧૦૦
કબૂતર	૨૦	મોર	૨૪
કાગડો	૧૦૬	ગરુડ	૧૦૦

આપણી પૃથ્વીના મહાખંડો

ખંડ	ક્ષેત્રફળ	વસતિ
એશિયા	૧,૭૦,૦૦,૦૦૦	૧,૦૪,૪૦,૦૦,૦૦૦
યુરોપ	૩૭,૫૦,૦૦૦	૫૫,૦૦,૦૦,૦૦૦
ઉ. અમેરિકા	૮૦,૦૦,૦૦૦	૭૭,૦૦,૦૦,૦૦૦
દ. અમેરિકા	૬૮,૦૦,૦૦૦	૭,૪૦,૦૦,૦૦૦
આફ્રિકા	૧,૧૫,૦૦,૦૦૦	૧૫,૦૦,૦૦,૦૦૦
ઓસેનિયા	૩૪,૫૦,૦૦૦	૯૦,૦૦,૦૦૦
ધ્રુવખંડો	૫૦,૦૦,૦૦૦	...
	૫,૫૫,૦૦,૦૦૦	૧,૯૯,૭૦,૦૦,૦૦૦

જુદીજુદી વયે માણસની નાડીના ધબકારા

વય	દર મિનિટે ધબકારા
જન્મ વખતે	૧૩૦ થી ૧૪૦
પહેલું વર્ષ	૧૧૫ ,, ૧૩૦
બીજું ,,	૧૦૦ ,, ૧૧૫
ત્રીજું ,,	૯૫ ,, ૧૦૫
૭ થી ૧૪ વર્ષ	૮૦ ,, ૯૦
૧૪ થી ૨૧ ,,	૭૫ ,, ૮૫
૨૧ થી ૬૦ ,,	૭૦ ,, ૭૫
૬૦ પછી	૭૫ ,, ૮૫

ભયંકર તોફાનમાં સપડાએલા એક વહાણમાંનાં કેટલાંક માણસો દરિયામાં ફેંકાઇ પડેલાં જોઇને વહાણ પરના એક હબસી ગુલામે તત્કાલ દરિયામાં કૂદી પડી જીવસટોસટની એવી તો ઝહેમતે પાંચ જણને બચાવ્યા કે કપ્તાને આ-ફરીન પોકારી તેને છઠ્ઠી વાર કૂદતો અટકાવી કહ્યું, 'બસ બસ; તારા પરાક્રમથી તને હું મુક્તિ બક્ષું છું.' 'પણ હજી એક છઠ્ઠો ત્યાં ગળચવાં ખાય છે તેને બચાવવાની પહેલી જરૂર છે. પહેલો એનો જીવ, પછી મારી મુક્તિ'. અને એટલું કહીને એ હબસી ફરી પેલાને બચાવવા દરિયામાં કૂદી પડ્યો.

ગણિતગમ્મત

અરધાના અરધાને અરધાએ ભાગતાં અરધો જ જવાબ આવે:

$$\frac{1}{2}\times\frac{1}{2}=\frac{1}{4}\div\frac{1}{2}=\frac{1}{4}\times\frac{2}{1}=\frac{1}{2}$$

અનેકાર્થી શબ્દ: **બેડિયું** = આંબેથી કેરીઓ અદ્ધર વેડવાની જાળીદાર ઝોળી; બત્રીસ મણનું માપ; બે બળદ ખેંચી શકે તેટલા ભારનું ગાડું; શેરડીના બીનો બે આંખોવાળો કટકો.

કહેવતોના અર્થ: 'પટેલની ઘોડી પાધર સુધી'—પટેલ ઘોડીએ ચડી નીકળે તો એ ગામના પાધર સુધીનાં માણસો તો ઝુકીઝુકીને સલામ ભરે, પણ એથી આગળ જતાં એમના પટેલાઇનો કોઈ ભાવ પણ ન પૂછે; એટલે, માણસનું જેટલામાં ચલણ હોય એટલામાં જ એનો ભાવ પૂછાય. એને મળતી કહેવતો, 'પાણીઆરાના મુનશી', 'મુલ્લાંની દોડ મસીદ સુધી', વગેરે.

પૂઠા પર સજ્જડ ચોંટેલો ફોટોગ્રાફ ઉખેડવા માટે તેના પર પલાળેલો બ્લૉટિંગ અરધો કલાક મૂકી રાખજો. ઢીલો થઇને ઉખડી આવશે.

પેટે ચાલનારાં બધાં પ્રાણીઓમાં નાગ સૌથી બુદ્ધિમાન છે.



'Home, Sweet Home'

એ અંગ્રેજી કાવ્યના લેખક આ જૉન હાવર્ડ પેઇનને પોતાને જ ઘર નહતું. અવલ નંબરનો એ રખડુ હતો ને એ કાવ્ય પણ પારીસમાં કોડી વિના ભટકતાં એણે લખેલું. એ સ્થિતિમાં જ તે ટ્યુનિસ મુકામે અવસાન પામેલો.

આજ સુધીના અમેરિકાના પ્રમુખોની વંશાવળી નીચે મુજબ છે: ૩ ડચ, ૧૮ ઇંગ્લિશ, ૧ વેલ્શ, ૨ સ્કૉચ, ૬ સ્કૉચ–આયરિશ ને ૧ સ્વિસ.

યહૂદીઓના પેગંબર મૂસાની જીભ ખૂબ તોતડાતી હતી. એવી જ રીતે નીતિકથાઓનો લેખક ઇસપ ને ઈટલીનો મહાકવિ વર્જિલ પણ બોલતાં તોતડાતા હતા.

'કાલે મારી પર થઇ ટ્રેન ચાલી ગઇ.'
'અને તને કંઇ પણ ન થયું?'
'ના, કારણ હું પૂલની નીચે હતો.'

આપણા વિનીત નેતા ને જાણીતા પત્રકાર શ્રી સી વાય. ચિંતામણીએ મૅટ્રિક પણ પસાર નથી કરી !



આ જાતનાં વાંદરાં આબાદ વાઘની ગર્જના જેવો અવાજ કાઢી જાણે છે.

આપણે પોતે

આપણે ઊભા કે બેઠા હોઇએ તેના કરતાં સૂતા હોઈએ ત્યારે લોહી વધારે ઝડપથી ફરે છે.

આપણે ત્રણ મહિને આપણા વજન જેટલો ખોરાક ખાઇએ છીએ.

આપણા શરીરમાંથી ગરમીનો પ્રવાહ હમેશાં એટલો વહ્યા કરે છે કે કોઇની ચામડી બહુ તીવ્ર સ્પર્શગ્રાહી હોય તો તદ્દન અંધારા ખંડમાં પણ વધેલા ઉષ્ણતામાનથી બીજા માણસની હાજરી પામી શકાય.

આપણો દેશ

આખી દુનિયામાં અશિક્ષિતોનો ત્રીજો ભાગ આપણા દેશમાં છે.

આપણા દેશની વસતિના માત્ર ૧૧ ટકા જ શહેરોમાં વસે છે.


આપણા સાડા બાત્રીસ લાખ દેશીઓ પરદેશોમાં વસે છે.

આપણી પૃથ્વી

આપણી પૃથ્વી પરના હવાનું વજન દર સો ઘનફૂટે એક રતલ થાય છે.

આકાશમાથી દર પળે આપણી પૃથ્વી પર ખરતા તારાઓ પડતા જ રહે છે ને એથી એનું વજન વધતું જ જાય છે. આપણા વાતાવરણમાં પ્રવેશતાં સુધીમાં તો એ તારા ઝીણા રજકણો અથવા વરાળમાં પલટાઇ જાય છે.

દર સૂર્યગ્રહણ વખતે આપણી પૃથ્વી ઉપરની ગરમી (ઉષ્ણતામાન) પાંચ અંશ ઘટી જાય છે.



બધુ ઊલટું : આ અમેરિકન છોકરો નીચેથી ઊપર, અવળું, ઊંધા અક્ષરોમાં ને ડાબે હાથે લખી શકે છે.